ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૧ અંક: ૪ એપ્રિલ ૨૦૧૯ સળંગ અંક : ૫૭૦

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in

# વિદ્યાનગર સ્થાપના દિનની ઉજવણી











ચારુતર વિદ્યામંડળ દ્વારા ૩ માર્ચ ૨૦૧૯ના રોજ વલ્લભ વિદ્યાનગરના ૭૪મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે યોજાયેલકાર્યક્રમમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં મુખ્ય મહેમાન ડૉ. અમ્રિતાબેન પટેલ તથા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ દશ્યમાન થાય છે. આ પ્રસંગે મંચસ્થ ચારુતર વિદ્યામંડળના પ્રમુખ, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ તથા એલીકોનના સીએમડી શ્રી પ્રાયસ્વીન પટેલ, સીવીએમના માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, કુલપતિશ્રી, ડૉ. ભાવેશભાઈ પટેલ, સીવીએમના ટ્રસ્ટીશ્રી હેમંતભાઈ પટેલ તથા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સોનલબેન પટેલ દશ્યમાન થાય છે. અન્ય તસ્વીરોમાં આદ્યસ્થાપકોને પુષ્પાંજલી અર્પતા તથા દીપપ્રાગટ્ય કરતાં મહાનુભાવો દશ્યમાન થાય છે.

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

**એપ્રિલ - ૨૦૧૯**

વર્ષ: ૨૧ અંક: ૪

સળંગ અંક: ૫૭૦

**ISSN 0976-9609-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ: ૧૯૪૫**

कर्मण्येवाधिकारस्ते



**અધ્યક્ષ**

શ્રી ભીખુભાઇ બી. પટેલ

**માનદ મંત્રી**

ડૉ.એસ.જી. પટેલ

**કુલપતિ**

ડૉ. ભાવેશ પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ

શ્રી આર.સી. તલાટી• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ





**તંત્રી**

**ઉર્વીશ છાયા**

**પરામર્શન**

**નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા**

**જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ**

**આર.પી. પટેલ**

**સંપાદન-સહાય**

**અનિતા એ. સાળુંકે, વિજય સુથાર**

**પ્રકાશક**

**ડૉ.એસ.જી. પટેલ**

**માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ**

**વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦**

•

**મુદ્રક**

**આણંદ પ્રેસ, ગામડી- આણંદ**


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

**પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.**


**• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ ‘વલ્લભ વિદ્યાનગર’ પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે ‘વિદ્યાનગર’ નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે ‘વિ-વિદ્યાનગર’ એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**‘વિ-વિદ્યાનગર’ www.vvidyanagar.co.in પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**विद्यार्थी सेवकः पान्थः क्षुधाऽऽर्तो भयकातरः।**
**भाण्डारी प्रतिहारी च सप्त सुप्तान् प्रजोधयेत् ॥**

વિદ્યાર્થી, સેવક, મુસાફર, ભૂખ્યો મનુષ્ય, ભયભીત થયેલ, ભંડારનો રક્ષક, દ્વારપાળ-આ સાત વ્યક્તિઓ સૂતી હોય તો તેઓને જગાડી દેવી.

**ચાણક્યનીતિઃ ૯ : ૬**

**આ માસની વિચારકણિકા**

સાંચ બરાબર તપ નહી, જૂઠ બરાબર પાપ,
જા કૈ હિરદૈ સાંચ હૈ, તા કૈ હિરદૈ આપ.

- સંતવાણી
(અમીઝરણામાંથી સાભાર)


॥ કુલપતિની કલમે ॥
Education in India during British Period
• Dr. Bhavesh Patel 3
॥ પ્રાથમ્ય ॥ જીવનનો હેતુ
• એસ.જી. પટેલ 5
॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
મીરાંબાઈ 7
॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
ગાંધી અને આપણે 8
॥ નવાં કાવ્યો ॥ વિરેન પંડ્યા, પીયૂષ ચાવડા, હરેશ કાનાણી, ધ્રુવિન પટેલ 10
॥ ચિંતન ॥ ભારતીય સમસ્યાઓ
• નરેશ વેદ 12
॥ સંશોધન લેખ ॥ આણંદ-વિદ્યાનગરમાં વસતાં...
• ભગીરથ બ્રહ્મભટ્ટ 15
॥ અભ્યાસ ॥ મુંડકોપનિષદ
• ઘનશ્યામસિંહ ગઢવી 17
॥ સ્મરણલેખ ॥ સાચો સંબંધ બતલાવ્યો તે....
• અશોકપુરી ગોસ્વામી 22
॥ પ્રેરક પ્રસંગો ॥ માનવતાની મહેક
• શીલા વ્યાસ 24
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ Tools for sustainable...
• Yachana Jha 24
॥ રમત-જગત ॥ યોગાસનોઃ પરિચય, મહત્ત્વ....
• પી.ડી. શર્મા 29
॥ વિદ્યાવૃત્ત ॥ 21, 24, 28, 31

# Education in India during British Period - III

Dr. Bhavesh Patel

This is the third article covering education in India during the British Raj. The plan crafted by Macaulay did work and achieved some results desired by the British Raj. However, it was not without defects. It was felt that the Filtration Theory had failed.

In 1853, Special British Parliamentary Committee thoroughly reviewed the Charter Act, which ensued in the issuance of “Woods Educational Dispatch” in 1854. In 1858, the Company ceased to be the political power and the Government of India came directly under the Crown. As a result, the implementation of Dispatch proposal came under the Government of India with its capital Calcutta at that time. The Government of India established the Education Department, institutionalized system of grant-in-aid, established Universities at Calcutta, Madras and Bombay, extended collegiate and secondary education, and westernized the educational contents. The period from Dispatch (1854) to the appointment of Indian Universities Commission (1902) is known as the Victorian era in the history of the Indian education system. During this Victorian era, the Secretary of State of India issued an order imposing the responsibility for primary education on the Government of India, which resulted in a levy of tax on provinces in 1864 for meeting the additional tax.

The Indian Education Commission appointed in 1882, after initially failing to give any concrete suggestions, worked further and gave major recommendations, which include,

- Direct efforts for supporting indigenous schools because education of masses is critical, and it is the duty of Government.
- Give freedom to Management Committees (municipalities or local bodies or even missionaries) for choosing the medium of instruction depending upon the local needs.
- Set up primary schools with the support of local people.
- Set up secondary schools on grant-in-aid basis for giving instructions in English. Gradually transfer these schools to local management committees but oversee the quality of education.
- Bifurcate the secondary education, one leading to the job market and other leading to entrance examination for higher education.
- Encourage higher education Institutions on grant-in-aid model with freedom and regulation.

Thus, the Government as a funding agency and private management as operating agency model remained the theme of the recommendation of this Commission. The Victorian Government accepted almost all of these suggestions. Consequently, the expanse of primary education happened in India, and

vocational and technical education started at high school level.

**Lord Curzon's Education Policy, 1904**

In 1901 Lord Curzon, then Viceroy of India convened a conference on higher education subject, which identified 150 areas of education for further review and study. In January 1902, he appointed the Indian Universities Commission headed by Sir Thomas Raleigh. The Commission reviewed the progress of education during the period from 1882-83 to 1901-02. The Commission found the defects as below:

- People pursue higher education exclusively for entering government jobs.
- Examinations dominated over teaching.
- Memory training was central.
- Emphasis was on the literary aspect only; vernaculars and technical education were neglected.
- Government funds were inadequate.

Some most important suggestions were, (a) expand education at higher level and allocate more Government funds for it, (b) strengthen secondary education with some condition for recognition, funding and affiliation with Universities, (c) Introduce diversified courses to meet the demands of industrial development, and (d) restructure University's academic and administrative set up. It also recommended that English as medium of instruction cannot start before the age of 13, and until then thorough grounding in vernacular language is essential. The Government enacted the Universities Act, 1904 incorporating most of the suggestions of the Commission. People know this as Lord Curzon Educational Policy.

Bhavesh Patel, Ph. D.
Kulpati
Charutar Vidya Mandal

-------------

This article is an extract and compilation of the following sources:

Chapter III Education Policies in India Under the British Rule. Website: http://shodhganga.inflibnet.ac.in/bitstream/10603/102629/11/11_chapter%203.pdf accessed on 1st February 2019.

Jayapalan, N (2005), History of Education In India, Atlantic Publishers & Distributors, ISBN 8171569226

Krishnaswamy, N; Krishnaswamy, L (2006), The Story of English in India, Foundation Books, ISBN 8175963123.

***I acknowledge the active support given to me by Dr. Poonam Amrutia, Executive Assistant to me in summarising selected literature on the topic.***

## જીવનનો હેતુ

એસ.જી. પટેલ

જો તમો હેતુપૂર્વકનું જીવન જીવતા નથી તો એ માત્ર એક આકસ્મિક જીવન છે. શા માટે આપણે કેટલાક દિવસો મોટરના પૈડા જેવા અનુભવીએ છીએ? કારણ કે તમે જીવના આગમનથી નિર્ગમન વચ્ચેના સમયગાળા (જીવન) માટેનો હેતુ શોધી શક્યા નથી. જીવનનો સૌથી સારો ઉદ્દેશ બીજાઓને કંઈક આપવું અથવા કોઈપણ જાતની વળતરની અપેક્ષા સિવાય સેવા કરતા રહેવું તે છે. તેથી જ જ્યારે કંઈક આશા રાખીને કર્મ કરીએ છીએ ત્યારે કર્મના અંતે સંતોષની અનુભૂતિ થતી નથી. તમારા જીવનનો કંઈક હેતુ તો હોય જ છે, તેથી દિવસ દરમિયાન બનતી ઘટનાઓમાં તમારા હેતુઓ સિદ્ધ કરવાની તકોનું નિર્માણ થયા કરતું હોય છે. આ બાબતને સમજવા માટે શાંત મનથી ઊંડાણપૂર્વક ચિંતન-મનન કરવું જરૂરી છે. તેમાં ધૈર્ય જાળવશો તો તમને તમારા જ આંતર મનનો અવાજ સંભળાશે. તેમાંથી નિપજતા સંકલ્પોમાં તમારું અસ્તિત્વ શા માટે છે? તમારે કોને અને કેવી રીતે મદદગાર થવાનું છે? એના જવાબોની શ્રેણી સમજવા મળશે. એ ઉદ્ભવેલા આદર્શ આદેશો પ્રમાણે આગળ વધતાં તમારા જીવનની ગાડી પાટા પર આવશે અને તમો હેતુપૂર્વકનું જીવન માણતા થશો.

એટલા માટે જ મધર ટેરેસાએ કહેલું કે “જીવનના અંતે આપણે કેટલું શિક્ષણ (ડિગ્રી -ડિપ્લોમા) લીધું કે કેટલા રૂપિયા ભેગા કર્યા એવું પૂછીને કોઈ મૂલ્યાંકન કરનાર નથી. પણ કેટલા ભૂખ્યા લોકોને અન્ન આપી શકયા? કેટલા નિર્વસ્ત્ર લોકોનાં શરીર ઢાંકી શક્યા? કેટલા ઘર વિહોણાને આશરો આપી શક્યા? જેવા મહત્ત્વના સવાલો આપના કર્મોના હિસાબે જમા ઉધાર જરૂર થશે જ.”

મેડીટેશનનો સામાન્ય અર્થ વિચારોનું વ્યવસ્થાપન થાય છે. તેમાં આપણે શું અને ક્યારે ઈચ્છીએ છીએ તે અંગેની વિચાર કરવાની ક્ષમતા વધારવાનો ઉપાય સમાયેલો છે. આ પ્રક્રિયા દરમિયાન હાનીકર્તા વિચારોને રોકવા અને ઉપયોગી વિચારોની વૃદ્ધિ કરવાની હોય છે. જ્યારે આપણે ઈચ્છિત વિચારો માટે એકાગ્રતા કેળવી શકીએ અને આપણી આસપાસ ઉપયોગી શક્તિઓનું તેજાવરણ ઊભું કરીએ ત્યારે વ્યક્તિગત ગુણદોષોથી અલિપ્ત થઈ પરમાત્માના સદ્ગુણો સાથે જોડાણ થતાં પરમાત્માની શક્તિઓનો પ્રવાહ આપણામાં પ્રવેશતો હોય છે. આ પ્રવાહ જેટલો વધારે શક્તિશાળી અને લાંબો સમય ચાલુ રહે ત્યારે તેનો ફાયદો આપણે અનુભવીએ છીએ. આવી દિવ્યતાની સૃષ્ટિમાં સતત વિહરતા રહેવાથી જીવનના હેતુઓ સિદ્ધ કરવામાં સફળતા મળી રહે છે.

કેટલીકવાર લોકો તેમની પોતાની વિશેષતાઓનો ઉપયોગ કરી શકતા નથી. પણ જો આપણે કોઈકની વિશેષતા જોઈ શકીએ તો આપણે એમનામાં હિંમત અને ઉત્સાહ ભરવામાં સહાયભૂત બની શકીએ. આવું બને તો જે તે વ્યક્તિનો વિકાસ કરવામાં આપણે શક્તિ ભરી શકીએ છીએ. જ્યારે આપણે બીજી વ્યક્તિની પોઝીટીવ વાત જાણવામાં રસ લઈશું તો આપણું મન મોટાભાગની નેગેટીવ બાબતોથી મુક્ત રહેશે. આપણી વિચાર કરવાની તાકાત આપણો આંતરિક વિકાસ કરવામાં વાપરતાં બીજાઓનો વિકાસ કરવામાં કે કરવા માટે નિમિત્ત બની શકીશું. પરિણામે આપણે આશીર્વાદ અને શુભેચ્છાઓના આપોઆપ અધિકારી બની જઈએ છીએ.

આ બાબતને આપણે એકાદ પ્રસંગ દ્વારા સમજીએ. એક દિવસ કોઈ એક કર્મચારી મારી ઓફિસમાં આવી વાત કરે છે. સાહેબ, અમારી કૉલેજમાં એક નવા ભાઈની નિમણૂંક કરવામાં આવી છે. તે છેલ્લા છ માસથી અમારી કૉલેજમાં કારકુન તરીકે સેવા બજાવે છે, પણ અમારા ધ્યાનમાં આવ્યું છે કે તેને દારૂ પીવાની લત છે. વળી, તે દારૂ પીને કૉલેજમાં આવે છે, એ વાતની ખબર અમને તેની સાથે વાત કરતાં તેના મોંમાથી આવતી ગંધ પરથી પડી છે. મેં કહ્યું, એને મારી પાસે મોકલો. પેલા કર્મચારીએ કહ્યું, સાહેબ, એ રજા પર છે. ભલે! રજા પુરી થતાં પરત આવે ત્યારે એને હાજર કરતાં પહેલાં મારી પાસે લઈ આવજો. આ સૂચના પ્રમાણે પેલો કારકુન રજા પૂરી કરીને પરત કૉલેજમાં આવતાં તેને મારી પાસે મોકલવામાં આવ્યો. તે મારી પાસે આવ્યો એટલે મેં તેના ખબર અંતર પૂછ્યા. તેણે તેની બીમારી અંગે વાત કરી. મેં કહ્યું, તું બીમારીથી રીબાતો હતો તો દવા કરાવી હશે ને? હા, સાહેબ.. કરમસદના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી દવા લીધી હતી. તો તારી પાસે માંદગીનું પ્રમાણપત્ર છે? હા સાહેબ! મેં કહ્યું, જા પ્રમાણપત્ર લઈ આવ. સાહેબ, મારી પાસે છે જ, મને બતાવ્યું. તરત જ શંકા ગઈ કે કદાચ બનાવટી સર્ટિફિકેટ હોઈ શકે. બીમારી ભોગવ્યા સિવાય પણ કેટલાક દાકતરો નાણાંના વ્યવહારથી સર્ટિફિકેટ લખી આપતા હોય છે. આ બાબતની ચકાસણી કરવા મેં એના દવાખાનાના કેસ પેપરની નકલ લાવવા જણાવ્યું. એ પણ તે લઈ આવ્યો. વિગતો ચકાસતાં ખબર પડી કે તે જે બીમારીની વાત કહેતો હતો તે સાચી છે.

મેં તેને કૉલેજમાં હાજર થવાની પરવાનગી આપી. મેં તેને તેની દારૂની લત વિશે વાત જ ન કરી. થોડો

સમય જવા દીધો. વળી તે અઠવાડિયા પછી મારી પાસે કોલેજના કામ અર્થે આવીને ઊભો રહ્યો. હવે તે મારાથી અને હું એનાથી પરિચિત થયો. એકબીજા સાથે હળવાશની પળોમાં વાત કરી શકાય એવું વાતાવરણ સર્જાયું. મેં તેને વિશ્વાસમાં લઇ વાત શરૂ કરી. ભાઇ, તું કામ તો સારું કરે છે! અહીયા જોડાતાં પહેલાં ક્યાં નોકરી કરતો હતો? તેણે જણાવ્યું કે ''કરમસદ નગરપાલિકા''માં પણ ત્યાં પગાર થોડો મળતો હતો, તેથી એ છોડી અહિંયા આવ્યો છું. પછી, મેં એને પૂછ્યું, તારી કામ કરવાની આવડત ઉપરાંત બીજી કઇ શક્તિઓ (તાકાત) છે? એ વિચારમાં પડી ગયો. સામાન્ય રીતે લોકો બીજી વ્યક્તિને વધારે સારી રીતે ઓળખે છે પણ પોતાની જાતને ઓળખતા નથી. એમ એ મુંઝાયો, મેં એને એકાદ બે ઉદાહરણ આપી એની જાતને ઓળખવા પ્રોત્સાહિત કર્યો. પછી એ બોલ્યો, હું મારું કામ ખૂબ જ ચોકસાઇપૂર્વક સમયસર કરી શકું છુ. હું હંમેશાં ખુશ રહી શકું છું. હું મારી જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવું છું... મેં કહ્યું બહુ સરસ! હવે, મને કહે કે તારી નબળાઇઓ કઇ છે? ફરી પાછો એ વિચારમાં પડી ગયો, હવે શું જવાબ આપવો! વળી, મેં તેનું મનોબળ મજબૂત કરવા થોડીક પૂરક વાતો કરી, ઉદાહરણ આપી તેનું મોં ખોલાવવા હિંમત આપી. એ બોલતો થયો! સાહેબ, આ મારું શરીર નબળું છે, બીમાર થઇ જઉં છું, શરીર સાથ આપતું નથી. મેં પૂછ્યું બીજું કંઇ? તે અટકી પડ્યો. મેં એને બોલવા પ્રોત્સાહિત કર્યો એ બોલ્યો. સાહેબ, સિગરેટ પીવાની ટેવ છે! હું પોતે વિચારમાં પડી ગયો કે આ ભાઇ તેની નબળાઇને મારી સમક્ષ ખુલ્લી પાડી શક્યો! મને થયું કે હવે થોડો આગળ વધું. ફરી મેં એને બીજી કઇ નબળાઇ છે તે વિષે પૂછ્યું. હવે તેને મારામાં હું સહાયક વ્યક્તિ છું એવું લાગતાં અને સદ્ભાવનાની પળોમાં એ બોલ્યો. સાહેબ, મને દારૂ પીવાની પણ ટેવ છે! મને તો એના વિશેની ફરિયાદ પરથી ખબર હતી જ. મારે એને એવું નો'તું કહેવું કે તું દારૂ પીને ઓફિસમાં કેમ આવે છે? એણે એની જાતે જ પોતાની જાતને ખુલ્લી કરી. પછી, મેં એને કહ્યું આ તારા શરીરની નબળાઇ જ તારી કુટેવોને આભારી છે. હવે શું કરીશ? સાહેબ, હવે હું ટેવોમાંથી મુક્ત થવા માગું છું. કેવી રીતે થવાશે? મેં એને હૈયાધારણ આપી. તું ઇચ્છે તો તારાથી સિગરેટ-દારૂ બન્ને છૂટી શકશે. તારે મને નિયમિત સાચો રીપોર્ટ આપતા રહેવાનું.

હવે એ જ્યારે મારી પાસે આવે ત્યારે હું સહજ ભાવે પૂછું છું તેની ટેવોમાંથી મુક્ત થવાની પ્રગતિ બાબતે. તે મને હંમેશાં જે કંઇ બન્યું હોય તે પ્રામાણિકપણે સાચું કહે છે. તેનાથી દારૂ છૂટી ગયો છે. સિગારેટ છૂટવાની ઘડીઓ ગણાય છે.

બીજી એક ઘટના. એક શાળામાં મસ્તીખોર વિદ્યાર્થી. તેને તેના વિષય શિક્ષકો સાથે થોડી ગમ્મત અને ટીખળ કરવાની ટેવ. એક દિવસે તેના સમાજવિદ્યાના શિક્ષક વર્ગમાં આવ્યા, સાથે મળી આવેલી નાનકડી સોટી હતી. વિદ્યાર્થીએ એના સ્વભાવ પ્રમાણે ટીખળ કરી. શિક્ષકને ન ગમ્યું તેમને ગુસ્સો આવી ગયો. મન પરનો કાબૂ ગુમાવ્યો. આવેશમાં આવી પેલી સોટી વડે વિદ્યાર્થીને શિક્ષા કરી બેઠા. પછી ઓફસોસ થયો, પણ ભૂલ કરી બેઠા એનું શું? વિદ્યાર્થી શાળાનો સમય પૂરો થતાં ઘરે જાય છે. હાથ પર સોજો આવી ગયો હતો. વિદ્યાર્થીએ મા-બાપને એ ઘટના વિશે વાાત કરી. પિતાના મનમાં એ શાળા વિશે સારી છાપ બંધાયેલ હતી. ઘટના ગંભીર હોવા છતાં સંયમપૂર્વક આચાર્યશ્રીને મળી વાત સુલઝાવી. શિક્ષકે પણ આદરપૂર્વક વિદ્યાર્થીના વાલીને ઘેર જઇ પોતાની ભૂલ કબૂલ કરી દિલગીરી વ્યક્ત કરી. છતાં કેટલાંક વિઘ્નસંતોષી તત્ત્વોએ વાલીને ભંભેરણી કરી અને આચાર્યશ્રીને લેખિત ફરિયાદ આપી. આચાર્યશ્રીએ સંચાલક મંડળને વિગતવાર જાણ કરી. આચાર્યશ્રીએ શિક્ષકને ઘટનાના અનુસંધાનમાં કારણદર્શક નોટીસ આપી. શિક્ષકે તે નોટીસનો અસ્વીકાર કર્યો. ફરીથી આચાર્યશ્રીએ મંડળને વિગતોથી વાકેફ કર્યા. મંડળના જવાબદાર અધિકારીએ કુનેહપૂર્વક શિક્ષક સાથે વાત કરીને નોટીસ સ્વીકારવા ભલામણ કરી. પેલા ગભરાઇ ગયેલા શિક્ષકે મંડળમાં આવી પોતાની વિતક કથની જણાવી. મંડળમાંથી પેલા શિક્ષકને શિખામણ આપવામાં આવી કે તમને જે નોટીસ મળે છે તે બાબતે તમારી જે સાચી લાગણી હોય તે દર્શાવતો અને ભૂલ સ્વીકાર સાથે દિલગીરી વ્યક્ત કરતો જવાબ આપો. શિક્ષકને પણ મંડળની વાતમાં વિશ્વાસ બેસતાં સલાહ મુજબ પોતાની ભાવના વ્યક્ત થતી હોય એવો જવાબ લખી આચાર્યશ્રીને આપ્યો. આચાર્યશ્રીએ શિક્ષક સાથે સદ્ભાવનાના પ્રતીક સમી એમના ઘરે રૂબરૂ જઇ આશ્વસ્ત આપી. આ રીતે વિકટ ઘટના ઘટ્યા પછી પણ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ઊભા થયેલા સંવેદનાના સેતુ થકી મંડળે પણ તે શિક્ષક સામે શિક્ષાત્મક પગલાં ભરવાનું માંડી વાળ્યું. આ છે જીવનનો હેતુ. ઘટનાઓ બનતી રહેશે, પણ પ્રતિક્રિયાત્મક થવાને બદલે પ્રતિભાવાત્મક બની અન્યને કંઇક આપતા રહીએ તો જીવન સાર્થક બને.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

## નહીં રે વિસારૂં હરિ, અંતરમાંથી...

નહીં રે વિસારૂં હરિ,
અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ...
જળ જમુનાનાં પાણી રે જાતાં, શિર પર મટકી ધરી,
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમૂલખ વસ્તુ જડી...
- અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ...૦
આવતાં ને જાતાં વૃંદાવનમાં, ચરણ તમારે પડી,
પીળાં પીતાંબર જરકશી જામા, કેસર આડ કરી...
- અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ...૦
મોર મુગટ ને કાને રે કુંડળ, મુખ પર મોરલી ધરી,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, વિઠ્ઠલવરને વરી...
- અંતરમાંથી નહીં રે વિસારૂં હરિ...૦

## રાધે! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...

રાધે! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...
મોર હી બોલે, બપૈયા હી બોલે, કોયલ કરત કલશોર...
- રાધે! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...૦
કાલી બદરિયામાં બીજલી હી ચમકે, મેઘ હુવા ઘનઘોર...
- રાધે! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર...૦
ઝરમર ઝરમર મેહુલો વરસે, ભીંજે મારા સાળુડાની કોર...
- રાધે! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર....૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, પ્રભુ મેર ચિતડાંનો ચોર...
- રાધે! તારા ડુંગરીયામાં બોલે ઝીણા મોર....૦

## કાનુડો શું જાણે મારી પીડ ? બાયું ! અમે બાળ કુંવારા રે...

કાનુડો શું જાણે મારી પીડ? બાયું! અમે બાળ કુંવારા રે...
કાનુડો શું જાણે મારી પીડ?...
જળ રે જમુનાના અમે, પાણીડાં રે ગ્યાતાં બેની!
કાનુડે ઉડાડ્યાં આછા નીર, ઉડ્યાં ફરરરર રે...
કાનુડો શું જાણે મારી પીડ?...
વૃંદા રે વનમાં વા'લે રાસ રચ્યો રે બાયું!
સોળસો ગોપીના તાણ્યાં ચીર, ફાડ્યાં ચરરરર રે...
કાનુડો શું જાણે મારી પીડ?...
હું રે વેરાગણ કાના! તમારા રે નામની રે,
તાણીને માર્યા છે અમને તીર, વાગ્યા અરરરર રે...
કાનુડો શું જાણે મારી પીડ?...
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વા'લા!
વાલીડે બાળીને કીધાં ખાક, ઉડી ખરરરર રે....
કાનુડો શું જાણે મારી પીડ?...

## જાગો ને અલબેલા કાના! મોટા મુગટધારી રે...

જાગો ને અલબેલા કાના! મોટા મુગટધારી રે,
સહુ દુનિયા તો સુતી જાગી પ્રભુ! તમારી નિંદ્રા છે બહુ ભારી રે...
- જાગોને અલબેલા કાના!....૦
ગોકુળ ગામની ગાયો છુટી, વણજ કરે વેપારી રે,
દાતણ કરો તમે આદિ દેવા! મુખ ધુઓને મોરારી રે...
- જાગો ને અલબેલા કાના!....૦
ભાતભાતનાં ભોજન નિપાયાં, ભરી સુવર્ણથાળી રે,
લવંગ સોપારી ને એલચી પ્રભુ! પાનની બીડી વાળી રે...
- જાગો ને અલબેલા કાના! ....૦
પ્રીત કરી ખાઓ પુરૂષોત્તમ, ખવડાવે વ્રજની નારી રે,
કંસની તમે વંશ કાઢી, માસી પુતના મારી રે...
- જાગો ને અલબેલા કાના!....૦
પાતાળે જઈ કાળીનાગ નાથ્યો, અવળી કરી અસવારી રે,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હું છું દાસી તમારી રે....
- જાગો ને અલબેલા કાના!...૦
- મીરાંબાઈ (ચારેય પદો)

### અભિનંદન.... શુભેચ્છાઓ...

અનુઆધુનિક યુગના અગ્રણી કવિ હરીશ મીનાશ્રુને ચાલુ વર્ષે રૂપિયા એકલાખ રોકડ પુરસ્કાર સાથે કાવ્યમુદ્રા એવોર્ડ તેમના સમગ્ર સર્જનકર્મના ઉપલક્ષ્યમાં અર્પણ કરાયો છે.

આ ઉપરાંત, જાણીતા સર્જક ડૉ. મણિલાલ હ. પટેલ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ૨૦૧૯ના સાહિત્ય ગૌરવ પુરસ્કારથી તાજેતરમાં સન્માનિત થયા છે.

વલ્લભ વિદ્યાનગરની વિદ્યાકીય-સાહિત્યકીય આબોહવા સાથે નિસબત ધરાવતા આ બંને સર્જકો સાહિત્ય પુરસ્કારથી પોંખાયા છે, એ માટે 'વિ-વિદ્યાનગર' પરિવાર તેમને અભિનંદનસહ શુભેચ્છાઓ પાઠવી આનંદગૌરવની લાગણી વ્યક્ત કરે છે.

## ગાંધી અને આપણે

(પ્રો. જે. ડી. સેઠી — ગઈ પેઢીના જાણીતા અર્થશાસ્ત્રી અને ગાંધીવિચારના પ્રખર વિદ્વાન - દ્વારા ઓલ ઈન્ડિયા રેડિયો પર ૧૯૭૯માં અપાયેલા પટેલ મેમોરિયલ લેકચરના કેટલાક અંશો.)

એમના મૃત્યુનાં ત્રીસ વર્ષ પછી અને 'હિન્દ સ્વરાજ' લખ્યાનાં લગભગ સાઠ વર્ષ પછી, ગાંધી અચાનક માનવીય મૂલ્યોની વૈશ્વિક કટોકટી તથા વૈભવ અને ગરીબાઈ, સામાજિક સંબંધો અને અલગાવપણું જેવા કેટલાંય વણઉકલ્યા વિરોધાભાસોના શક્ય ઉકેલ તરીકે ફરીથી ઉભરી રહ્યા છે.

ઈતિહાસની આ એક મોટી વિડંબના છે કે જ્યારે બાકીની દુનિયા ગાંધીની વિચારધારા અને મૂલ્યોને ગંભીરપણે તપાસી રહી છે, ત્યારે આપણે ભારતમાં હજી એક બાજુ એમનાં ગુણગાન ગાવામાં અને બીજી બાજુ એમના વિચારોની તોડ-મરોડની સ્વપીડક કસરતોમાં રચ્યાપચ્યા રહીએ છીએ. પણ કોઈ પણ પયગંબરના શિરે પોતાના જ અનુયાયીઓ દ્વારા પોતાનું ભળતું જ અર્થઘટન થવાનું જોખમ હોય જ છે. અને ગાંધી સાથે આ જ થયું છે. ઘણા લાંબા વખતથી ગાંધી આપણા માટે એક અસ્પૃશ્ય ભગવાન તરીકે સ્થપાયેલા છે. પરંતુ, કોઈ પણ દેશ પોતાના વીરનાયકોને બદલાયેલી પરિસ્થિતિઓ અને નવા પ્રશ્નોના પરિપ્રેક્ષ્યમાં ફરીથી તપાસે એથી દરિદ્ર થઈ જતો નથી. સમય આવી ગયો છે કે આપણે પણ આપણા નેતાઓ તરફની આપણી અર્થહીન ભાવનાભક્તિનો ત્યાગ કરીએ. હું તો એમ પણ સૂચવીશ કે આપણે ગાંધી તરફ એક ટીકાત્મક કે કદાચ થોડું બીનપૂજનીય વલણ દાખવવું જોઈએ. એમની રહસ્યમયતાને ભેદીને એમને સ્પષ્ટ રીતે સમજવા માટે આ જરૂરી છે. આપણા તારણહાર તરીકે એમને પૂરું સન્માન આપવાની સાથે સાથે આપણે હવે એમના વિચારોનું કઠોર, નિષ્પક્ષ અને તાર્કિક વિશ્લેષણ કરવાનું શરૂ કરવું જોઈએ. ગાંધીએ પણ કદાચ આપણે આમ કરીએ એવું ઈચ્છ્યું હોત. ગાંધીને વખાણની જરૂર નથી. એમને દંતકથારૂપ બનવામાંથી બચાવવાના છે. આ સહેલું કામ નથી.

ગાંધી જીવનને સર્વાંગીપણે જોતા અને વિવિધ શાખાઓના અભ્યાસમાંથી તારવેલાં દૃષ્ટિબિંદુઓને એક જ એકીકૃત કાર્યશૈલીમાં વણતા, જોતરતા. નજીકના સમયમાં, કદાચ કાર્લ માર્ક્સના અપવાદ સિવાય કોઈએ પણ આવું ભગીરથ કાર્ય ઉપાડ્યું નથી. ગાંધીને આંશિક અને વિકૃત દૃષ્ટિથી જોતા વિશેષજ્ઞોને ગાંધીના સર્વાંગી દર્શને હંમેશાં મૂંઝવ્યા છે. એમને અરાજકતા વાદી ફિલસૂફ, પુરાણી કૃષિ સંસ્કૃતિમાં માનનાર અને ન્યૂનતમ જીવનધોરણના પ્રચારક, ટેક્નોલોજી વિરોધી અને ધાર્મિક નેતા વગેરે પણ કહેવામાં આવ્યા છે. આમાંનો કોઈ અભિપ્રાય ગાંધીને ન્યાય કરતો નથી, કારણ કે કોઈ ખાનાંબધ્ધ સિદ્ધાંતીકરણ ગાંધીને યોગ્ય રીતે વર્ણવી શકે તેમ નથી. ગાંધીના ગંભીર વિશ્લેષકને મૂંઝવતી મહત્તમ મુશ્કેલી એ છે કે એમના વિષે કરવામાં આવેલું લગભગ દરેક વિધાન એ અર્ધસત્ય હોય છે અને અર્ધસત્યની મુશ્કેલી બાકીનું અર્ધસત્ય હોય છે. એક વધારાની મુશ્કેલી એ પણ છે કે ગાંધીના પોતાનાં વિધાનો પણ આંશિક સત્યો હોય છે અને એક વધુ મોટા સત્ય તરફ નવું ડગલું ભરવાના ઈરાદાથી કરાયેલા હોય છે. અર્ધસત્યો ગાંધીવિચારને વિકૃત કરે છે અને આંશિક સત્યો એમને સમજવા માટેનો એક પ્રબળ બૌદ્ધિક પુરુષાર્થ માગી લે છે.

ગાંધીના અભિગમનું સૌથી બળુકું તત્ત્વ સિદ્ધાંત અને કર્મ વચ્ચેની એકતા હતું. એટલે જ, સિદ્ધાંતમાં એમ માનવામાં આવ્યું હોય કે માનસિક અને શારીરિક શ્રમ વચ્ચેનો તફાવત દૂર કરવો જોઈએ કે, કંઈ નહીં તો, ઓછો કરવો જોઈએ, તો ગાંધી ચરખો ચલાવે છે. જો સત્ય અને અહિંસા મૂળભૂત સિદ્ધાંત હોય, તો આ સિદ્ધાંતને 'સત્યાગ્રહ' દ્વારા મૂર્ત સ્વરૂપ આપે છે. ભાઈચારો જો જાગતિક મૂલ્ય હોય તો અંત્યોદયને એ કર્મયોગમાં ઢાળે છે. જો સમાનતા અને સાદાઈ એ ગરીબીના ઉકેલ માટે વખાણવાલાયક સિદ્ધાંતો હોય તો એ ટૂંકી પોતડીને અપનાવી લે છે.

આપણે આજે આવી રહનસહનનું પુનરાવર્તન કરવાનું નથી. આપણે એ સમજવાનું છે કે ગાંધી કેવી રીતે વિચાર અને આચારને એકબીજાની નજીક લાવ્યા, એટલું જ નહી પણ એ પણ દર્શાવ્યું કે યોગ્ય આચાર વિના યોગ્ય વિચાર હોઈ જ ના શકે. વીસમી (હવે એકવીસમી) સદીનો દંભ અને બૌદ્ધિક નિરાશાવાદ, જ્યારે વિચારો અને સિદ્ધાંતો સ્પષ્ટ હોય ત્યારે પણ એક પ્રકારની આચારની લાચારી છતી કરે છે. ગાંધીએ શબ્દ અને કર્મ વચ્ચેનું ક્રાંતિકારી સંશ્લેષણ પૂરું પાડ્યું.

આ વાત અનન્ય અને અભૂતપૂર્વ હતી. અત્યારે જ્યારે મૂડીવાદી અને સામ્યવાદી, બંને પ્રકારના દેશોમાં મોટા પાયે ધર્મ તરફ વાપસી થઈ રહી છે, જે હકીકતમાં માનવનાં દુઃખ અને એકલતાની દ્યોતક છે, ત્યારે ગાંધીવિચારની ધાર્મિક માન્યતાઓનું નૈતિક મૂલ્યોમાં થતું રૂપાંતરણ વધારે પ્રસ્તુત બને છે. જો ધર્મને ફરી એક વાર પ્રત્યાઘાત અને આતંક પાછળના ઈંધણ તરીકે વિકસવા ન દેવો હોય તો આ અત્યંત જરૂરી છે. ધર્મ તરફ વાપસીનું વધતું આકર્ષણ એ સામ્યવાદી દેશોમાં મહદ્ અંશે નૈતિક રાજકીય વ્યવસ્થાના અભાવનો તો મૂડીવાદી દેશોના બીભત્સ ભોગવાદ અથવા કાયમી ગરીબીનો પ્રત્યાઘાત છે.

ગાંધી વિજ્ઞાન, ધર્મ અને સમાજનું, એક પરસ્પરગૂંથાયેલી સમસ્યા તરીકે આકલન કરે છે. સદીઓ જતાં, દરેકનું બીજા સાથેનું અંતર વધ્યું છે, જે ઘણા સરલીકૃત સિદ્ધાંતો અને ફિલસૂફીઓને જન્મ આપે છે. વ્યવહારમાં, માનવ અને સમાજનું વિઘટન આ ત્રણે વિષયો વચ્ચેના વધતા અંતરને કારણે છે, જે કેવળ મનુષ્યની સમજણ અને અનુભવ પર જ પ્રભાવ નથી પાડતું, પણ એના કોઈ પણ કટોકટી કે દબાણ તરફના પ્રતિભાવ પર પણ અસર કરે છે.

આ હાલત સામે, ગાંધીનો જવાબ એ હતો કે આ ત્રણે વિષયને અલાયદા કરી શકાય તેમ છે જ નહીં. અત્યાર સુધી, કેવળ એક પડદાને કારણે જાણે આ ત્રણે અલાયદા દેખાતા હતા, જે હવે તૂટી રહ્યો છે. આ બધા વચ્ચે ઉત્ક્રાંતિ અને

સત્યની શોધ એક સામાન્ય ઘટક હતો. વિજ્ઞાને પ્રાકૃતિક ઘટનાઓ સામે માનવને અતિ શક્તિશાળી બનાવ્યો અને એક પ્રકારના સત્યની શોધ કરી. માનવના માનવ સાથેના સંબંધો એ સત્યની શોધનો બીજો માર્ગ હતો, અને ઈશ્વરનો ડર હટાવીને દિવ્યતા માટેની એની પોતાના અંતઃકરણમાં શોધ એને માટે સત્યને પામવાનો ત્રીજો માર્ગ બની રહ્યો.

સત્યને જ ઈશ્વર તરીકે વ્યાખ્યાયિત કરીને ગાંધીએ હકીકતમાં તો ઈશ્વર અને વિજ્ઞાન બંનેને એક ખાનામાં મૂકી દીધા. માનવજાત ધર્મને ફગાવી દઈ શકી નહીં, કારણ કે ભૌતિકવાદ અને ભૌતિકવાદી ફિલસૂફીઓ મૂલ્યો અને આધ્યાત્મિક ખોજને લગતા પ્રશ્નોના ઉત્તર આપવામાં નિષ્ફળ નીવડી. ગાંધીએ માનવમાં રહેલા આ દ્વંદ્વને ઉકેલવાનો પરિશ્રમ આદર્યો અને બધા ધર્મોને એમની સર્વસામાન્ય ચિંતા — માનવ અને એની મૂલ્યવ્યવસ્થા — ના આધાર પર સ્થાપિત કર્યા. જડ માન્યતાઓ અને કર્મકાંડોના આવરણોને હટાવીને જોતાં બધા ધર્મોમાં આ એક જ વાત ઉપસી આવે છે, એ આથી ઉજાગર થયું. મને આગાહી કરવાની લાલચ થાય છે કે આવનારા સમયમાં ગાંધીનો આ અભિગમ માન્યતા પામશે અને વૈશ્વિક સ્વીકાર મેળવશે. કારણ કે ધર્મના બે મોટા વિરોધાભાસો — એક તરફ માનવની લાચારી અને બિનતાર્કિકતાની અભિવ્યક્તિ તરીકે ધર્મ, અને બીજી તરફ મૂલ્યોની શોધ અને આધ્યાત્મિક આયામને પ્રતિબિંબિત કરતો ધર્મ - નું સમાધાન કેવળ ગાંધીનો આ અભિગમ જ આપી શકશે.

ગાંધીનું યંત્ર, ટેક્નોલોજી અને વિજ્ઞાન પ્રત્યેનું વલણ ઘણી ગેરસમજૂતીનો ભોગ બનેલું છે. ગરીબીનું નિર્મૂલન એ એમની પ્રથમ ચિંતા હતી. એમણે લખ્યું છે, ''જો હિંદુસ્તાનની ગરીબી અને એમાંથી ઉદ્ભવતી આળસ દૂર કરી શકાતી હોય તો હું ગમે તેટલા મોટા મશીનોના ઉપયોગની પણ તરફેણ કરીશ.'' હું ટક્નોલોજીની તરફેણમાં ગાંધીજી દ્વારા અપાયેલા કેટલાય દાખલા અને વિધાનો ટાંકી શકું તેમ છું. એ જોશપૂર્વક જેની વિરુદ્ધ હતા તે તો દુનિયા ટેકનોલોજીની જે અનિવાર્યતામાં સરી પડી છે તે હતું. ટેકનોલોજી અને વિજ્ઞાનના ઉપયોગની દિશાની બાબતમાં કેટલાંક ધોરણો જળવાય એ માટે એમણે ભારપૂર્વક આગ્રહ રાખ્યો. જે ટેક્નોલોજી માનવો વચ્ચે અને રાષ્ટ્રો વચ્ચે અસમતુલા પેદા કરે, માનવીને જ અમાનવીય બનાવી દે કે એને એના કામથી કે બીજા સહકર્મીઓથી દૂર કરી દે, અથવા બેકારીને જન્મ આપે એવી ટેકનોલોજી એમને મંજૂર નહોતી. એકથી વધારે વાર ગાંધીએ જાહેર કર્યું છે કે માનવીને માથેથી ભાર દૂર કરે તેવી ટેક્નોલોજી એક સારું આરંભબિંદુ છે, પરંતુ ત્યાં જ અટકી જઈ શકાય નહિ.

ટેકનોલોજીની વિધાયક ભૂમિકા, ખાસ કરીને છેલ્લી સદીમાં ખરે જ અસામાન્ય રહી છે. માનવને એણે કુદરતનાં વિનાશકારી પરિબળોના ભયમાંથી મુક્તિ અપાવી છે. અને એની બધી જરૂરિયાતોને સંતોષવાનું શક્ય બનાવ્યું છે, અને એ રીતે એનો ગરીબી અને વંચિતતાનો ભય દૂર કર્યો છે. પણ બીજી બાજુ, પસંદગીઓને બહોળી બનાવવાની સાથે ટેક્નોલોજી માનવની પસંદ કરવાની ક્ષમતા અને મોકળાશ ઘટાડે છે, જેના પાયામાં માનવ અને યંત્ર વચ્ચેની અસમતુલા રહેલી છે. કુદરતને લૂંટીને અને એનો નાશ કરીને ટેક્નોલોજી ફરી એક વાર માનવ અને કુદરત વચ્ચે સંઘર્ષની સ્થિતિ પેદા કરી રહી છે. વિશ્વદર્શનની એક શક્યતા ઉભી કરવાની સાથે તે માનવના તેની જાતના દર્શનને વિકૃત કરી રહી છે. થોડા હાથોમાં એની લગામ હોવી એ હકીકત માનવ સમસ્યાઓના સમાધાન સામે અવરોધ બને છે. ટેક્નોલોજી કૃત્રિમ સંસ્કૃતિનું સર્જન કરે છે અને અમુક લોકોનું એક જૂથ કેટલાંક મનોવિશ્લેષણાત્મક સાધનો દ્વારા બીજા ઉપર ભયજનક કાબૂ ધરાવે એવી શક્યતા પેદા કરે છે. સાથે જ તે માનવીય સ્વાતંત્ર્યનો નાશ કરે તેવાં સાધનો પણ હાથવગાં કરી આપે છે. ગાંધીના ટેક્નોલોજી બાબતે નકારાત્મક વિચારો કેટલાક ખાસ પ્રશ્નોને કારણે ઉદ્ભવેલાં છે, જેવા કે મુઠ્ઠીભર દેશો દ્વારા ટેક્નોલોજી પર સંપૂર્ણ કાબૂ ધરાવવો અને એના પાયા ઉપર સામ્રાજ્યવાદ કે મૂડીવાદ કે એવા કોઈ જડબેસલાક તંત્ર દ્વારા એક અનૈતિક અને અન્યાયપૂર્ણ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને લાગુ કરવી. એમણે એવી બધી ટેક્નોલોજીનો સંપૂર્ણ વિરોધ કર્યો જે એક ગરીબ દેશના હયાત ટેક્નોલોજીકલ પાયાનો નાશ કરે, પરંતુ બીજા વૈકલ્પિક અંતર્જાત આધારના સર્જનની શક્યતા જ ધૂળ ભેગી કરી નાખે. સૌથી વધારે તો, ગાંધી એવી ટેક્નોલોજીની વિરુદ્ધ હતા, જે તંત્રજ્ઞો અને વૈજ્ઞાનિકો દ્વારા થઈ રહેલા સ્વાશ્રય, ગૌરવ અને આત્મસન્માનની ભાવનાને નુકસાન કરે તેવાં મૂલ્યોના ફેલાવાને માન્યતા આપે.

લાંબા સમય પહેલાં, જ્યોર્જ ઓરવેલે એની અવિસ્મરણીય નવલકથા-૧૯૮૪માં વીસમી સદીના પડકારોને દર્શાવ્યા હતા. ઓરવેલે પાશ્ચાત્ય દુનિયાને એમાં એક ગંભીર કલ્પના રૂપે આપેલી ચેતવણી ખરેખર સચોટ આગાહી બની છે. ઝૂંટવી લેવાની માનસિકતા, રાજકીય ઉન્માદ અને બેકાબુ આતંકવાદે દુનિયાને ગ્રસી લીધા છે. '૧૯૮૪'માં વર્ણવેલ દુનિયા અને આધુનિક સમાજ વચ્ચે સમાંતરતા સ્પષ્ટ રીતે કળી શકાય છે. નિષ્ણાતોની આખી ટીમો ભવિષ્યના યુદ્ધોના સાજ-સરંજામનું આયોજન કરી રહી છે. મારા મતે '૧૯૮૪' નો એક માત્ર ઉત્તર ગાંધી છે.

આ ભાષણની શરૂઆતમાં મેં એ હકીકત તરફ ધ્યાન દોર્યું હતું કે એક જાતની મૂલ્યહીનતા આખી દુનિયામાં ફેલાઈ રહી છે, ખાસ કરીને ભારતમાં મેં એમ પણ કહ્યું હતું કે ભારતમાં સત્તાધીશોના અને ખાસ કરીને બૌદ્ધિકોના અગ્રવર્ગે ગાંધીવિચાર, મૂલ્યો અને કાર્યશૈલીનું વિશ્લેષણ કરવાની દરકાર કરી નથી. સાંપ્રત પડકારોનો ઉકેલ આપવામાં જ્યારે મોટા ભાગની વિચારધારાઓ અને વ્યવસ્થાઓ નિષ્ફળ ગઈ છે ત્યારે ગાંધી તરફ ફરી નજર કરવી અતિઆવશ્યક બની ગયું છે. આપણે ગાંધીની વધુ પૂજા નહીં કરીએ તો ચાલશે. જે જરૂરી છે તે એ કે આપણે એમના વિચારનું તલસ્પર્શી અને પ્રામાણિક વિશ્લેષણ કરીએ.

(આપણું વિચારવલોણુંઃ માર્ચ -૨૦૧૯, અંક-૩)
માંથી સાભાર સૌજન્યઃ શ્રી મનસુખ સલ્લા)

॥ નવાં કાવ્યો ॥

## મૌન રે'વા દે

**વિરેન પંડ્યા 'વિરલ'**

સભા વચ્ચે બધું બોલી જવાશે, તાણ ના કર મૌન રે'વા દે.
અહીં જાહેરમાં રોઇ પડાશે, તાણ ના કર મૌન રે'વા દે.

કહે તું તો, દિહાળે પણ કરું હું રાતની વાતોય તારા સમ;
છતે દાંડે પછી તારા બતાશે, તાણ ના કર મૌન રે'વા દે.

હજી તો માંડ હું મનને મનાવીને વળ્યો પાછો ઘડી પે'લા,
હવે બોલાવતો આગળ વધાશે, તાણ ના કર મૌન રે'વા દે.

ખબર તો છે તને, ભારે કઠીન છે અધવચાળેથી જવું પાછું;
નદી છૂટ્યા પછી પાછું વળાશે? તાણ ના કર મન રે'વા દે.

કલમ-કાગળ વચોવચ છે હજી, ત્યાં સાંભળીને સાચવી લે તું;
પછી તો બોલકી ગઝલો લખાશે તાણ ના કર મૌન રે'વા દે.

(ગૌરીકૃપા, મુ. ટાણા, તા. સિહોર,
જિ. ભાવનગર-૩૬૪૨૯૦)

## થઇ અસર...

**પીયૂષ ચાવડા**

રોજ કદરૂપું થતું કેવું નગર!
કોઇની લાગી ગઇ કાળી નજર.
ખોઇ બેઠી પ્રકૃતિ પણ સ્વસ્થતા,
ચીસ જેવા હોર્નની કેવી અસર!
ભેટવા તત્પર હજી છે એ તને,
કો'ક દિ તું દોડ કુહાડી વગર.
ઝાડ કાપી તે બનાવ્યું ફર્નિચર,
દોસ્ત, પંખીઓને પણ હોઇ છે ઘર
એ'ય ધુમાડા વચાળે હાંફતો,
સૂર્યને પણ અસ્થમાની થઇ અસર.

(ગુજરાતી વિભાગ, પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ,
રાજમહેલ રોડ, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫
મો: ૯૮૨૪૯૧૬૦૦૬)

## તારાભણી

**હરેશ કાનાણી**

એકલતાના મનને
જોઇએ ખુલ્લુ આકાશ
પણ તારી યાદોના વાયરા
તેની ઊડાનને સીમિત કરે છે..
મારા મનમાં હજી જોશ છે
શબ્દોમાં તરલતા છે
અને મનના ખુલ્લા આકાશમાં
તારા આકાશભણી જવાની
એષણા...
આ સમયે
તારા આકાશમાં
કોઇ પંખી ઊડેતો મારું
આકાશ દેખાવડું નથી રહેતું
બનાવી જાય છે મારા આકાશને ધૂંધળું
આ દ્વૈત માં તું કયું
આકાશ પસંદ કરીશ?
મારી ઇચ્છા છે
તારા આકાશમાં ઊડતા પંખીની
પાંખોને સહારો આપતી રહે
જેથી તે ઊડી જાય...
ધૂંધળું આકાશ
મટી જાય...

(મેઇન બજાર, મુ.તા. ગીર ગઢડા- ૩૬૨૫૩૦, જિ- ગીર
સોમનાથ, મો: ૯૯૧૩૮૮૭૮૧૬)

## ગઝલ

**ધ્રુવિન પટેલ 'આદત'**

તું કને આવે પછી સમજાય છે,
આ બધું જે ના થવાનું થાય છે.
હાથ ફેલાવી ન કર તું બંદગી,
એ ખુદાની બંધ મુઠ્ઠી દેખાય છે.
તું કબર પર ઝાડ રોપી આવજે,
ત્યાં ઘણાં લોકો હજી સંતાય છે.
કાંકરા દિલમાં જ ફેંકે છે બધાં;
પ્રેમ મારો એટલે છલકાય છે.
જ્યાં જવાનો રસ્તો પણ બનતો નથી,
તું ખરો ત્યાં રોજ પહોંચી જાય છે.

(૨૦૩૫, યોગેશ્વરનગર સોસાયટી, ગુ.હા.બોર્ડ, કનકપુર,
કનસાડ, સચીન (સુરત), તા. ચોર્યાસી, જિ. સુરત, પિન-
૩૯૪૨૩૦ મો: ૯૪૨૯૮૮૫૧૦૦)

## ગુજરાત સ્ટેટ રેટિંગમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત ત્રણ સંસ્થાઓનો ટોપ ૧૦માં સમાવેશ

મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સ (એમએચઆરડી)ના નેશનલ ઈન્સ્ટીટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એન.આઇ.આર.એફ)ના ધારાધોરણોને આધારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ રેટિંગ ફ્રેમવર્ક (જીએસઆઇઆરએફ) અંતર્ગત ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવવ્યં હુતં. જેને આધારે તા. ૨૭-૨-૨૦૧૯ના રોજ સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતિમાં તથા શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ અંજુ શર્મા તથા કમિશ્નર ઓફ ટેક્નીકલ એજ્યુકેશન અવંતિકા સિંહ ઓલખ, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન એલ.પી. પડાલિયા અને નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી)ના સીઇઓ કે.બી. ઉપાધ્યાયની હાજરીમાં યોજાયેલ વિશેષ સમારંભમાં જાહેર કરાયેલ રાજ્ય કક્ષાના રેટિંગમાં ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર દ્વારા સંચાલિત ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ (આઈસ્ટાર)ને ત્રીજો ક્રમ એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ (એનવીપાસ) છઠ્ઠો ક્રમ, વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજને નવમો ક્રમ તથા એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સને અગિયારમા ક્રમ સાથે ફોર સ્ટાર રેટિંગ ફાળવવામાં આવ્યો છે. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઇ પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઇ પટેલ, સહમંત્રીશ્રી આર.સી. તલાટી, શ્રી મેહુલભાઇ પટેલ, શ્રી વિશાલભાઇ એચ. પટેલ, શ્રી ખોડાભાઇ એસ. પટેલ સીવીએમના કુલપતિશ્રી ડૉ. ભાવેશ પટેલ તથા અન્ય પદાધિકારીઓ તેમજ સમગ્ર સીવીએમ પરિવાર તરફથી આચાર્યશ્રીઓ, ડૉ. બાસુદેબ બક્ષી, ડૉ. નિર્મલકુમાર, ડૉ. ભાવેશ પટેલ તથા ડૉ. ભાવના ચૌહાણને અભિનંદન પાઠવી ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

## ॥ શ્રદ્ધાંજલિ ॥



અંગ્રેજી ભાષા-સાહિત્યના વિખ્યાત, વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. જાવેદ હુસૈન ખાનના તાજેતરમાં થયેલા આકસ્મિક નિધનથી સમગ્ર શિક્ષણ જગતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઇ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત, યુનિવર્સિટી કક્ષાએ ગોલ્ડ મેડાલીસ્ટ તેમજ પીએચડી ઉપરાંત ત્રણ અનુસ્નાતક પદવી ધરાવનાર ખાન સાહેબ પોતાના ૩૩ વર્ષના સુદીર્ઘ અધ્યાપનકાળ દરમ્યાન ૨૯ વર્ષ સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક અંગ્રેજી વિભાગમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા તથા ૩૧મી ઓક્ટોબર ૨૦૧૭ના રોજ પ્રોફેસર અને અનુસ્નાતક અંગ્રેજી વિભાગાધ્યક્ષ તરીકે વયોચચિત નિવૃત્ત થયા બાદ ચારુતર વિદ્યામંડળ સંચાલિત એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટમાં એમ.એ. ઇ.એલ.ટી. પ્રોગ્રામમાં અધ્યાપનકાર્ય તેમજ કેલરેક્સ ટીચર્સ યુનિવર્સિટી, અમદાવાદમાં પ્રોફેસર એમેરિટસ તરીકે કાર્યરત હતા. રાષ્ટ્રીય અને રાજય સ્તરની અનેક શૈક્ષણિક સંસ્થાઓ-સમિતિઓ તેમજ સ.પ. યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ સ્ટુડન્ટસ સેન્ટર જેવા અનેક વિભાગોમાં વિષય નિષ્ણાંત, સલાહકાર તથા કાર્યવાહક તરીકે તેમણે માનદ સેવાઓ આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધી આશરે સાઠ વિદ્યાર્થીઓ એમ.ફીલ અને વીસેક વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની ઉપાધિ મેળવી ચૂક્યા છે. અધ્યાપન, સંશોધન, લેખન ક્ષેત્રે પોતાના જ્ઞાન, કૌશલ્ય અને પ્રતિભાના બળે શિક્ષણ આલમમાં આગવી ઓળખ ઉભી કરનાર તથા અનહદ લોકચાહના મેળવનાર ખાન સાહેબ પોતાના મિલનસાર, હસમુખા, વિનોદી અને અતિ નમ્ર વ્યક્તિત્વ થકી વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સામાન્ય જનમાનસમાં પોતાની અમીટ છાપ છોડી ગયા છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે અને પરિવારજનો તથા શુભેચ્છકોને આઘાત જીરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

(સૌજન્યઃ કાર્તિક જગતાપ, અધ્યક્ષ અંગ્રેજી વિભાગ, એન.વી.પાસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર)

## ભારતીય સમસ્યાઓ

### નરેશ વેદ

ભારતીય પ્રજા આઝાદી પહેલાં અને આઝાદી બાદ કેટલીક સમસ્યાઓનો સામનો કરતી રહી છે. એ સમસ્યાઓ કઇ છે એની વિગતે વાત કરીએ.

આઝાદીપૂર્વે આપણી મુખ્ય સમસ્યાઓ હતી ગુલામી, ગરીબી, શોષણ, નિરક્ષરતા, પછાતતા, સ્ત્રીજાતિની અવદશા વગેરે. એ વખતે આપણો દેશ ૫૬૫ જેટલાં દેશી રજવાડાંઓના શાસન હેઠળ હતો. ખોબા જેવડાં રજવાડાંઓમાં અંદરોઅંદર કુસંપ અને કલહો હતાં. એ કારણે તો એ સમયે અનેક વિદેશીઓ અને વિધર્મીઓનાં આક્રમણો અને અત્યાચારોનો આપણી પ્રજાએ અનુભવ કરવો પડ્યો હતો. મોગલો, પોર્ટુગીઝો અને અંગ્રેજોએ આપણને ગુલામ બનાવી આપણું શોષણ કર્યું હતું. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના સંસાધનો વિકસ્યાં ન હતાં. શાળાઓ, કૉલેજો અને વિદ્યાપીઠો અને વ્યવસ્થિત શિક્ષણપ્રથાની ઊણપ હતી. ઉદ્યોગ ધંધાઓનો ખાસ વિકાસ થયો ન હતો. એટલે પ્રજા નિરક્ષરતા, અજ્ઞાન અને પછાતપણાથી ઘેરાયેલી હતી. સ્ત્રી કેળવણીનો તો સમૂળગો અભાવ હતો. એટલે પ્રજાનો એ આખો વર્ગ બાળીભોળી માન્યતાઓમાં, વહેમો અને અંધશ્રદ્ધાઓમાં ડૂબેલો હતો. લોકો અને અનેક કુરૂઢિઓ, પ્રણાલીઓ, અને વ્યસનોમાં ફસાયેલા હતા. ભોગવિલાસમાં ડૂબેલા દેશી શાસકો અને અન્યાય અને શોષણખોરીમાં પાવરધા વિદેશી શાસકોના નેજા હેઠળ જીવતી પ્રજા સામાજિક દૃષ્ટિએ પછાતપણાથી, આર્થિક દૃષ્ટિએ બેહાલીથી અને રાજકીય દૃષ્ટિએ પરાધીનતા અને સંત્રાસથી પીડાતી હતી. યથાયોગ્ય શિક્ષણ, સ્વાસ્થ્ય, ન્યાય અને પરિવહનતંત્રના અભાવે પ્રજામાનસ કુંઠિત થઇ ગયું હતું, પુરુષાર્થી રહેવાને બદલે પ્રારબ્ધવાદી બની ચૂક્યું હતું. પ્રજાચેતના મુરઝાયેલી હતી.

દહેશતના માર્યા જાનવરો ટોળું બનાવીને પોતાની સુરક્ષાનો વ્યૂહ તૈયાર કરે છે, તેમ ભારતીય સમાજે પણ જાતિ, ભાષા અને ધર્મની વ્યૂહરચના કરી હતી. એ કાળે ટકી રહેવા માટે કદાચ એ જરૂરી હશે; પણ પછીથી એમાંથી જે જ્ઞાતિ, કુળ, ગોળ વગેરેની જે વ્યવસ્થા ઊભી થઇ હતી તેણે ભારતીય જન જીવનમાં કેટલીક સમસ્યાઓ ઉભી કરી હતી. જ્ઞાતિનાં ધારાધોરણો અને પંચના ફેસલાઓનો સ્વીકાર એની લાચારી બની રહ્યાં હતાં. સામાજિક રૂઢિબંધનોને કારણે સાટાપેટા,કન્યાવિક્રય, વરવિક્રય, દહેજ અને કજોડાં જેવી સમસ્યાઓથી આક્રાન્ત અને જ્ઞાતિભિન્નતાને કારણે પરણી ન શકતાં, રહેસાતા તથા કરમાતા યુવાન હૈયાઓની સમસ્યાઓ મુખ્ય હતી. એમાંય પાછી સંયુક્ત કુટુંબવ્યવસ્થાને કારણે રીબાતા- રૂંધાતા કૂળવધૂનાં જીવનની સમસ્યા, ઉપરાંત આપણા સમાજમાં છેક જન્મથી માંડી મૃત્યુ સુધી વિવિધ અવસ્થામાં સ્ત્રીને અન્યાય, અપમાન, સિતમ, શોષણ અને વંચનાનો ભોગ બનવું પડે છે, દહેજ, તિરસ્કૃતિ, છેડતી, છૂટાછેડા, બળાત્કાર વગેરેનો ભોગ બની જે રીતે લાચારી અને સબૂરી દાખવીને ટકી રહેવા મથવું પડે છે- એ બધી ઘેરી સમસ્યાઓ છે.

ભારતીય સમાજમાં નારીની માફક બીજો દમિત અને પીડિત વર્ગ છે દલિતોનો. ઊંચનીચ વર્ણ અને છૂત-અછૂતના ખ્યાલોને કારણે હરિજન, ગિરીજન અને આદિવાસી વનવાસી પછાત જાતિઓએ પુષ્કળ દુઃખદર્દ, પીડા, સંતાપ અને યંત્રણા ભોગવ્યાં છે.

દેશની વસતીનો મોટો ભાગ ગામડાઓમાં વસે છે.ત્યાંના લોકોની સમસ્યાઓ પણ અનેક પ્રકારની રહી છે. ગ્રામજીવનને સ્પર્શતી આસમાની અને સુલતાની આપત્તિઓ, ખેડૂતોનાં શારીરિક અને આર્થિક શોષણ, જમીનદાર-દેવાદારના પ્રશ્નો, ગ્રામયજીવનમાં મૂડીવાદી ઘટકો અને એકમોની થતી ઘૂસણખોરી, ગ્રામોદ્યોગ અને કુટિરઉદ્યોગોની અછત વગેરે સમસ્યાઓ મુખ્ય હતી.

હિંદુસ્તાન અને પાકિસ્તાન રૂપે દેશનું જે વિભાજન થયું એ ઘટના ભારતીય પ્રજા માટે એક અત્યંત કમનસીબ, દુઃખદ અને વિક્ષોભકર ઘટના હતી. એને કારણે કોમીવિદ્વેષ, કોમી રમખાણો, ભયત્રસ્ત હિજરતો, ઉન્મૂલિત નિર્વાસિતો, તેમની વેદના અને વ્યથા, તેમના પુનર્વસવાટના પ્રશ્નો પણ ઘણાં હતા.

આ રીતે, આઝાદીપૂર્વે સ્વાતંત્ર્યપ્રાપ્તિ, ગ્રામોદ્ધાર, દલિતોદ્ધાર, સમાજ-સુધારણા, સ્ત્રીની અજ્ઞાનતા અને અવદશા નિવારણ, અસ્પૃશ્યતાનિવારણ, સામાજિક સમરસતાની સ્થાપના જેવી સમસ્યાઓ હતી.

આઝાદી બાદ આમાંની કેટલીક સમસ્યાઓમાં થોડી રાહત થઇ છે, પરંતુ એમાંની સઘળી સમસ્યાઓનો અંત નથી આવ્યો. ઊલટાનું કેટલીક નવી સમસ્યાઓ સરજાઇ છે. આપણે જરા એની વિગતો પણ જોઇએ.

ગરીબી, બેકારી અને ભૂખમરાની સમસ્યાઓ હજુ પણ આપણી પ્રજાને સતાવી રહી છે. આપણા દેશમાં પ્રાકૃતિક સંપદા (natural resources) અને માનવસંપદા (human resources) પુષ્કળ પ્રમાણમાં છે. તેમ છતાં આપણે ત્યાં ગરીબાઇ જતી નથી. દેશને આઝાદ કર્યા પછી આર્થિક દૃષ્ટિએ આબાદ કરવાનું કામ આઝાદી પછી બહુ અગત્યનું હતું. એ માટે આપણે પંચવર્ષીય રૂપે એક આર્થિક

કાર્યક્રમનો આરંભ કર્યો હતો, અત્યાર સુધીમાં આપણે તેર પંચવર્ષીય યોજનાઓ પૂરી કરી છે. એમાં અબજો રૂપિયાનું રોકાણ કર્યું છે, તેમ છતાં ગરીબી, બેકારી, કુપોષણ અને ભૂખમરાની સમસ્યા હલ કરી શક્યા નથી. ગરીબ ગરીબ થતો જાય છે, તવંગર વધુ તવંગર. સમૃદ્ધ-સંપન્નો અને વંચિતો વચ્ચેની ખાઇ મોટી થતી ગઇ છે. એનું કારણ શું, એનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે આપણે સંસાધનોની અછતને કારણે નહીં, પણ આપણી ગલત નીતિઓના કારણે ગરીબ અને બેકાર રહીએ છીએ. પ્રાકૃતિક અને માનવીય સંસાધનોના ઉચિત અને ઉત્તમ રોકાણ અને વિનિયોગ વડે આપણે આ સમસ્યાઓ ઉકેલી શકીએ એમ છીએ.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ દેશને આર્થિક બેહાલીમાંથી મુક્ત કરી આબાદ કરવા માટે જરૂરી નીતિ (Policy) આપણે અપનાવી શક્યા નથી. આપણે આ ક્ષેત્રમાં કેવળ અખતરાઓ કર્યા છે. જેમ કે, બાર્ટરસિસ્ટમ, સંવૃત અર્થતંત્ર, સહકારી અર્થતંત્ર, મુક્ત અર્થતંત્ર, લાયસન્સ અને પરમીટની પ્રથા, બેન્કોનું રાષ્ટ્રીયકરણ રાજવીઓના સાલિયાણાની નાબૂદી વગેરે. ઉપરાંત આકરી કરવસૂલાત (over taxation) જેવી વ્યવસ્થાને કારણે કરચોરી, દાણચોરી અને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળતાં કાળા નાણાંની સમાંતર સત્તા ઊભી થઇ છે. વસ્તીનિયંત્રણ, વેપાર-વાણિજ્ય અને ઉદ્યોગના ક્ષેત્રમાં સાહસિકતાને પ્રોત્સાહન, અન્ન-વસ્ત્ર અને આવાસ વિશેની નિતિઓને દીર્ઘદષ્ટિયુક્ત આયોજન, જળ-ઊર્જા અને પરિવહનનાં ક્ષેત્રોમાં અધુનાતન ટેક્નોલોજીનો વિનિયોગ અને દેશની સિકલ બદલી શકે એવી શિક્ષિત, ઉત્સાહી અને સાહસિક યુવાપેઢીનો લાભ લઇ આપણે આ સમસ્યાને ઉકેલી શકીએ એમ છીએ.

આજ સુધી આ સમસ્યાઓ નથી ઉકલી એને કારણે દેશમાં ઠેરઠેર અસંતુષ્ટ જૂથો ઊભાં થઇ બીજી સમસ્યાઓ સરજી રહ્યાં છે. જેમ કે, બંગાળના હંગ્રીજનરેશન, કર્ણાટકના દિગમ્બરો, તામિલનાડુના વ્યાઘ્રો, આંધ્રપ્રદેશના નકસલવાદીઓ, મધ્યપ્રદેશના ગૂર્જરો, મહારાષ્ટ્રના દલિતો, નાગાલેન્ડના આદિવાસીઓ કેટલીક છાત્રપરિષદો અને કેટલીક જ્ઞાતિઓએ ઊભી કરેલી સેનાઓ સરકાર સામે એક બીજા મુદ્દે આંદોલનો ચલાવે છે, કાયદો અને વ્યવસ્થાને ખોરંભે પાડે છે, આત્મહત્યાઓ અને હત્યાઓ કરે છે. જો પ્રજાના તમામ વર્ગને વિકાસ અને કામની સમાન તક આપતી વ્યવસ્થા ઊભી કરવામાં આવે, રોટી, કપડાં, મકાન, શિક્ષણ, રોજગાર, આરોગ્ય, પાણી અને ઊર્જા (વીજળી) જેવી એમની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવામાં આવે તો આ સમસ્યા ઉકેલી શકાય એમ છે.

દેશમાં જ કામ રોજગાર અને આમદાનીની અપૂરતી અને અસંતોષકારક અવસ્થાને કારણે આજે બીજી એક સમસ્યાનો સામનો આપણું રાષ્ટ્ર કરી રહ્યું છે. એ સમસ્યા છે, બૌદ્ધિકસ્રાવ ઉર્ફે brain drainની. આપણું બુદ્ધિધન યોગ્ય તક અને સંસાધનના અભાવને કારણે દેશ છોડી વિદેશ ચાલ્યા જાય છે. આપણી પ્રજાના કેટલાક ઉત્તમ બૌદ્ધિકો યુરોપ, યુકે, અમેરિકા, ઑસ્ટ્રેલિયા કે અન્ય રાષ્ટ્રોમાં ચાલ્યા જાય છે. એમની બુદ્ધિ, શક્તિ, સર્જકતાનો જે લાભ દેશને મળવો જોઇએ, એ બધો લાભ વિદેશોની પ્રજાને મળી રહ્યો છે. આપણી પ્રજામાં જન્મજાત બુદ્ધિમત્તા છે પણ ખરા શાણપણની મોટી ઊણપ છે. જે દેશ પાસે વસતીના સાઠ ટકા જેટલું યુવાધન હોય એ દેશ ગરીબ કે વિકાસશીલતાની અવસ્થામાં કેમ રહી જાય! એ વિચારવા જેવું છે.

આપણી આજની બીજી બે સમસ્યાઓ છે : એક, શીલસંસ્કાર શિક્ષણ અને દૃષ્ટિથી ઉત્તમ માણસો દેશના રાજકારણથી બહિષ્કૃત છે, અને બીજું, અક્કડ રીઢી દુરાગ્રહી નોકરશાહી. શીલભદ્ર સંસ્કારી માણસો રાજકારણથી દૂર એટલા માટે રહે છે કે ભારતીય રાજકારણમાં મનીપાવર અને મસલપાવરનું વર્ચસ્વ છે. સત્તા અને સંપત્તિ પ્રાપ્ત કરી એને વધુને વધુ સમૃદ્ધ કરવા માટે મન વચન અને કર્મથી જે મેલી મુરાદવાળું રાજકારણ ખેલાઇ રહ્યું છે, એમાં શુદ્ધ અને સિદ્ધાંતવાદી સજ્જનોનું ક્યાંય સ્થાન રહ્યું નથી.

લોકશાહી ટોળાશાહી અને બાબુશાહીમાં પરિવર્તિત થઇ ગઇ છે. આપણે ત્યાં રાજકારણમાં અપરાધીકરણ વધ્યું છે, તેમ અમલદારી વહીવટીતંત્રનું અસંવેદીકરણ થયું છે. સામાન્ય જનતાના નાના મોટા પ્રશ્નો વિશે વહીવટ ચલાવતા અમલદારો સંવેદનશીલ બની કામ નથી કરી રહ્યા. અપવાદો જરૂર છે. પરંતુ આજકાલ જનતાના વજૂદવાળા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં વહીવટી અમલદારીતંત્રમાં જે તત્પરતા અને સહૃદયતા જોઇએ, એ ઓછો જોવા મળે છે.

કોઇપણ રાષ્ટ્રનાં ત્રણ તંત્રો શુદ્ધ, ચોખ્ખા અને પ્રજાભિમુખ હોવા જોઇએ. એ ત્રણ તંત્રો એટલે સરકાર, વહીવટીતંત્ર અને ન્યાયતંત્ર. એવાં જ બે બીજાં તંત્રો પણ પ્રજાપરસ્ત હોવાં જોઇએ, એ તંત્રો એટલે પોલીસતંત્ર અને મીડિયાતંત્ર. દુર્ભાગ્યે આપણે ત્યાં સરકારી અને વહીવટીતંત્રોની જેમ બાકીનાં આ તંત્રો પણ નઘરોળ થતાં જાય છે. ન્યાયનું વ્યાપારીકરણ , પોલીસતંત્રની ક્રૂરતા અને નિષ્ઠુરતા અને મીડિયાતંત્રની આડોડાઇ અને અકોણાઇ આ બધાંને કારણે હાલ આપણી પ્રજા હતાશા અને લાચારી અનુભવી રહી છે.

આપણા દેશમાં આવી જ બીજી સમસ્યાઓ છેઃ ભાષાવાદ, પ્રાંતવાદ, કોમવાદ અને આતંકવાદ ભારત બહુ ભાષી દેશ છે. એમાં બે ભાષાકૂળની ભાષાઓ છે. એક છે ઇન્ડોઆર્યનકૂળ અને બીજું છે દ્રાવિડિયનકુળ. દક્ષિણ ભારતના ચાર રાજ્યોમાં દ્રવિડકૂળની ભાષાઓ છે. એટલે તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરાળા હિન્દી રાષ્ટ્રભાષાનો સ્વીકાર અને આદર કરતા નથી. આઝાદી બાદ ભાષાવાર પ્રાંતરચના

કરવાને કારણે ભાષાનું ઝનૂન લોકોમાં ઘૂસેલું છે. મરાઠી લોકો 'આમચી મુમ્બાઈ'નું આંદોલન ચલાવે, તો ક્યાંક અન્ય ભાષી લોકો ને રંજાડવામાં આવે છે.

આવી જ બીજી સમસ્યા પ્રાંતવાદની છે. પોતાની પ્રાદેશિક અસ્મિતા જળવાઈ રહે એ માટે સાચી દિશામાં પગલાં ભરવાને બદલે રાષ્ટ્રનાં રાજ્યોનું વિભાજન થતું જાય છે. ઉત્તરાખંડ, ઝારખંડ તેલંગણાં, મણિપુર, ત્રિપુરા-એમ જ અસ્તિત્વમાં આવ્યાં છે. કાશ્મીરને અપાયેલો વિશેષ દરજ્જો આજે પણ કેટલી સમસ્યા સર્જે છે. હજુ ખાલિસ્તાન અને એવી બીજી પ્રાંતીયતાની માગણીઓ આવી રહી છે. જેમ જેમ પ્રાંતો વધતાં જાય, તેમ તેમ રાષ્ટ્રીય અખંડિતતા તૂટતી જાય. આવા વિભાજકવાદી પરિબળોને નાથવા જરૂરી છે.

એવું જ કોમવાદનું છે. આ દેશમાં અઢારેય વરણના લોકો છે. એમને એમની ધાર્મિક આસ્થાઓ ધરાવવાનું સ્વાતંત્ર્ય છે. વળી, દુનિયાના બધા મહત્ત્વના અને મુખ્ય એવા બારેય ધર્મોના લોકો આપણા દેશમાં વસે છે. પરંતુ સાચી ધાર્મિકતાને બદલે હાલ ધાર્મિક ઢોંગ અને દંભ વધતા જાય છે. ધર્મો સંપ્રદાયો, પંથો અને મતોના ફાંટાઓ અને ફિરક્કાઓમાં વિભાજિત થતા જાય છે. આને કારણે કોમવાદી માનસ ઉગ્ર થતું જાય છે. ધાર્મિક સમભાવ અને સહિષ્ણુતા ખતમ થતાં જાય છે. કોમ કોમ વચ્ચે શંકા, અવિશ્વાસ અને અસહિષ્ણુતા વધતાં કોમીરમખાણો થતાં રહે છે. આજે સાત દાયકા પછી પણ આપણે આ સમસ્યાનું સમાધાન લાવી શક્યા નથી. બીનસાંપ્રદાયિકતાની માત્ર વાતો થતી રહે છે. જાતિ અને સંપ્રદાય (Cast and Creed) આજે રાજરમતો બની ગઈ છે. કોઈનું ચારિત્ર્ય રાષ્ટ્રીય વધ (character assassination) રમત બની ગઈ છે. વિભાજક મનોદશા એઇડ્સની જેમ વ્યાપક થઈ છે.

આ બધી સમસ્યાઓમાં સૌથી ઘેરી અને કઠિન સમસ્યા આતંકવાદની છે. બિલાડીના ટૉપની જેમ ફૂટી નીકળેલાં અરાજકતાવાદી સંગઠનો દ્વારા થતાં આતંકીકૃત્યો ઉપરાંત પાકિસ્તાન જેવા પાડોશી રાષ્ટ્રો તથા દેશમાં વસતા દેશદ્રોહી ગદ્દારો દ્વારા આતંકવાદી જૂથો જે રીતે દેશમાં અને વિદેશમાં અનેક સ્થળે આતંકી ઘટનાઓને ઘાટ આપી રહ્યા છે, એના કારણે કેટલાય નિર્દોષ લોકો મૃત્યુના મુખમાં હોમાતા રહે છે, જાનમાલમિલકતની મોટી ખુવારી થતી રહે છે. જમ્મુ-કાશ્મીર પ્રદેશની આ સાત દાયકાઓમાં જે હાલત થઈ છે તે જોતાં આ સમસ્યાનો વિચક્ષણ દષ્ટિ, મુત્સદ્દીગીરી અને રાજકીય કુનેહ વડે કાયમી ઉકેલ લાવવો જરૂરી છે.

સમસ્યાઓ તો અનેક છે, પણ છેલ્લે જેની ચર્ચા કર્યા વિના ચાલે એમ જ નથી, એ સમસ્યા ભ્રષ્ટાચારની છે. દેશમાં દરેક સ્તરે પ્રવેશેલો અને હવે અત્યંત વ્યાપક થઈ ચૂકેલો આ મહારોગ છે. સેવા, સાદગી, સદાચાર જેવાં મૂલ્યોનો સર્વથા હ્રાસ થઈ ચૂક્યો છે. હવે સમાજસેવકો અને રાષ્ટ્રસેવકોમાંથી સેવા સાદગી અને સદાચારના ભાવો ચાલ્યા ગયા છે. આમ આદમીનું કોઈકામ ગ્રામ-નગર પંચાયત, મ્યુનિસિપાલિટી- મ્યુનિસિપલ કૉર્પોરેશન, ખાનગી, જાહેર સહકારી અને સરકારી ક્ષેત્રોમાં જન્મ-મરણનો દાખલો કઢાવવા જેવી સામાન્ય બાબતથી માંડી, જમીનસંપાદન, કોઈ વ્યાપાર ધંધા કે ઉદ્યોગનું સ્થાપન, વિસ્તરણ, નોકરી પ્રાપ્તિ, ટ્રાન્સફર, પ્રમોશન, પીએફ, ગ્રેચ્યુટી, નિવૃત્તિ વગેરેની પ્રાપ્તિ માટે પણ લાંચરુશ્વત આપવી પડે છે. ''પત્રમ પુષ્પમ્'' કર્યા વગર કોઈ કામ થતાં નથી, પછી ભલે તે કામ શૈક્ષણિક, સામાજિક, આર્થિક, સામાજિક હોય! પ્રજાના જીવનને ઉધઈની માફક કોરી ખાતી આ ઉપાધિ છે.

કુટુંબસંસ્થા અને લગ્નસંસ્થા તૂટતી જાય છે. જાતિપરિવર્તન (સેક્સચેન્જ)ના કિસ્સા વધતાં જાય છે. નશીલા અને કેફી દ્રવ્યોનું સેવન વધતું જાય છે. વૃદ્ધોની અવગણના અવહેલના વધતી જાય છે. ગામડાં ભાંગતાં જાય છે. નગરો અને મહાનગરો ભીડ, ભીંસ, ટ્રાફિક, પરિવહનની સમસ્યાઓથી ભારાક્રાન્ત થતાં જાય છે. ભય, ભૂખ, ભ્રષ્ટાચારથી સમાજ વિઘટન પામતો જાય છે. પ્રજાના જાહેરજીવનમાં નૈતિક મૂલ્યો, આચારો અને આદર્શો નષ્ટ થતાં દેખાય છે. મલ્ટીકલ્ચરાલિઝમના માહોલમાં રાષ્ટ્રિય ચેતના, ચારિત્ર્ય અને અસ્મિતાનું ચીરહરણ થતું ભળાય છે.

દેશ મોટો છે. અનેક પ્રકારની વિવિધતાવાળો છે અને એટલે અનેક સમસ્યાઓથી ભરેલો છે. છતાં હાલ એ ઝડપથી વિકાસ અને પ્રગતિ સાધી રહ્યો છે. કોઈપણ રાષ્ટ્રના જીવનમાં સાત દાયકાનું આયુષ્ય કાંઈ મોટું ન ગણાય. એમાં તડકીછાંયડી આવે. પણ એનો મક્કમ મુકાબલો આપણી પ્રજા કરતી રહી છે. દૃષ્ટિવંત નેતૃત્વ, કાર્યક્ષમ વહીવટીતંત્ર, પ્રબળ પ્રજાસંકલ્પ-આવી કોઈપણ સમસ્યાઓનું ઉચિત નિરાકરણ કરી શકે છે. આપણું રાષ્ટ્ર વિઝન, મીશન અને પેશન સાથે એ દિશામાં આગળ ધપી રહ્યું છે.

(૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટાબજાર, વલ્લભ વિદ્યાનગર.
મોઃ ૯૭૨૭૩૩૩૦૦૦)

**ભુલસુધાર**

અંકઃ૩ સળંગ અંકઃ ૫૬૯માં પાન નં. ૧૦ પર છપાયેલ નરેશ વેદ લિખિત લેખનું શિર્ષક ''ભારતીય સંવેદનાઓ''ને બદલે ''ભારતીય આચારો'' છપાયેલ છે તે બદલ લેખકશ્રી તથા સર્વ વાચકશ્રીઓની ક્ષમા યાચીયે છીએ.

તંત્રી, વિ-વિદ્યાનગર

॥ સંશોધનલેખ ॥

# આણંદ-વિદ્યાનગરમાં વસતા ગુજરાતી શિક્ષિતોનાં શબ્દોચ્ચારણોમાં આવતા ધ્વનિઓની ઓળખ

ભગીરથ બ્રહ્મભટ્ટ

સામાન્ય રીતે શિક્ષિતો શિષ્ટ ભાષી ઉચ્ચારણોના આગ્રહી હોય છે. તેમ છતાં તેમની વાણીમાં જે શબ્દોચ્ચારણો થાય છે તેમાં પ્રાદેશિકબોલીનો પણ સહજ પ્રવેશ થઇ જતો હોય છે. ચરોતરી શિક્ષિત ભાષક, નાહીને / નઇને> આવું/આઉ, જાવું / જઉ, ખાઇ/ખઇ, નહીં/નઇ કહેવું/કેવું વળતાં/વરતાં, જેવાં ઉચ્ચારણો સહજ કરવાનો.... એ તો સમજાય છે પરંતુ એના ઉચ્ચારણોને તપાસીએ તો એ બધા ધ્વનિઓ કયા પ્રકારના છે, કયે સ્થાનેથી કઇ રીતે ઉચ્ચારાય છે. ઉચ્ચરિત ધ્વનિમાં અક્ષરોના ભાર અને ક્રમ અનુસાર કેવું પ્રતિબલ (stress) ઉત્પન્ન થાય છે તેનો અહીં ધ્વનિવિજ્ઞાનની દૃષ્ટિએ પરિચય કરાવવાનો હેતુ છે.

ગુજરાતી ભાષા અક્ષરકાલિક (syllable timed) છે. તે ભાષાના ઉચ્ચરિત ધ્વનિમાં અક્ષરોના ભાર અને ક્રમ મુજબ જે પ્રતિબલ (stress) જન્મે તેનાથી જે તે સ્વરનાં સાપેક્ષિક હ્રસ્વ અને દીર્ઘ ઉચ્ચારણો થાય છે. ધ્વનીમીક જાગૃતિ (Phonemic awareness) ના કારણે ગુજરાતી ભાષક ઉચ્ચારણ પ્રમાણે લેખન અને લેખન પ્રમાણે ઉચ્ચારણ કરવાને ટેવાયો છે. જે ગુજરાતી ભાષકની પ્રકૃતિ છે. દા.ત. અંગ્રેજીમાં લખાયેલો 'Professor' શબ્દ જેનો અંગ્રેજી ઉચ્ચાર (પ્રફેસ્.અર.) થાય છે પણ ગુજરાતી ભાષક અંગ્રેજી (o)ને (ઓ) અને (e)ને (એ) કહેવા લખવા ટેવાઇ ગયો હોવાથી એ 'પ્રોફેસર' ઉચ્ચાર કરે છે અને લખે પણ છે.

ગુજરાતી ભાષામાં સ્વરો- વ્યંજનો કયા પ્રકારે આવે છે અને ચરોતરી શિક્ષિત ભાષક કેવાં ઉચ્ચારણો કરે છે તેની ઓળખ મેળવવાની અહીં કોશિશ કરી છે.

ગુજરાતી ભાષામાં બે પ્રકારના સ્વરો છે. એકલ સ્વરો અને સંધ્ય સ્વરો.

એકલ સ્વરો- અ/ઇ/ઉ/આ/ઈ/ઊ/ઋ/એ/ઓ/ઍ/ઑ

સંધ્ય સ્વરો- અઇ/આઇ/અઉ/આઉ/ઓઇ/ઓઉ/ઉઇ..આઇએ/ઓઇએ.

'અઇ' 'અઉ' સ્વરો સંસ્કૃતમાં માન્ય સંધ્યસ્વરો છે તેમના માટે ऐ અને औ જેવી માત્રાઓ માન્ય કરાઇ છે તે મુજબ લખાય છે. એટલે કે વૈરાગ શબ્દમાં વ્ અ્ ઈ્ ર્ આ્ ગ અઇ સંધ્યસ્વર બે માત્રાથી દર્શાવાયા છે. 'ચૌદ' શબ્દમાં પણ એ રીતે અઉ સંધ્યસ્વરો છે. હિન્દીમાં આવતા તત્સમ, તદ્ભવ અને અરબી ફારસી તથા દેશ્ય એમ તમામ શબ્દોમાં સંધ્યસ્વર- अइ–अउ નું પરિવર્તન ऐ અને औ માં થાય છે. દેવનાગરીમાં એ વર્ણો અને માત્રાઓ માન્ય છે, પરંતુ 'ऐ'પછી य વ્યંજન આવે ત્યારે ऐ વર્ણ अइ સ્વરૂપે ઉચ્ચારાય છે- સૈયદ, ભૈયા, મૈયત, નૈયા.. જ્યારે ऐ માત્રા સામાન્ય રીતે 'ઍ' અને औ માત્રા 'ઑ' તરીકે જ હિંદીવાળા ઉચ્ચારે છે. धैर्यને હિંદીમાં धेर्य અને शौर्य ને હિંદીમાં शोर्य ઉચ્ચારાય છે. औरत લખાય પણ તેનો ઉચ્ચાર તો ओरत થાય છે. જ્યારે ગુજરાતીમાં આ બે સંધ્યસ્વરો અઇ-અઉ આવે છે ત્યારે 'ઍ' અને 'ઑ' માં પરિવર્તિત થઇ જાય છે.

'ક્ અ્ ઈ્ ર્ ઈ્' અહીં 'અઇ' સંધ્યસ્વરો ઍ થઇ 'કૅરી' બને છે. અને ગ્ અ ઉ ળ માં 'અઉ' સંધ્યસ્વર 'ઑ' માં પરિવર્તિત થઇ ગૉળ બને છે. ગુજરાતીમાં अइ–अउ સંધ્યસ્વરો એકમાત્રામાં પરિવર્તિત થાય છે. પણ 'બૈરી' જેવા દેશ્ય શબ્દમાં બે માત્રા લખાય છે અને ધૈર્ય-શૌર્યનાં ઉચ્ચારણો પણ બે માત્રામાં જ થાય છે એટલે હિંદીની જેમ ગુજરાતીમાં આ સંધ્યસ્વરના નિયમમાં એકરૂપતા દેખાતી નથી.

ગુજરાતી શિક્ષિત ભાષક લખે કેરી, ચોપડી, વેર અને બોલે ત્યારે કૅરી, ચૉપડી, વૅર.... આમ ઉચ્ચારણ અને લેખન વચ્ચે અંતર પડવાથી સમસ્યા સર્જાય છે. વળી પાછો ગુજરાતી ભાષક અંગ્રેજી શબ્દ ઑગષ્ટ બોલે પણ છે અને લખે પણ છે. તો ગુજરાતી શબ્દો કેમ લખતો નથી?

સ્વરોની જેમ વ્યંજનોમાં પણ પરંપરાથી આપણે સ્પર્શ વ્યંજનોને કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય અને ઓષ્ટ્ય ધ્વનિ તરીકે ઓળખીએ છીએ. આજે શિક્ષિતો એ સ્થાનેથી ધ્વનિ નિર્માણ પામે છે એવી ભ્રાન્તિ અનુભવે છે. કંઠ્યનો અર્થ ગળુ, ગળામાંથી ક, ખ, ગ, ઘ, ઙ ધ્વનિઓ આજે ઉચ્ચારાતા નથી ખરેખર તો પશ્યતાલુથી (વેલર-Velar) (તાળવાથી) નિષ્પન્ન થતા હોઇ એ કંઠ્ય ને બદલે પશ્ચ તાલવ્ય તરીકે ઓળખવા જોઇએ તો ભ્રાન્તિ ના થાય. તે રીતે મૂર્ધન્ય ધ્વનિઓ આજે 'પશ્યવર્ત્સ' સ્થાનેથી ઉચ્ચરિત થતાં પ્રતિવેષ્ટિત સ્પર્શવ્યંજનો બને છે. વ્યંજનોના અન્ય ઉચ્ચારણોમાં જોઇએ તો એ મહાપ્રાણ વ્યંજનો ભાષક ક્યારેય એક સાથે (દ્વિત) ઉચ્ચારી શકતો જ નથી. ચોખ્ખું લખે છે ખરો પણ બોલે છે તો ચોકખું... બુદ્ધિ લખે છે. પણ બોલે છે બુદ્ધિ પત્થર બોલે છે લખે છે પથ્થર, લખે છે બુઠ્ઠો અને બોલે છે બુટ્ઠો... બે મહાપ્રાણ વ્યંજનો જો ઉચ્ચારવા અશક્ય હોય તો લેખનમાં છૂટ શા માટે? તેમ કરવાથી ભાષક ખોટાં ઉચ્ચારણો કરવા લાગશે અને અરાજકતા ઊભી થશે. આનો ખ્યાલ શિક્ષિતોમાં હોતો નથી. અલબત્ત ગુજરાતી ભાષકને વર્ત્સ (પેઢુ)ની સ્પષ્ટ સમજ પણ વિદ્વાનો કરાવી શક્યા નથી. વર્ત્સના બે ભાગ પડે છે જીભના ટેરવાને ઉપરના દાંતની પાછળ લઇ જતાં દાંતની હદ પછી જે પેઢાનો નાની ટેકરી જેવો ભાગ આવે તે વર્ત્સ છે એના ઉપરનો ભાગ 'પશ્ચ વર્ત્સ' છે ત્યાંથી ટ, ઠ, ડ, ઢ ધ્વનિ ઉચ્ચરિત થાય છે.

નાસિક વ્યંજનોની ઓળખમાં પણ શિક્ષિતો ભૂલો કરે છે. ગુજરતીમાં પાંચ નાસિક યંજનો છે.

| | | | | | નાસિકધ્વનિ |
|---|---|---|---|---|---|
| પશ્ચ તાલુ | ક | ખ | ગ | ઘ | ઙ (ગંગા, અંગ) |
| તાલુ | ચ | છ | જ | ઝ | ઞ (ચંચળ, મંજિલ) |
| પશ્ચવર્ત્સ્ય | ટ | ઠ | ડ | ઢ | ણ (મંડળ, ઢંઢેરો) |
| વર્ત્સ્ય | ત | થ | દ | ધ | ન (બંધ, અંત) |
| ઓષ્ટ્ય | પ | ફ | બ | ભ | મ (સંપ, જંપ) |

ઉપરોક્ત પાંચ નાસિક ધ્વનિ છે જે લેખનમાં કોઇ સંવર્ગીય ધ્વનિ પરિવેશમાં આવે ત્યારે અનુસ્વાર બિંદીથી દર્શાવાય છે, પણ શિક્ષિતોને ભાગ્યે જ ખબર હોય છે કે અનુસ્વાર બિંદીમાં કયો નાસિક ધ્વનિ છે? ગંગા અને મંજિલ બંને અનુસ્વાર બિંદીનાં ઉચ્ચારણો અલગ છે પણ લેખનમાં આપણે એક જ ચિહ્ન વાપરતા હોઈ એ ઉચ્ચારણ તરફ આપણું લક્ષ રહ્યું નથી. મંડપ શબ્દમાં 'ણ્' અને 'અંત' શબ્દમાં 'ન્' નાસિક ધ્વનિ વપરાય છે. તેની ખબર હોવી જોઇએ. અનુસ્વાર બિંદી પછી આવતો વ્યંજન જે વર્ગનો હોય તે વર્ગનો નાસિક ધ્વનિ આવે છે. ઉચ્ચારણો હોવા છતાં એના લેખનમાં એક ચિહ્ન હોવાથી ઉચ્ચારણની જાગૃતિ ભાષક ખોઇ રહ્યો છે. અનુસ્વારધ્વનિ પાંચેય વ્યંજનોથી પરિવર્તિત થઈ ઉચ્ચ સ્વરે ઉચ્ચારાતો હતો જે હવે મધ્યમ કે નિમ્ન સૂર પર ઉચ્ચારાય છે. એમ એના ઉચ્ચારણોમાં આવતાં પરિવર્તનો ધ્યાને લેવાં જોઇએ.

ગુજરાતીમાં વપરાતા સંસ્કૃત અનુસ્વાર ધ્વનિની સમજ અલગરૂપે ભાષકને નથી. સંયોગ, સંવાદ, સંસાર, સંરચના જેવા શબ્દોમાં જે અનુસ્વાર છે તેનાં ઉચ્ચારણો સંસ્કૃતમાં अम् અને अव् થાય છે હ્રસ્વ સ્વર+ અનુસ્વાર ધ્વનિ+ ય/ર/લ/વ/સ/શ/હ એટલે કે અ, ઇ, ઉ પછી અનુસ્વાર ધ્વનિ આવે અને ત્યારબાદ ય/ર/લ/વ/સ/શ/હ આવે ત્યારે અનુસ્વાર ધ્વનિનું ઉચ્ચારણ અમ્ કે અવ થાય છે. 'અમ્' ધ્વનિ વિખંડિત થઈને સાનુનાસિક અવશિષ્ટ 'મ' રૂપે ઉચ્ચારાવા લાગે છે અને આગળના હ્રસ્વ સ્વર સાથે જોડાઈને સાનુનાસિક બનાવે છે એટલે 'સંયોગ' શિક્ષિતો સમ્+યોગ કહે છે, કેટલાક લોકો સન્+યોગ બોલે છે તે ભૂલ ભરેલું છે… બે સ્વરો વચ્ચે અક્ષરાંત અને શબ્દાંત ડ આવે ત્યારે ગુજરાત પ્રદેશની બોલીઓમાં 'ળ' થાય. છે. 'આડી' શબ્દને ભાષક 'આળી' સાંભળે છે તેનું કારણ પણ તે છે. 'મોડા' ને 'મોળા' સમજે છે તેનું કારણ પણ તે જ છે. ગુજરાતીમાં 'લ' થી અને 'ડ' થી બનેલો 'ળ' એક જ ધ્વનિ છે. આ બે ધ્વનિઓ એક જેવા પરિવેશમાં એક જેવી ધ્વનિમાં પરિવર્તિત થાય છે ત્યારે ધ્વનિ વિજ્ઞાનમાં એને ચાપીય ધ્વનિમ્ (Archo phoneme) કહે છે.

ગુજરાતીમાં જ્યારે બે સ્વર અથવા ઘોષવ્યંજન અને સ્વરની વચ્ચે 'હ' આવે ત્યારે જે ધ્વનિ બને તે મર્મર છે. દુનિયાની બધી ભાષાઓમાં આવા મર્મર ધ્વનિ કેવળ ગુજરાતી ભાષામાં સૌથી વધારે પ્રમાણમાં જોવા મળે છે. મૂળ શબ્દમાં રહેલો સ્વર પરિવર્તિત થઈ મર્મર બની જાય છે. દા.ત.- બ્ અ્ હ્ અ્ ન શબ્દમાં બે 'अ' સ્વર વચ્ચે આવતા આગળનો સ્વર 'अ्' 'ઍ' થઈ મર્મર બને છે.

૧. અ, અ > અ-ઍ- ઍ/ઍ-અ મધ્ય હ્ >ઍ + હ્
નહેર > નૅ'ર
શહેર > શૅ'ર
બહેન > બૅ'ન
લહેર > લૅ'ર

૨. અ- અ યા અ-ઓ (મધ્ય હ્ > ઓ+હ> ઑ
પહોળું > પો'ળુ
ડહોળુ > ડૉ'ળુ
પહોર > પો'ર

૩. આ + મધ્ય હ્ તથા આ + હ> આ
પહાડ > પા'ડ
ચ્હા > ચા'
ત્હારા > તા'રા
લ્હાવો > લા'વો

૪. ઓ-ઈ + મધ્ય હ
મહીસાગર > મ' ઈ સાગર
સહિયર > સઈયર
દહી > દઈ

૫. અ / એ -ઉ+ મધ્ય હ્
મહુડી > મઉડી
મેહુલો > મેઉલો

૬. આ/અ/ઓ મધ્ય હ્
નાહવું > ના'વુ
દોહવું > દો'વું

ગુજરાતીમાં બે સ્વર વચ્ચે આવતો હ હંમેશા મર્મર નથી થતો એવાં દૃષ્ટાંતો પણ છે દા.ત. બલિહારી, સુહાગ વગેરે.

આમ ગુજરાતી ભાષક કે જે ચરોતરમાં નિવાસ કરે છે અને શિક્ષિત હોઈ જે પોતાનાં ઉચ્ચારણો કરે છે તે ધ્વનિઓનો અહીં પરિચય કરાવ્યો છે. વિશ્વની કોઈપણ ભાષામાં જોડણી નિયમોથી થતી નથી, ઉચ્ચારણોમાંથી નિયમો શોધાય છે. અંગ્રેજી (stress timed language) પ્રતિબલ-કાલિક ભાષા છે તે અભ્યાસથી શીખાય છે. નિયમથી નહીં. ગુજરાતીમાં નિયમો આવી જતાં ઉચ્ચારણ અને લેખન વચ્ચે એકવાક્યતા જદ્રવાતી નથી આંતર વિરોધો જન્મે છે, જ્યારે ગુજરાતી ભાષકની પ્રકૃતિ ઉચ્ચારણ પ્રમાણે લેખન કરવાની અને લેખન મુજબ ઉચ્ચારણ કરવાની છે- આ સમસ્યાઓ નિવારવી હોય તો ઉચ્ચરિત વાણીમાં જે કાર્યરત નિયમો છે તેનો અભ્યાસ થવો જોઈએ.

('ગ્રેસ બંગલો' પ્લોટ નં. ૮૬૪, મનીષ કોર્નરની પાછળ,
વલ્લભ વિદ્યાનગર. મો: ૯૮૭૯૫૨૩૨૭૬)

॥ અભ્યાસ ॥

# મુંડકોપનિષદ

**ઘનશ્યામસિંહ એન. ગઢવી**

**પ્રસ્તાવના**

વેદાંતના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતું, અથર્વવેદીય તથા આદિશંકરનું વધુ પ્રિય એવું આ યોગીઓનું ઉપનિષદ મનાયું છે. મુંડક એટલે મુંડન કરનાર અસ્ત્રો' એવા અર્થે પછીના સમયમાં એક ઉપનિષદનું નામ ક્ષુરિકોપનિષદ પણ અપાયું છે. જેમ ક્ષુરિકા ગ્રંથિ-બંધનને કાપે છે તેમ અવિદ્યાને અપહરતું હોવાથી આનું નામ આ યોગ્ય છે.

**શાંતિપાઠ**

અંતર્ગત દેવહિતમ્ દેવનું દીધેલ, યજત્રાઃ યોગ કરતા, સ્થિરત્વ સાથે ભદ્રતાનું સેવન કરીએ. દુરિતોના અપાકરણાર્થે સૂર્યાદિ દેવતાઓ અમારું સ્વસ્તિ કરે. તાર્ક્ષ્ય. (ઋ. ૧-૮૯,૧૦-૧૭૮) અશ્વરૂપે સ્તુત છે. બીજી રીતે તે સૂર્ય જ છે કયાંક તે ગરૂડ પણ છે. ઇન્દ્ર અધિનાયક છે. તો પૂષન વર્ધનનો દેવતા છે જ. બ્રહ્માની અનેકાનેક સૃષ્ટિમાં કોઈ એક સૃષ્ટિના જ્યેષ્ઠ પુત્ર અથર્વાને બ્રહ્મવિદ્યા જે બ્રહ્મા પરિવૃઢ એટલે કે धर्मज्ञानैश्वर्यवैराग्यादिમાં શ્રેષ્ઠ દેવપ્રથમ,વિશ્વકર્તા, ભુવનગોપ્તાએ સર્વવિદ્યા પ્રતિષ્ઠિત કહી અને કરી પણ.

**બ્રહ્મવિદ્યા**

બ્રહ્મવિદ્યાની ગુરુ-શિષ્ય પરંપરા વિદ્યાદ્વય, પરાવિદ્યાથી પ્રાપ્ત અક્ષરબ્રહ્મ અને તેમાંથી સૃષ્ટિયોત્પત્તિ દર્શાવી છે. અવિદ્યા અર્થાત્ 'ક્રિયાયોગ' અને વિદ્યા એટલે 'ઉપાસના'. (ઇશ-૯થી૧૦) ત્યાં જ તેને 'સંભૂત્યસંભૂતિ' કહેલ છે. (ઇશ-૧૨થી૧૪) પરંતુ અહી ઉચ્ચતમ વિદ્યા એટલે ''બ્રહ્મ સર્વત્ર છે તે.' અર્થાત્ પરા અને અપરા વિદ્યાઓનો વિમર્શ કરાયો છે. અપરા એટલે જેનાથી વેદાંગાદિનું જ્ઞાન મેળવાય છે. આ જ અર્થને સ્પષ્ટ કરતી કથા 'નારદ-સનત્કુમાર સંવાદ' છાંદોગ્યોપનિષદમાં વ્યક્ત થઈ છે. નારદ સ્વાધ્યયનમાં ઋગ્વેદાદિ, ઈતિહાસ, પુરાણ, વ્યાકરણ, શ્રાદ્ધકલ્પ, ગણિત, નિધિતર્કનીતિ આદિશાસ્ત્ર, દેવ-ભૂત-નક્ષત્ર-સર્પ-દેવ-જનાદિવિદ્યાની નામાવલી આપે છે અને ઉમેરે છે કે એનાથી પર શોકનિવારણવિદ્યાની હજુ શોધમાં છું. આવો જ ભાવ અન્ય પુરાણોની રચના બાદ ભાગવતની સર્જના વ્યાસને કથંચિત્ જેમ સંતુષ્ટ કરે છે તેમ સનત્કુમાર નારદને આ બધી વિદ્યાઓ શબ્દમયી છે એમ કહેતા કહે છે કે તે જ બ્રહ્મવિદ્યા કહેવાય જે શોકનિવૃત્તિ

કરે છે અને આ ભ્રમને અનુપયુક્ત ગણતા મનુસ્મૃતિકાર

या वेदबाह्याः स्मृतयो याश्च काश्च कुदृष्टयः।
सर्वासता निष्फलाः प्रेत्य तमोनिष्ठाः हि ताः स्मृताः॥ (મનુ.૧૨-૯)

અત્રે મહાશાલ,વિશાળ ગુરુકુલાધિપતિ આચાર્ય હોવા છતાં શૌનક પરાપ્રાપ્ત્યર્થે નમ્રતાપૂર્વક મહર્ષિ અને બ્રહ્મનિષ્ઠ અંગિરસ પાસે જાય છે. મોટા મોટા ઋષિઓ પણ નમનપૂર્વક વિદ્યાર્થી બનતા ઉપનિષદોમાં જોઈ શકાય છે.પરા-અપરાવિદ્યાના નામે જેનો પ્રત્યુત્તર એટલે આ વિદ્યાઓનું કથન. 'अथ परा यया तदक्षरमधिगम्यते।' (મુ.૧-૧-૫)અહી જ મૂર્તામૂર્ત એટલે કે ક્રિયા, કર્મ કે બહિરંગ સાધના કરીને સાધક અમૂર્તોપાસક બનતો જ્ઞાનમાર્ગી બની, ગીતાના કર્મથી જ્ઞાનમાર્ગની યાત્રા સ્વયંસિદ્ધ થાય અને પ્રારબ્ધવાદી નહી પણ પુરુષાર્થવાદી બનતાં અંતરંગસાધક બને તેવો સૂર વ્યક્ત છે.

શિરોવ્રતધારીને આ વિદ્યા ભણાવવી. બ્રહ્મા અર્થાત્ સૃષ્ટિયોત્પાદકે જે વિદ્યોપદેશ કર્યો તેને सर्वविद्याप्रतिष्ठाम् અને सर्वविद्याश्रयाम् જેને શંકરાચાર્ય બધી વિદ્યાઓની અભિવ્યક્તકર્ત્રી માને છે, તેથી આ વિદ્યાને સર્વવિદ્યાપ્રતિષ્ઠા કહી છે. જ્યાં વિધિપૂર્વક,મહાગૃહસ્થ અને બધું કર્યા પછી પણ અસંતોષ અથવા જીજ્ઞાસા શેષ છે, તેવી આ ત્રણ બાબતો આ મુંડકોપનિષદના મૂળમાં ઊડીને આંખે વળગે તેવી છે.

ભલે આગળના મંત્રમાં આ વિદ્યાનો અધિકારી સંન્યસ્ત બતાવાયો હોય.भैक्षचर्यां चरन्तः (મુ. ૧-૨-૧૧) संन्यासयोगात् (મુ. ૩-૨-૬)આનો અર્થ એ કરી શકાય કે સાધનસંપન્નતાથી ઉપરમતા પામી,વિરક્ત થવાનું મન થતાં અને અંતિમ લક્ષ્ય આ નહી પણ જે છે તે મેળવ્યા પછી બીજું કંઈ અવશિષ્ટ નથી રહેતું અને એટલે જ આ જ પરંપરા જૈન દીક્ષા વખતે સચવાઈ છે. જ્યારે ઉપરતિ આવે ત્યારે પહેલા સંસારિક બધી વિધિઓ દિક્ષિતની પૂરી કર્યા બાદ જ વિરક્તવેષ ધારણ કરાવાય છે.

**બીજપ્રશ્ન**

'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवतीति।' હે ભગવન અંગિરસ્ મારી આસપાસ બધું જ છે, તેમાંથી હું શું વિશેષતયા જાણું? કે જે જાણવાથી પ્રત્યેકને જાણવાની જરૂર ન રહે. સુવર્ણની લગડીને જાણ્યા પછી તેમાંથી બનતા ઘરેણાંઓને જાણવાની આવશ્યકતા નથી રહેતી. આ હાર સોનાનો, આ કુંડળ પણ હેમના વ. આ બધું સોનાનું જ છે, જે જણાય જ જાય છે.

**અક્ષર**

અક્ષર વિષયક વિજ્ઞાન જ પરાવિદ્યા છે.વેદના શબ્દસમૂહના જ્ઞાનથી પર આ વિષય છે. નહી તો એકત્ર બ્રાહ્મણો માત્ર મંડૂક જેવા કહ્યા, જે વેદપાઠ તો સસ્વર જાણે છે પણ કાંઇ એટલા માત્રથી બ્રહ્મતત્ત્વનું તત્ત્વતઃ જ્ઞાન ન થાય. અહી અક્ષર એટલે 'यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुः श्रोत्रं तदपाणिपादम् नित्यं विभुं सर्वगतं सुसूक्ष्म तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति धीराः।' (મું.૧-૧-૬) તેનો અર્થ કરતાં કહે છે કે-અદશ્યમ એટલે કે અદશ્ય હવાને અનુભવી શકાય પણ જોવાય નહી જેમ તેમ અદ્રશ્ય અગોત્ર આપણા પૂર્વજ વ. હોય તેમ તેના કૂળની શું ખબર? શંકરના વિવાહ વખતે મૂળ શોધતા અટકી જવાયું, તો આ તો અક્ષર છે. અવર્ણી અર્થાત્ વર્ણ તો દ્રવ્યનો ધર્મ છે જ્યારે આ કંઈ દ્રવ્ય માત્ર થોડું

છે? તે તો દ્રવ્યોનું પણ દ્રવ્ય છે. અચક્ષુ વ. તે તો જુદા જુદા ચેતનાચેતન રૂપ લઈ શકે છે, તો માત્ર પાદાદિ વાળું કેમ હોય શકે? તે સર્વજ્ઞ છે. તકનીકિ યુગમાં એક સમયે એક જણ અનેકને જાણી શકે, તો આ તો ભૂતાદિનો સર્જક, તે કેમ ન જાણી શકે?આ તો સર્વજ્ઞ સ્વયં શ્વેતાશ્વરતરના પ્રમાણે 'पश्यति अचक्षुः स शृणोति अकर्णः।' (શ્વે.૩-૧૯) છે. તેવી જ રીતે તે વિભુ-વિશ્વરૂપ ગીતા ગાય છે. સૂક્ષ્મ શબ્દાદિ ઉત્તરોત્તર હોય તેમાં ન સમાતું તે સુસૂક્ષ્મ છે. ચયાપચય ન અનુભવતું તે અવિનાશી છે. આમ તે ભૂતયોનિ કેવું છે?

મંત્ર ૧-૨ અગ્નિહોત્ર અને તેની સાત જીહ્વાઓનું વર્ણન, ૧થી૪ મંત્રોમાં વિધિરહિત કર્મથી અનિષ્ટાપ્તિ તથા વિપરીત ઈષ્ટોપલબ્ધિ, ૫થીક યજ્ઞથી મેળવેલ સ્વર્ગાદિ અને કેવક્ર ક્રિયાકર્મીને જ હીન માનવો ૭થી૧૦, વિરક્ત, શાન્ત અને શિષ્ય ગુરુસન્નિધિમાં બ્રહ્મવિદ્યા મેળવે તેવું ૧૧થી૧૩,મુંડક ૨-૧ બ્રહ્મનું સર્વકારણ જેમ અગ્નિગત સ્ફુલિંગો તેમ અક્ષરાત્ જગદોત્પત્તિ અને તમામ મંત્રાદિ સૃષ્ટિનું જનન 'पुरुष एवेद विश्वं' જે આવા અક્ષરબ્રહ્મને જાણે તેની અવિદ્યાગ્રંથિ છૂટે અને સર્વત્ર એકમેવનું વિલસન છે તેવું જે જુએ તે અજઅનાદિઅપ્રાણઅમનાશુભપરાત્પર છે.

અરૂપામૂર્તને જાણવું કઈ રીતે? તે હાલતું, પ્રકાશિત,ચૈતન્ય વિશિષ્ટ છે. જેને વીંધવું જોઇએ. બ્રહ્મવેધવિધિ , જીવ, ઓમકાર અને ધ્યાન જેમ રથનાભિએ આરાઓ તેમ અંગાદિયુત દેહ કેન્દ્રસ્થ છે.પિંડે તે બ્રહ્માંડે.

શૌનક મહાશાલના પ્રશ્નને શું જાણી લેવાથી બધું જણાઈ જાય છે? તેનો ઉત્તર છે કે આત્મતત્ત્વને જ બ્રહ્મનું કહ્યું છે.હિરણ્યકોશસ્થિત અને આત્મવિદ્‌ને સૂર્યાદિ જ્યોતિઓનું જ્યોતિ જ્યાં ચંદ્રાદિ જ્યોતિષ્માનોની જરૂરત નથી પડતી તેવું જણાવ્યું.

અસ્તિત્વ શું લક્ષ્યહીન છે? ના 'तदमृतं वेद्धव्यम्', लक्ष्यं (મુ.૨-૨-૩) तदेवाक्षरं सौम्य विद्धि અને ઉપાસના એટલે પુરુષાર્થની વાત કરતાં લક્ષ્યવેધનની વાત કરી. જેના માટે આગળ કહ્યું કે 'न बलहीनेन' અર્થાત્ યોગ્યતા 'अप्रमत्तेन' કે 'प्रमादो मृत्युरेव' કહી તેનાથી પર થવાનો સંકેત કર્યો. કા.કે અધ્યાત્મપથનું વેરી આળસ છે, અને 'शरवत् तन्मय भवेत्' કહ્યું.આ જ પ્રણવોપાસના 'स्वदेहमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ध्याननिमर्थनाभ्यासाद् देवं पश्येन्नि' (શ્વેતા. ૧-૨-૧૪) સ્વદેહને અરણિ બનાવી અને તેના ઉપર ધ્યાનમંથન કરતા રહેવાથી ઉપાસક ગુપ્તાગ્નિની જેમ હૃદયસ્થિત પરમાત્માને પામી શકે છે. યજ્ઞારંભે જે અરણિમંથન થતાં અગ્નિ પ્રકટ થાય છે. જેમાં છૂપો અગ્નિ તો હતો જ પણ પ્રયત્ન માત્ર નહી, અપાર યત્ને તેમાંથી અગ્નિ ઉત્પન્ન થાય જેમ તેમ ધ્યાનવશ અહી પરમ તત્ત્વનું દર્શન થાય છે. બીજી રીતે ઓમ બ્રહ્મવાચક હોવાથી 'तत्ते पदं

संग्रहेण ब्रबीम्योमित्येतत्। अक्षरलक्ष्यवेधन'

प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते।

अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत्। (મું.૨-૨-૪)

જેની અંદર બધું ઓતપ્રોત છે, તેને જ જાણો અને તે અમૃતનો સેતુ છે. જેમકે 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेयनाय । (શ્વેતા ૩-૮)વ. જેમ ચક્રના આરાઓ નાભિ પરિતઃ તેમ અક્ષરાસપાસ બધું. પંચકોશ અન્નમયાદિ છે. અમૃતતત્ત્વ કેવું? 'भिदयते हृदयग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः।' કે

क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे । (મુ.૨-૨-૮)

ગીતા જ્ઞાનાગ્નિ કર્મણા ન તત્ર સૂર્યાદિની ચમક હોય છે પણ તે સ્વયં પ્રકાશિત તત્ત્વ વિરાજીત હોય છે. ત્યાં 'न तत्र सूर्यो भाति न शशांक न पावकः' તે જ ભાસિતથી બધું વિભાસિત છે. ब्रह्मेवेदममृतम्। पुरस्ताद-अधस्ताद्-दक्षिणोत्तरप्रसृत છે.

જીવન ભલે વેદાંતના મતે મિથ્યા અને 'બ્રહ્મ સત્ય છે' એમ કહયું, પણ અહી જીવનનું ગૌરવ ગાતા તે અર્થપૂર્ણ છે એમ કહ્યું.'

**જીવાત્મા-પરમાત્મા**

પક્ષીદ્વયનું ભોકતા અને સાક્ષીરૂપે વર્ણન કરાયું છે. આત્મક્રીડ બનવાની યુક્તિ તપાદિથી પ્રાપ્ત, સત્ય, બ્રહ્મચર્ય વ. સાધનોની મહિમા એકત્ર ગવાઈ.

જીવાત્મા-પરમાત્માને શોભનપતનૌ, सखायौ, समानाख्यानौ, सुपर्णौ જેવો જ ભાવ અભિભાવક મંત્ર શ્વેતા.૪-૬,કઠ.૨-૩ કે ગીતા ૧૫-૧ને ક્વોટ કરતાં આજ રજુઆતને અનુમોદન આપે છે. મુખ્ય માર્ગ બ્રહ્મોત્પન્ન તદેવ લીન થાય છે. જેમાં એક સમાને વૃક્ષે પુરૂષોવીતશોક અને બ્રહ્મયોનિ પણ સ્વરૂપની ચર્ચા કરી છે. ગીતા પ્રમાણે 'यं यं लोकं मनसा, संविभाति, तं तं लोकं जयते ।' વ. જીવ આત્મજ્ઞ બની સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે.

ઉભયમંત્રોમાં વિશ્વવૃક્ષ પર શરીર-શરીરિ કે જીવ-આત્મા વસે છે. બન્ને સનાતન છે. જીવ ભોક્તા અને ઈશ અશોક છે. પરંતુ અશોકાવસ્થા જીવને પ્રાપ્ત કરવાની રહે છે. નર-નારાયણ, અર્જુન-કૃષ્ણ કે ભગવાન-ભક્ત આમ બન્ને જોડકા છે. કૃષ્ણાર્જુન વચ્ચે ગીતામાં 'त्वं मम प्रियोडसि' અને 'करिष्ये वचनं तव' છે, તો કૃષ્ણકુન્તી મધ્યે મિલનનું કારણ દુઃખ તથા સુદામા-કૃષ્ણનું સખ્ય વગેરેને આ રીતે યુગલત્વ દૃષ્ટિએ જોઈ શકાય. અદ્વૈત બની જવાનું વર્ણન કરતાં સંજય કહે છે

श्यामौ बृहन्तौ तरुणौ शालस्कन्धाविवोद्गतौ।

एकासनगतौ दृष्ट्वा भयं मां महदाविशत् ॥

(મહા. ઉદ્યોગપર્વ ૫૯.૧૦)

બન્ને એક જ દેખાય છે. એકાસની જોવાય છે કૃષ્ણાર્જુન.યાદ રહે કે 'ખુદ-ખુદામાં એક કાનાનો ફેર છે' અને આ જીવનો અહંકાર તેને અનુભવ કરાવે છે. તે નીકળે તો એકત્વ છે પણ; તે જ ભાવને નરસિંહની આ પંક્તિ આબેહૂબ પ્રસ્તુત કરે છે -

અનેક જુગ વીત્યા રે પંથે ચાલતા, તોયે અંતર રહ્યું રે લગાર.

પ્રભુજી છે પાસે રે હરિ નથી વેગળા આડા પડયો છે ઍકાર. આ સાદશ્ય અંશ-અંશી ममैवांशो जीवलोके, દાસ-સ્વામી દાસીજીવણ-પરમાત્મા,મિત્ર-મિત્ર અર્જુન-કૃષ્ણ, માતા-પુત્ર શંકરાચાર્ય-ભવાની' गतिस्त्वं गतिस्त्वमेका भवानी।' ભાવોમાં અભેદ અને જીવ-શિવૈક્ય ફળીભૂત થાય છે. જે મુખ્ય વિચાર અહીં મુંડક ઉચ્ચરે છે.

**સાધનોનું હોવું સાધ્યસિદ્ધયર્થે**

ધીર આત્મદર્શન કરે છે અને અમૃતને ચાખે છે. છતાં તપ, પ્રવચન,મેઘામાત્ર શ્રવણ,પ્રમાદ અસંન્યાસથી ન મળવા પાત્ર આ પદ જે વિદ્વાનનું વરણ સ્વયં આત્મા કરે તેને તે પ્રાપ્ત છે. જેમ પ્રવાહી સરિતા સ્વયં સમુદ્રને મળે તેમ 'यः तत्परमं ब्रह्म वेद, सः ब्रह्मैव भवति।' સાથે સાથે -

नायमात्मा प्रवचनेन लभ्यो न मेघया न बहुना श्रुतेन ।

કાયર નહી શક્તિવાનનું કામ છે આ માર્ગે જવું તે. 'ભક્તિ રે કરવી હોય તો રાંક થઈ ને રેવું' જ્યાં વિનમ્રતાનો ભાવ ભળે છે અને ભક્તિ એટલે પ્રભુમાર્ગ પણ એકત્ર ભક્તિ ને ખાંડા કેરી ધાર કહ્યું છે, તેમ જ અહી જ્ઞાનમાર્ગને સમર્થ સાધક ચયન કરે છે. એટલે 'नायमात्मा बलहीनेनन लभ्य', બીજું તાલાવેલી આવશ્યક છે, કેમકે શું મંદાગ્નિ ભોજનને પચાવી શકે? ના. તેમ જોતરાવું પડે છે, અને ત્રીજું કે જેમ ગાડી હોય , તેમાં ઈંધણ પણ પુરું ભરાવ્યું હોય, છતાં (ચાલુ) સેલ ન મારીએ તો ચાલે? ના. તેમ અહી સાધક પાસે શરીર, પ્રાણ અને મન હોય બધું જ તીવ્રતાથી કામ કરતાં હોય અને કહયું જ છે ને 'મન હોય તો માળવે જવાય' અથવા 'મન ચંગા તો કથરોટ મેં ગંગા'. આમ પ્રમાદીને તે ન મળે. 'अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव चं' (ગીતા. ૧૪-૧૩) ત્યાં પ્રમાદને તમોગુણી બતાવ્યો અને તે આત્મપ્રાપ્તિમાં બાધક બને. જો તેનું નિર્મૂલન ન થાય તો કામ ન બને. તપથી પણ તે પ્રાપ્ત થાય જ તેવું નથી. 'तपसा ब्रह्म विजिज्ञास्वा तपो ब्रह्मेति।' (તૈ.ઉ.૩-૧) થી અન્યત્ર કહ્યું સાધન પણ. અહી ગીતા ત્રિતપ જેને કહે છે, માત્ર તેનાથી જ નહી પ્રાપ્ય આ ઉપનિષદ ગણે છે. તપ સર્જકશક્તિ, સંકલ્પ, આધ્યાત્મિક જીવનપદ્ધતિ, સંયમ, તિતિક્ષા, આત્મવિચાર કે સાધના અર્થોમાં પ્રયુક્ત છે. અહી તેને સીમિત સાધન કહ્યું છે, ન માત્ર પણ તેનાથી જ મળવા પાત્ર છે. જો એમ ન હોય તો શેનાથી? બધું કર્યા બાદ તે અસીમ કૃપાથી મળે છે તેમ કહ્યું. અસીમ કૃપા ભગવાન શંકર પણ માંગે છે 'દેહુ ભક્તિ અનપાયની', ભક્તિરૂપે રઘુનંદન પાસે અને હનુમાન પણ 'करहु सदा रघुनायक छोहु' આવા સ્નેહ, કૃપા, અનુગ્રહ કે પ્રસાદની વાત આગળ પણ કહી દીધી છે ઉપનિષદકારે. પરમ ઋષિઓને વારંવાર નમન કરી સંન્યાસ, અલિંગ તપ, શુદ્ધસત્વ, કર્મપરાયણતા અને નિર્વેદ જેમાં તે આ વિદ્યા પ્રાપ્ત કરી શકે છે.

મુંડકના સંન્યાસને બૃહદારણ્યકના આ માર્ગો પ્રવજ્યા, વ્યુત્થાન,ભિક્ષાચાર્ય, અપ્રજત્વ, નિર્વેદ (બૃહ.૪-૪-૨૨,૩-૫-૧) પ્રશસ્ત કરે છે. બીજા એક અર્થમાં બૌદ્ધિઝમ માટે કે અવૈદિક ગૃહત્યાગીઓ માટે અપશબ્દ તરીકે પ્રયુક્ત થયેલો જણાય છે. ભૈક્ષ્યચર્યમ્-અરિગ્રહ,વિરજ, અરણ્યવાસી, તપશ્રદ્ધાપૂતશાન્ત, અમૃતવાસી બની સૂર્યદ્વારથી પામે છે.મુંડકમાં વૈદિક કર્મમાર્ગ 'नियतं आचरेथा' જે સુકૃતનો માર્ગ છે. આમ કરતાં વિરજ બનેલા એવા તેઓ સૂર્યદ્વારેથી અવ્યયપુરૃષ પ્રાપ્ત થતાં કહ્યાં છે. (મું.૩-૨-૫)

યજ્ઞાદિ વૈદિક કર્મમાર્ગ અદઢ હોડી કહીને, તથા તે શ્રેયને અભિનંદિત કરતાઓને મૂઢ મનાયા, જેઓ અંધ બની ક્ષણિક આલોકને પ્રાપ્ત થઇ, હીનતર યોનિથી અકૃતી બને છે. (મું.૨-૨-૭) ઓમનાં અવલંબનને આનંદદાતા મનાયો. (મું. ૨-૨-૭) જોકે બન્ને વિદ્યાઓને તેની તેની જગ્યાએ નિમ્નોત્તમ નથી, તેવું જાણવું.

અહીં યોગ,યજ્ઞ કે કર્મમાર્ગોને સ્વતંત્ર રીતે નિરૂપિત કરતું ન હોય સમન્વય સાધે છે. કા.કે.એક મંત્રમાં અક્ષરોત્પન્ન (મું-૧-૧-૭) પુરુષમાંથી સર્જન (મું.૧-૧-૯) કે પુરુષને અક્ષરોપરી (મું.૨-૨-૧) કે પાછું અક્ષરને પરમ તત્વ કહે. (મું.૨-૨-૧) કવિતાના પ્રારૂપમાં દિવ્યપુરૂષવર્ણન જેમકે 'અગ્નિ તેનું મસ્તક, ચંદ્ર-સૂર્ય તેના નયન, દિશાઓ જેના કર્ણ, વેદો તેની વાણી, વાયુ એના પ્રાણ અને વિશ્વ તેનું હૃદય છે. (મું.૨-૧-૪) એમ કહ્યું.

**આત્મક્રીડ**

અક્ષરનું ચિંતન રજૂ કરે છે. 'अन्नाद् भवन्ति भूतानि' અને અંતતઃ सत्यं... विश्वम् । કહ્યું. જુદા-જુદા સૃષ્ટિ વિષયક મતોમાં વાસ્તવની નજીક આ ઉપનિષદનો મત છે. અક્ષરોત્પન્ન તત્રૈવ લીન જેમ ઊર્ણનાભ સ્વ કોલોની સર્જે છે, પૃથ્વી વનસ્પતિને ઉગાડે છે તથા જીવિતમાંથી લોમાદિ સંભવે તેમ આ વિશ્વસૃજન તેમાંથી થાય છે. (મું. ૧-૧-૭) ભલે તે તત્ત્વ અદશ્ય, અગ્રાહ્ય, અગોત્ર., અવર્ણ, ચક્ષ્વાદિ રહિત,નિત્ય, વિભુ, સર્વગત , અદ્રવ્ય, નિર્ગુણાદિ છે. (મું. ૧-૧) ઈશ અને જીવ બન્ને જુદા છતાં સત્ય કહે છે. (મું.૨-૧-૧૦)તેનું ગુહાચરણ સ્થાન કહ્યું. કારણ તત્દર્શન વિના કામનાઓ અને સંશયો મટશે નહી.

સત્ય વડે દેવયાન પણ પ્રાણાયામથી શરીરશુદ્ધિ અને બાદમાં ચિત્તશુદ્ધિની વાત અને તેવા ચિત્તથી આપ્તકામ 'विज्ञानेन परिपश्यन्ति।' (મું. ૨-૨-૭) પરમાત્માને અંતઃસત્ત્વથી ગમ્ય કરી શકાય. તેને શુભ્ર, જ્યોતિ કહ્યું એટલે જ (મું.૨-૨-૯) તે રુક્મવર્ણ પણ છે. આમ ઈશ્વરનો સાક્ષાત્કાર કરનાર સાધક ઈશ્વરને આગળ, પાછળ, દક્ષિણે, ઉત્તરે, નીચે અને ઉપર બધે જુએ છે. ત્યારબાદ આ વિશ્વ તદ્જનિત લાગે છે. (મું.૨-૨-૧૧) પરમાત્માથી છૂટો પડવાને કારણે પોતાની અનિશતાથી શોક કર્યા કરતો હતો, તે હવે દર્શન બાદ શક્તિસંપન્ન બનતાની સાથે આત્મજ્ઞાની બનતો પુરુષ જેની પણ ઈચ્છા કરે તે તેને તરત મેળવી લે છે. આત્મક્રીડને આ બધું સુલભ છે. બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ થઈ ઉભો રહે છે. (મું. ૩-૧-૪)

પુનર્જન્મ ન થતાં (મું.૩-૨-૧) શુક્રાતિક્રમણ કરીને ધીર બ્રહ્મધામી બને છે.ગીતાપુરુષ ત્રિગુણાતીત આવું દર્શાવે છે. જ્ઞાનતૃપ્ત, કૃતાત્મ, પ્રશાન્ત યુક્તાત્મ, શુદ્ધસત્વ,મોક્ષ પામતો કર્મવિભાગથી વિભક્ત તે પરમ અવ્યયમાં એકીભૂત થઈ જાય છે. કેવી રીતે?-

गताः कलाः पञ्चदशप्रतिष्ठा देवाश्च सर्वे प्रतिदेवतासु।
सकर्माणि विज्ञानमयश्च आत्मा परेऽव्ये सवर एकीभवन्ति।
(મું.-૩-૨-૭)

આવો જ ભાવ પ્રશ્નોપનિષદ -

स प्राणमसृजत प्राणाच्छ्द्धा खं वायुर्ज्योतिरापः पृथिवीन्द्रियं मनः।

अन्नमन्नाद्वीर्यं तपो मन्त्राः कर्मलोका लोकेषु च नाम चा। (પ્રશ્ન ૬-૪)

જ્યાં ઈન્દ્રિયો જેના વડે જન્મી હતી તે તે દેવતાઓ પ્રતિ ગતિ કરે છે. આત્મા વિજ્ઞાનમયમાં વિલીન થઈ જાય છે. જેમ નદી સમુદ્રમાં તેમ 'तरति शोकम्' વિલીન થાય છે.

**સત્ય-મુદ્રાલેખ**

सत्यमेव जयते नानृतं सत्येन पन्था विततो देवयानः।
येनाक्रीमन्त्य ऋषय ह्यासकामाः यत्र तत् सत्यस्य परमं निधानम्।
(મું. ૩-૧-૬)

ન ભારતવર્ષ પરંતુ આ બ્રહ્માંડનો સૃષ્ટિસંચાલક મંત્ર છે. ગાંધીજીની સ્વતંત્રતાની લડત જેને સત્યાગ્રહ કહેવાયો, કોણ નથી જાણતું? ઋતનિયમ 'ઉપકારી એનો આતમો' નદી તેનું જળ નથી પીતી. આ ઋતુ એની મેળે આવે અને જાય છે. જેને કાળનો નિયમ ચલાવે છે. કણેકણમાં આ વ્યવસ્થા સંતર્પ છે. આ જ કારણથી તેને વિજ્ઞાન એવા બીજા નામે ઓળખાવી શકાય. શું ફળ નીચે નથી પડતું? પાણી અધઃ નથી વહેતું? શું વાદળ ઉપર વરસે છે?નહીં, તેથી આ જ કારણ સંચાલન કરે છે પુરા વિશ્વનું.

જેને સત્ હોવાપણું કે સનાતન કહે છે. એટલે જ સાંખ્ય સત્કાર્યવાદ કહી પુકારે છે. સત્યવાદી હરિશ્ચંદ્ર કે મહાભારતીય સત્યદેવ પ્રસિદ્ધ છે અધુનાવધિ.સત્યદેવ વિશે તો કહેવાયું કે પ્રાતઃકાળે તેઓ એક સુંદર સ્ત્રીને બહાર નીકળતી જોઈ જતાં પૂછે છે, "આપ કોણ છો? અને શા માટે ચાલ્યા જાઓ છો?"સ્ત્રીએ ઉત્તર વાળ્યો "હું લક્ષ્મી છું." સત્ય માટે થઈ આપ મારી પરવા ન કરતાં હોઈ હું ચાલી જાઉં છું. રાજાએ કહ્યું, 'ભલે જાઓ'. અન્યદ્યુ સત્યદેવના ઘરમાંથી એક પુરુષ બહાર નીકળે છે અને રાજા તેને પણ પૂછે છે કે "આપ કોણ? અને અહીંથી શા માટે જાઓ છો?" પુરુષ પ્રત્યુત્તર વાળે છે કે "હું દાન છું અને લક્ષ્મીના ચાલી જવાથી હું કોના આધારે રહું? એટલે હું પણ જાઉં છું. " રાજા કહે ચાલો તેમ ત્યારે. ત્રીજા દિવસે ત્રીજો પુરુષ નીકળ્યો ઘરમાંથી. રાજાએ ઉપર મુજબ પુછ્યું "તમે? કહે કે હું સદાચાર છું, તમારે ત્યાં લક્ષ્મીદાન ન હોવાથી હું જાઉ છું." ભલે કહી, ત્યાં જ ચોથા દિવસે ચોથા પુરુષનું નીકળવું અને યશ નામ બતાવવું તથા પાંચમો દિવસ થતાં સત્યદેવના ઘરમાંથી એક દિવ્ય પુરુષ બહાર આવે છે. કહે છે "હું પણ જાઉ છું" કારણ કે મારું નામ સત્ય છે અને પેલા બધાના જવાથી મારું અહીં રોકાવું શક્ય નથી.પણ ત્યાં જ સત્યદેવ તેના ચરણો ગ્રહી લેતાં તે ત્યાં જ રહી જાય છે. કેમકે તેના ખાતર તો બધા તેને છોડીને જતા રહ્યા. કહેવાનો આશય છે કે 'સત્ય' હોય તો સદાચારાદિ છે.

ભાગવતના પ્રારંભે જ કલિ એકપાદી ઋષભને જોતા પૂછે છે 'તું કોણ?' કહ્યું કે 'હું ધર્મ' જેના ચાર પાદોમાં એક માત્ર મજબૂત 'સત્ય' ચરણ અવશિષ્ટ રહી શક્યું.તપ, પવિત્રતા, દયા નામક પગ લુપ્ત થતાં માત્ર સત્ય ચરણ શેષ રહ્યું અને સંસારમાં એકપાદી ધર્મ સત્યયુક્ત રહ્યો-

तपः शोचं दया सत्यमिति पादाः कृते कृताः।
अधर्मांशैस्त्रयो भग्ना; स्मयसङ्गमदैस्तवः॥
(ભાગ ૧-૧૭-૨૪)

અંતિમ સપ્તલોકમાં પણ 'સત્ય' છે 'भूः भुवः स्वः महः जनः तपः सत्यम्।' બ્રહ્મ માટે સચ્ચિદાનંદ કહેતા પ્રથમ સત્ આવે છે, તે સત્ય છે. ભાગવત 'सत्यं परं धीमहि' કહે છે. શંકરાચાર્યનું દર્શન 'ब्रह्मसत्यं' કે અઘમર્ષણસૂક્તમાં 'ऋतं च सत्यं चाभी'(ઋગ્વેદ.૧૦-૧૯૦-૧) અને 'સત્ય અહિંસા ચોરી ન કરવી, વણજોતું ન સંઘરવું' વ્રતોમાં પ્રથમ વ્રત પણ કહેવાયું.પ્રશ્નોપનિષદના છઠ્ઠા પ્રશ્નમાં 'समूलो वा एष परिशुष्यतिस योऽनृतमभिवदति' જે અસત્ય બોલે તેનો નાશ નક્કી.આ સત્યને 'અંતતોગત્વા' મૂળ કહ્યું સર્વનું.

**મુક્તિ**

કાયમ મુક્ત (મું.૨-૬), વા સૂર્યદ્વાર વડે ઈશ્વર પાસે જવાની વાત,ઈશ્વર સાથે પરમ સામ્ય પામવાની વાત પણ કહે છે. જેમ નામરૂપ વિહાય નદી સાગરમાં વિલીન થાય તેમ વિમુકત પણ માને છે. અંતતઃ મુક્ત પુરુષ સર્વથા એક બની જાય છે. અહીં वादे वादे जायते तत्त्वबोधः પરમ લક્ષ્યપ્રાપ્તિ જ જેનો એક મુદ્દો છે.

**સૃષ્ટિ**

સૃષ્ટ્યોત્પત્તિક્રમ (મુ. ૧-૧-૮) તપ તેમાંથી,ચેતન વર્ધનકર્તા વર્ણિત છે. અર્થાત્ કાર્યના મૂળમાં સંકલ્પ કે જ્ઞાનનો ચેતન વ્યાપાર હોય છે. તેમજ આ સંસાર કોઈ કાર્ય સિદ્ધયર્થે તેના સંકલ્પપૂર્વક, કરાતું, અનુષ્ઠિત, અક્ષર સૃષ્ટિકાર્યનું તપ કરે છે. સંસારકારક સાકાર બ્રહ્મની ભૂમિકા અહીં આ રીતે તૈયાર થાય છે. અન્ન, પ્રાણ સત્ય, કર્મ અને તેમાં જ અમૃતફળ સર્જાય છે. પ્રાણ-અવ્યાકૃત અને વ્યાચિકીર્ષિત એવી અવસ્થાવાળા અન્નમાંથી પ્રાણ અર્થાત્ હિરણ્યગર્ભ જન્મે છે. જગતના એક સર્વસાધારણ આત્મતત્વની કલ્પના કરાઈ છે. જેમાં બ્રહ્મની જ્ઞાન અને ક્રિયાશક્તિ રહેલી છે. અને આ પ્રાણ કે જે હિરણ્યગર્ભમાંથી સંકલ્પ-વિકલ્પ-સંશય અને નિર્ણયકર્તા મન નામક અન્તઃ કરણ ઉત્પન્ન થાય છે. જેમાંથી સત્ય નામક કર્મ, ભૂતાદિપંચક ઉત્પન્ન થાય છે. ત્યારબાદ

સત્ય તેવા બ્રહ્માંડીય ભૂ, ભુઃ, સ્વઃ, જનઃ મહઃ, તપઃ અને સત્ય એવા સપ્તલોકોની ઉત્પત્તિ થાય છે. વિવિધકર્મોત્પન્ન અમૃત એટલે નાશ પામનાર ભોગવ્યા સિવાય છૂટકો ન થાય તે અ-મૃત-કર્મજનિત ફળ ઉત્પન્ન થાય છે. .

આ પુરુષ દિવ્ય -અમૂર્ત-સબાહ્યાભ્યતર-અજ-અપ્રાણ-અમન-શુભ્ર-અક્ષરાતમર-જેમાંથી પ્રાણ, મન, ઈન્દ્રિયો, પંચમહાભૂતો, સૂર્યાદિ, ઈન્દ્રિયોવ.વિશ્વ જેનું હૃદય અને બધા ભૂતો તેના અન્તરાત્મા છે. હૃદિ સન્નિવિષ્ટો અગ્નિરુપ' સૂર્યતપ, ચંદ્રમાંથી વર્ષા,પૃથિવી ઉપર વનસ્પતિ,પુરુષનું વીર્યસિંચન, પુરુષમાંથી યજસોત્પન્ન દીક્ષા,યજ્ઞ, દક્ષિણા, સંવત્સર,યજમાન, મનુષ્ય, પશુ, પક્ષી, અન્ન, શ્રદ્ધા, તપ, બ્રહ્મચર્ય અને વિધિ, નદી, સમુદ્ર, રસ અને પુરુષ एवेदं विश्वं છે. (મું.૨-૧-૧૦.) જેનું સ્વરૂપ પ્રકાશિત,ગુફાસ્થિત મહત્પદ હાલતું- ચાલતું,વિશ્વસિત, સદ્-સદસ્વરૂપી અને વરિષ્ઠ છે. હે શૌનક તે જ વેદ્ય છે.

**કર્મવિધિ**

મું.૧-૨-૨માં 'તે આ સત્ય છે' ઋગ્વેદ વડે કહેવાયેલાં હોત્ર નામક કર્મો, યજુર્વેદથી કહેવાયેલા આધ્વર્યવ નામક કર્મો અને સામે કથિત ગાત્ર નામક કર્મો જ, જેના પ્રકારભેદ છે, તે અધિકરણભૂત વેદત્રયીના સંયોગ આવતાં તે અગ્નિહોત્રાદિ કર્મો મોટે ભાગે ત્રેતામાં સતપ્રવૃત્ત થયા. તેઓ લોકની પ્રાપ્તિ માટેના માર્ગો છે. અહી કર્મફળને લોક કેમ કેવા? શંકર સમજાવતાં કહે છે કે કર્મ-ફળના નિમિત્તથી જોવામાં આવેલ, દૃષ્ટ ભોગવવામાં આવે છે. એટલા માટે કર્મફળને લોક કહેવાય છે. અને સારરૂપ તે અગ્નિહોત્ર કેવું? અગ્નિ જ્યોતે આહુતિહોમ અર્થાત્ આજ્યભાગે દર્શપૂર્ણમાસ યજ્ઞે આહવનીય અગ્નિની ઉત્તરે અને દક્ષિણે અગ્નયે સ્વાહા તથા સોમાય સ્વાહામંત્ર વડે આહૂત અને એને આજ્યભાગ કહે છે. આની વચ્ચેના ભાગને આવાપસ્થાન કહેવાય છે. અવશિષ્ટાહુતિઓ આમાં અપાય છે. જેમાં વિધિ-નિષેધબાહુલ્ય અને સારાસારપરિણામી તથા દર્શ– અમાવાસ્યા યજ્ઞકર્મ અને ઈન્દ્રાહુતિદાન, પૌર્ણમાસી પૂર્ણિમા સોમાદિઆહુતિ, ચાતુર્માસસ્યમમાં વસંતાદિઋતુઓમાં ત્રિવાર યજ્ઞ અને વિશ્વાદિદેવતાહૂત, આગ્રયણ શરદ ઋતુમાં જ્યારે ખેતરોમાં નવું અનાજ પાકી ગયું હોય ત્યારે માણસ તેના ઉપયોગ પહેલાં ઈન્દ્રાદિ દેવો તરફ કૃતજ્ઞતાના ભાવથી તથા સમર્પણના ભાવથી એક યજ્ઞકર્મ એટલે આગ્રયણ, વૈશ્વદેવને ઉદ્દેશીને થતું કર્મ. જેમાં અગ્નિની સપ્તજીહવાનું નિરૂપણ કાલી-કરાલી-મનોજવા-સુલોહિતા સુધુમ્રવર્ણા-સ્ફુલિંગી-વિશ્વરૂચી-અગ્નિસ્વરૂપાદિ અને સૌંદર્યયુત તથા શક્તિવત્ છે. જેના વડે કર્મ ઈન્દ્રાદિ સુધી પહોંચે છે. અગ્નિવાહિકા આ જવાળાઓ સ્વર્ગ ગમયિત્રી પણ અસ્થિર લોક હોવાથી તે નૌકા અને તેને અદઢ કહેતા, યજ્ઞાદિ કર્મની સીમા દર્શાવી. તેથી તેનાથી આગળના સાધનની વાત જેમ અંધાનુકરણ કહેતા અવિદ્યાયુત છે અને તેને અનુસરનારને ધીર કે પંડિત ન માનતા મૂર્ખ અને તું અભિમાની, દુઃખાર્ત ચ્યુત થતાં, શ્રુતિમાન્ય ઈષ્ટાપૂર્તમાં ખૂંપેલા કહ્યાં-

अग्निहोत्रम् तपः सत्यम् वेदानाम् उपलम्भनम्। आतिथ्यं वैश्वदेवं च इष्टमिति।

वापीकूप तटाकासिदेवतायनानि च। अन्नप्रदानमारामाः पूर्तम् इत्यभिधीयते॥

**ઉપસંહાર**

આમ સારાંશરૂપ આ કર્મો એક અવધિ સુધીના, શ્રેયપ્રાપક, પણ એવા કર્મઠની પણ નિંદા જ કરી છે.

(આચાર્ય, એન.-એ. એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર)

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.ઝેડ.પટેલ કૉલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ,ન્યુ વલ્લભ વિદ્યાનગર કૉલેજના ૧૬મા વાર્ષિક દિનની ઉજવણી તા.૨/૩/૨૦૧૯ના રોજ કરવામાં આવી.**

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ચેરમેન એન્જિનીયર શ્રી ભીખુભાઈ પટેલ સાહેબે પ્રમુખપદ શોભાવતા કૉલેજની ગુણવત્તાને તથા શૈક્ષણિક અને શિક્ષણેત્તર પ્રવૃતિઓને બિરદાવતા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભાવી કારકિર્દી માટેની શુભેચ્છા આપી હતી. પ્રવાસન અને હોસ્પિટાલિટી ઉદ્યોગ ક્ષેત્રના કન્સલ્ટન્ટ શ્રી રાજન ભટ્ટ કાર્યક્રમના મુખ્ય અતિથિનું પદ શોભાવ્યું હતું. તેમણે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. સી.વી.એમ.ના માનદ્ સહમંત્રી શ્રી મેહુલભાઈ ડી.પટેલ સાહેબ ગેસ્ટ ઓફ ઓનરનું પદ શોભાવ્યું હતું. આ પ્રસંગે સી.વી.એમ.ના અન્ય પદાધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા. કૉલેજના કા.આચાર્યશ્રી ડો.નિકુંજ પટેલે વર્ષ દરમ્યાન કોલેજે કરેલ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. વિદ્યાર્થી પરિષદના વાઈસ પ્રેસીડેન્ટ ડો.નિશીથ દવેએ સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે શૈક્ષણિક તેમજ વિવિધ પ્રવૃત્તિઓમાં મેળવેલ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સ્મૃતિભેટ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપકગણ દ્વારા કરવામાં આવેલ. કોલેજના સમગ્ર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ તેમજ જનરલ સેક્રેટરી શ્રી ઉર્વિશ પટેલ, એજ્યુકેટીવ સેક્રેટરી શ્રી આલોક જૈન તથા મધ્યસ્થ સમિતિના સભ્યોના સાથ અને સહકારથી વાર્ષિકોત્સવનો આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

॥ સ્મરણલેખ ॥

# સાચો સંબંધ બતલાવ્યો તેં, હે બગડેલી ઘડિયાળ.

**અશોકપુરી ગોસ્વામી.**

આજે તો ઓનેસ્ટ વોચ કંપનીનું બોર્ડ આણંદમાં તમને જોવા નહીં મળે.પરંતુ ૧૯૬૪ – ૬૫ની સાલમાં ઘડિયાળો વેચતી અને રીપેર કરતી કેટલીક જાણીતી દુકાનો પૈકીની તે એક હતી.ત્યારે ચાવીવાળી ઘડિયાળનો જમાનો.વળી કાંડા ઘડિયાળ તો મધ્યમવર્ગનું સ્વપ્ન અને પાછી પોષાય તેવી નવી નવી લકઝરી હતી. મધ્યમવર્ગના પરિવારો પોતાની દીકરીના લગ્નમાં જણસ તરીકે કાંડા ઘડિયાળ દેતા. વરરાજાને મંગળફેરામાં અને પોશ ભરાવતી વેળાએ ભાઈ બહેનને લેડીઝ ઘડિયાળ આપે. આવાં લેડીઝ ઘડિયાળ નવાં નવાં વાપરનારાંની બેદરકારીથી બગડતાં ત્યારે એને રીપેર કરાવવા આણંદ જવું પડતું આવે વખતે જાણકાર જોડે બગડેલી ઘડિયાળ રીપેર કરવા મોકલાતી.એમાં ય પરણાવેલી દીકરીનું ઘડીયાળ બગડે ત્યારે, સાસરિયાંની વઢવાની બીકે એ પિયરમાં આવે ત્યારે પોતાનું બગડેલું ઘડિયાળ રીપેર કરાવડાવે.

એકવાર મારા શીરે ય આવા જ એક લેડીઝ રીસ્ટ-વોચ રીપેર કરાવી લાવવાની જવાબદારી આવી. એક દિવસ પત્નીએ બંધ લેડીઝ ઘડિયાળ આપી એને ''સમૂ'' કરાવી લાવવા આગ્રહપૂર્વક કહ્યું. અમારા લગ્નના શરૂઆતના એ દિવસો.પત્નીનું નાનું સરખું ય કામ કરવા મન તત્પર. તે વખતે મેં ગામમાં કોઈ જાણકારને ઘડિયાળ સારું રીપેર કરનાર વિશે પૂછયું તો, આણંદના 'ઓનેસ્ટ વોચ' કંપનીનું નામ સામે આવ્યું. ઓનેસ્ટ વોચ કંપની આણંદના સ્ટેશન રોડપર, સરકારી દવાખાના સામે, એડવર્ડ વોશીંગ કંપનીની લાઈનમાં એક મેડા પર છે તેવી ભાળ મળી.એટલે એકવાર આણંદ જઈ પત્નીએ આપેલું ચેઈન સાથેનું લેડીઝ રીસ્ટ વોચ રીપેર માટે આપી એ ઘડિયાળીને, 'શું બગડયું છે?' એવું પૂછયું. ત્યારે, એ પ્રૌઢ, જરાક શામળા, ધોળા કાળા કાબર ચિતરાવાળવાળા અને ભરાવદાર મ્હોંવાળા વડીલ ઘડિયાળીએ 'બેલેન્સ વાલ'' નાખવો પડશે કહી; બગડવાનું કારણ પણ જણાવ્યું કે : વધુ પડતી ચાવી ભરાઈ જાય ત્યારે ઘડિયાળનું બેલેન્સ છટકી તુટી જાય...''કહી રૂપિયા પંદરનું બીલ મને બનાવી આપ્યું. મને આપેલા બીલમાં ઘડિયાળની કંપની, તેનો નંબર અને અન્ય વિગતો સાથે રીપેર રીસ્ટ વોચ પરત આપવાની તારીખ નાંખેલી.

દશ પંદર દિવસે પત્નીએ ઘડિયાળ યાદ કરાવ્યું. ત્યારે આજની જેમ જરાક કામ માટે ફટાફટ આણંદ ગયા અને પરત આવ્યા એવું નહીં. વારે ઘડીએ શહેરમાં જવું કોઈને ય ન પોસાતું. ગામડા ગામમાં અમે બે ત્રણ કામ ભેગાં કરી આણંદ જતા.ત્યારે આણંદ જવા-આવવા માત્ર એસ.ટી બસની જ વ્યવસ્થા, પણ તે ત્યારે નિયમિત અને સસ્તી. એકવાર સમયની અનુકૂળતા કાઢી મારાં બે ત્રણ કામ ભેગાં કરી હું આણંદ ગયો. બધાં કામ આટોપી છેલ્લે રીપેર કરવા દીધેલું પેલું રીસ્ટ વોચ લેવા ઓનેસ્ટ વોચ કંપનીના મેડે ચડયો.

ઝીણી વસ્તુ સાવ નજીકથી મોટી કરી જોવા માટેની આંખે ચડાવાની 'તોબરી' ચડાવી ઘડિયાળ રીપેર કરતા પ્રૌઢ ઘડિયાળીને મેં બીલ ધર્યું. એમણે આંખ પરથી પેલી દાબડી હટાવી. મેં ધરેલું બીલ વાંચતાં એમની આંખ ચમકી. મદદનીશ તરફ આંખ ઉલાળી એમણે ઈશારા જેવું કર્યું પછી, બીલને અને મને, મને અને બીલને વારાફરતી જોઈ સાવ ટાઢા અવાજે પૂછયું : ''છોકરા, ઘડિયાળ તારું છે..?''

તે વખતે ઉંમર મારી સત્તર અઢારની સાવ સૂકલો શામળો, સામાન્ય જણ હું. છોકરવિદ્યા. જરા ય પ્રભાવશાળી નહીં. તેમના પ્રશ્નથી હું પહેલાં તો બગવાયો. પણ પછી ''હાઆઆ..'' એવું એકાક્ષરી બોલ્યો.

'કેવું હતું ઘડિયાળ..?'' પોલીસ સ્ટેશને ફરિયાદીને જેવો પૂછાય એવો બીજો પ્રશ્ન. તેમની પૂછપરછનો ઉપક્રમ મને ન સમજાયો. મને થયું, કદાચ મને આપેલા બીલમાં ઘડિયાળની જે વીગતો લખી છે તે વીગતોવાળી કાગળની ટીકડી (ટેગ) મેં આપેલા ઘડિયાળને બાંધવાની રહી ગઈ હશે તેથી આવી પૂછતાછ કરે છે. કે પછી રીપેર માટે આપેલું ઘડિયાળ જ નહીં થયું હોય...??

તેમણે મને હવે આગળ કશું પૂછવાને બદલે એ બીલ પાછું મારા હાથમાં પકડાવી, ''ઓળખાણ આપી ઘડિયાળ લઈ જાવ...''કહી આંખે એમની કાચની 'તોબરી'લગાવી પોતાના કામે પ્રવૃત્ત થયા. સંકેત સ્પષ્ટ હતો કે ; ઘડિયાળ નહીં મળે.

'ઓ..ળ..ખા..ણ..?' એવું અચકાતાં અચકાતાં બોલી ભારે અવઢવ અનુભવતાં હું થોડીવાર ઊભો રહ્યો. 'શું કરવું ?'' તે ન સમજાય. આવી બાબતે સાવ બીન અનુભવી હું. એક તરફ મનમાં ફિલ્મના હીરોની માફક ઓળખાણ તો બીલ ખોવાઈ ગયું હોય, ગેરવલ્લે ગયું હોય કે , પૈસા બાકી રાખવાના હોય તો... તમે માગો.'' એવા ડાયલોગ ચાલે. પરંતુ બત્તી ન ફાટી. હું ઢીલા અને વીલા પગે દાદરો ઉતરી નીચે આવ્યો.

બધાં કામ પરવારીને છેલ્લે ઘડિયાળ લેવા હું આવ્યો હતો. કશું કામ હવે બાકી ન હતું. નિરાશ થઈ બસ સ્ટેન્ડ જવા નીકળ્યો. હું ચાલતો જતો હતો ત્યારે , આ ઘડિયાળીની લાઈનમાં ત્રણ ચાર દુકાન આગળ આવેલ એડવર્ડ વોશીંગ કંપનીના મેડાપર રહેતા અને આણંદ મ્યુનિસિપાલિટીના સફાઈ કામદારોના મુકાદમ તથા મારા જ્ઞાતિજન નરેન્દ્રભારતી ભભૂતભારતી ગોસ્વામીએ મને જોઈ બૂમ પાડી. ''અશોક.'' બૂમ સાંભળી મેં ઊંચે જોયું. એ મને હાથ હલાવીને બોલાવતા હતા.

આડે દિવસ તો, ''બસનો ટાઈમ છે, ફરી આવીશ.'' એવું તેવું બહાનું કાઢી ચાલ્યો જતો. પરંતુ એમની બૂમ સાંભળતાં જ મને તરત બત્તી થઈ. અને આશાભર્યો દાદર ચડી હું ઉપર ગયો..

''કેમ છે..? સારું છે..? ઘેર જાય છે..?'' એવા એમના બે ત્રણ પ્રશ્નોના જવાબ પાણી પીતાં પીતાં દીધાં અને પછી મેં એમને રાવ કરી ''નરેન્દ્રભાઈ, ઓનેસ્ટ વોચવાળો રીપેર કરવા આપેલું ઘડિયાળ નથી આલતો... ઓળખાણ માગે છે...બીલ છે તોય...' એમ કહી મેં એમને બીલ ધર્યું.

એમણેય ''બીલ છે પછી શાની ઓળખાણ...? ચાલ હું જોડે આવું..''કહી અમે ગયા ઓનેસ્ટ વોચના મેડે. નરેન્દ્રભાઈ તો એટેક કરતા હોય એમ : ''ચંદુભાઈ, શું કરવા હેરાન કરો છો આ છોકરાને....?'' કહી મારું આપેલું બીલ એમને ધર્યું. તેમની આટલી જ વાતમાં એ બન્નેની ભાઈબંધીની ઝલક મને વરતાઈ. મને થયું હવે ઘડિયાળ મળી જવાની. ઘડિયાળીના મનનું જાણે સમધાન થઈ ગયું હોય એમ મને કહે, 'તારું ઘડિયાળ ઓળખી લઈ લે.''કહી એમણે આઠ દસ ઘડિયાફ્ર મૂકેલી ટ્રે મારા તરફ ધકેલી.

'ઘડિયાળ લેડીઝ હતું... મારી વાઇફનું..'' એવું બોલી હું ટ્રેમાંના ઘડિયાળોમાંથી મેં આપેલું ઘડિયાફ્ર વરતવા મથ્યો ''વાઈફનું હોય કે બીજાનું... ઓળખીશ તો ખરો ને..?''કડક માસ્તર મૌખિક પરીક્ષા લેતો હોય એવું એ પૂછે.

''હાઆઆ... આપવા હું જ આવ્યો'તો.'' કહી બધાં ઘડિયાળ ફરી ધારી ધારીને જોયાં પરંતુ મેં આપેલ લેડીઝ રીસ્ટ વોચને હું ન ઓળખી શક્યો. હું દ્વિધાગ્રસ્ત. મનની મૂંઝવણ પરસેવો પરસેવો થઈ દેહપર પ્રસરી. ફરી જ્ઞાતિજન વહારે આવ્યા. કહે : ચંદુભાઈ આપી દોને બિચારાને ...હું ઓળખું છું એને અમારી જ્ઞાતિનો છે. કશો વાંધો નહી આવે..' તેમની ઓળખ, ખાતરી અને બાંયધરીને માન્ય રાખતા હોય એમ ઘડિયાળીએ ટ્રેમાંથી એક ઘડિયાળ ઉઠાવી નરેન્દ્રભાઈને બતાવી કહે : અમારે તો ઘરાક બીલ અને પૈસા આપે એટલે ઘડિયાળ દઈ દેવાનું જ હોય પણ આની ચેઈન સોનાની છે. જુઓ... પાકી ખાતરી કર્યા વિના કેમ અપાય... એમ કહી એમણે ઘડિયાળ નરેન્દ્રભાઈને આપ્યું. નરેન્દ્રભાઈ ઘડિયાળની ચેઈન જોઈ; ''દોઢેક તોલાની ચેઈન લાગ છે.'' કહી એમણે ઘડિયાળીને ઘડિયાળ પાછું આપ્યું.

''આ બીલ રસ્તે પડી ગયું હોય અને કોઈ ભળતો માણસ જ ઘડિયાળ લઈ જાય એટલાસર આટલી જરા ચોક્સાઈ..'' કહી એમણે મને ઘડિયાળ આપ્યું. એમને બીલ અને પૈસા દેતાં હું તો આભોગાભો થઈ ઘડિયાળની સોનાની ચેઈન જોઈ રહ્યો. રીપેર થયેલ ઘડિયાળની ચેઈન હવે મને ચળકતી લાગવા મંડી..

''આમ તો અમે જ આવી ચેઈન કાઢી, ઘરાકને પાછી આપીને જ બીલ બનાવીએ પણ તે દા'ડે કોણ જાણે કેમ..?'' ઘડિયાળી નરેન્દ્રભાઈને કહેતા હતા પરંતુ હું તો મેડા પર રહયે રહયે પહોંચી ગયો મારા ઘેર. અહી જે તાયફો થયો તેને માટે જે જવાબદાર હતી તેની સાથે મનોમન લડવા લાગ્યો ઓનેસ્ટ વોચ કંપનીના મેડે.

ઘેર આવી કૈંક રીસ અને ચીડસાથે રીપેર રીસ્ટ વોચ પત્નીના હાથમાં પછાડી વરાળ છોડતા પ્રેશર કૂકર જેમ ધખ્યો, 'મૂરખ.. બીવી'. તારે લીધે આણંદના બજારમાં મારી ભવાઈ થઈ...''કહી અકળાઈ એને લડવા લાગ્યો. પણ થોડીવાર પછી રીસ ચીડ કૈક ઓછાં થતાં એને આખી બીના કહી સંભળાવી.

સઘળી વાત સમજી લીધા પછી પત્ની સાવ ઠંડકથી : ''આ ઠપકો મને નહી...ઊભા રો'' કહી એણે પોતાની વાત અધૂરી રાખી ફળિયામાંથી મારી હમઉમ્ર ગોઠિયણને બોલાવી લાવી. આ ગોઠિયણનું લગ્ન પણ એ જ ઉનાળામાં, અમારાં લગ્નની આસપાસ થયું હતું. એ એના સાસરેથી અહી પિયરમાં રહેવા આવી હતી. મારી પત્ની અને એ સરખી ઉંમરનાં હોઈ એ બંને વચ્ચે ય સખીપણાં બંધાયાં હતાં. જેવી સખી આવી કે, પત્ની કહે : ''જેનું ઘડિયાફ્ર છે એમને ઠપકો આપો.મને નહી...' 'એટલે...??'' હું હક્કોબક્કો; ભોંચક્કો. ઘડિયાળ પત્નીનું નહી પણ સખીનું...? મેં મને પૂછયું. મારા મનમાં ઉઠેલા પ્રશ્નને સખી જાણી ગઈ હોય એમ :

''ઓવ્વે , ઘડિયાળ મારું હતું. કહ્યું નથી તને અનસુએ...?'' એણે ઉલ્ટાનું મને પૂછયું.

એણે આવું પૂછયું ત્યારે એનેય મેં પત્નીની જેમ જ : 'મૂરખ...તારા લીધે આણંદના બજારમાં મારે સોનાની... ચેઈન કાઢીને ના અલાય...? ઘડિયાળી તો ઘડિયાળ જ આપતો ન'તો...'

આ દરમ્યાન વાતની ગંભીરતા પામી ગયેલી પત્ની પણ એને ઠપકો આપતાં કહે: '

'અલા...મૂરખાં હોનાની ચેન છે એવું કે'વું તો અતું. પેલા ઘડિયાળીએ જો, ચેન..? તો એમને તો મરવા વારો આવત.'' મેં પત્નીને આગળ બોલતાં અટકાવી 'પણ ઘડિયાળી કેવો સારો હતો..? તે બધી વાત મે ફરી કરી છતાંય... ભોળી પત્નીને કાલ્પનિક ડર હજી ય સતાવે.

એ કહે, કોઈ બીજો હોત અને એણે સોનાની ચેનને ઓળવી લીધી હોત તો..?'' નહી બનેલી ઘટના, જો બની ગઈ હોત તો શું થાત.? એવા કાલ્પનિક ડરથી એ ગામડાની ગભરું હજીય સહજ નહતી થતી. એને આટલી બધી ફિકર-ચિંતા કરતી જોઈને ;

''અરે...એવું થયું હોત તો કહી દેત ઘરમાં કે ઘડિયાળ ખોવાઈ ગઈ મારાથી. એમ કૈ અશોકને માથે ના આવવા દઉં...'' ભિલ્લુને માથે દાવ ન આવે તે માટે જાતે 'આઉટ'' થતી હરખમુખીને અમે બંને જોઈ રહયાં.

શું કો'છો...લ્યાં...? સુરજમુખી ખીલે એમ ખીલતી પત્ની હેતના તલાવમાં માથાબોળ.સખીના બોલની ભીનાશમાં, એની આંખો ભેજવાળી થઈ. પોતાની વાત પર એ સચ્ચાઈનો સિક્કો મારતી હોય એમ એ ગળાને ઘોઘળે અડીને કહે, ''ગરાના હમ્મ.'' અને પછી મને એણે પૂછયું ''અશોક કેટલા...?''

એના પ્રશ્નથી અમે પતિ-પત્ની ભાનમાં આવ્યાં. હું કૈ જ બોલું તે પહેલાં જ પત્ની બોલી : ધત્...ગોંડાં..પૈસા હેના લેવાના...ને કોના લેવાના...? નથી લેવાના.'' એમ કહી પોતાના હાથમાંનું ઘડિયાળ સખીને પહેરાવી દીધું. હું

(અનુસંધાન પાન નં. -૨૮ પર)

॥ પ્રેરક પ્રસંગો ॥

## 'માનવતાની મહેક'

**શીલા વ્યાસ**

**મણકો: ૧**

અમારા શહેરની માધ્યમિક શાળામાં હું શિક્ષક એટલે નોકરીની આવકમાંથી પરિવારની પરવરિશમાં થોડી ખેંચ રહે. તેથી મેં ટ્યૂશન કરવાનું મુનાસિબ માન્યું. એ નિમિત્તે મારે લગભગ બધા વિષય તૈયાર કરવાના થાય. એવી મહેનતનો સંતોષ વિદ્યાર્થી તથા તેના વાલીના હૈયે હું જોઈ શકતો.

એક વખત મારે સામટા પચાસ હજારની જરૂર પડી. દીકરીનું સગપણ નક્કી થયેલું એના માટે ઘરેણાં બનાવવાના હતા. તેથી મારી ઘણાં વર્ષોની બચતમાંથી આજે ચેક દ્વારા ઉપાડ કરવાનો હતો. તેથી સેન્ટ્રલ બેન્કમાં હું હરોળમાં ઊભો રહી ગયો. ત્યાં મારી નજર રાજુ રીક્ષાવાળા પર પડી. તે આવ-જા કરતો, બેન્કના કર્મચારીને મળે, કંઈક પૂછે ને પાછો બહાર જાય. તો ઘડીમાં પાછો આવે. એમ બે-પાંચ વખત બન્યું એટલે મને શંકા ગઈ. આ રાજુને કાંઈક સમસ્યા હોવી જોઈએ. મેં વિચાર્યું ચેક વટાવી લઉં પછી પૂછી લઉં. એટલામાં ગ્રાહકો આગળ ખસતા મારો વારો આવ્યો. કાઉન્ટર પર મેં સહી કરી ચેક ધર્યો. મનમાં ઉમંગ હતો. દીકરીના હાથ પીળા કરવાની ફરજ સારી રીતે અદા કરીશ. ચાલો, ઠીક થયું. ધીરે-ધીરે કપડાં-ફર્નિચર, ઘરવખરી વગેરેની વ્યવસ્થા થઈ જશે. અહીંથી સીધો જ શ્રીજી જવેલર્સમાં જઈ બાકી બીલ ચૂકવી દઈશ. ત્યાં કાઉન્ટર ઉપર ટક-ટક અવાજે મને સતેજ કર્યો. સૂચના પ્રમાણે મારી પાસબુક દર્શાવી, ચેકની પાછળ મો. નંબર લખી, ફરીથી સહી કરી અને રોકડા હા, મારી સખત મહેનતના રૂપિયા પચાસ હજાર સંભાળી લઈને હું ચાલતો થયો.

એટલામાં અચાનક રાજુ ધૂંધવાતો, ઊંધુ ઘાલીને ચાલતો મને અથડાયો. હં...હં.. ભાઈ ધીમે...ધીમે.. કહેતાં મેં એને ખભે હાથ મૂકી ઊભો રાખ્યો. એ બે હાથ જોડી, ગભરાયેલો બોલ્યો, ''સાહેબ માફ કરો. ઉતાવળમાં આપને અથડાઈ ગયો. એ મારા ચરણોમાં ઝૂકવા ગયો... મેં તેને ઊભો કર્યો, ને પૂછી જ નાંખ્યું, ''અલ્યા, શું આમ રઘવાયો થયો છે?'' એ ધ્રૂજતા અવાજે બોલ્યો, ''સાહેબ મારી મદદ કરો. હું ખૂબ ભીડમાં આવી પડ્યો છું. મેં રીક્ષા માટે લીધેલી લોનના હપ્તા પૂરાં નહીં થાય તો મારી ગરીબી મને ભરખી જાશે.'' મેં પૂછ્યું, ''લોનથી રીક્ષા લીધાને કેટલા વર્ષ થયા?'' તો કહે, સાહેબ પાંચ વર્ષની લોન હતી. આજે પૂરી થાય છે, પણ છેલ્લા પચ્ચીસ હજાર ખૂટે છે, મારા જેવા નાના માણસને, ગરીબડાને કોણ આલે? આ રીક્ષા જ મારી રોજી રોટી છે. ટાઈમસર લોન પૂરી ન થાય તો બેન્ક મારી રીક્ષા હડપ કરશે. તમે મારા ભગવાન! કાંક કરો, મને ઉગારી લો. મારાં છોરાં શું ખાશે?

રાજુને આમ કરગરતો જોઈને મને દયા આવી. ઘડી પછી વિચાર સૂઝ્યો. મારી પાસેના પચાસ હજારમાંથી તેને અડધા આપી દઉં તો કેવું? મેં ખીસ્સામાંથી રૂપિયા કાઢયા. બે હજારની દસ નોટ અને પાંચસોની દસ એમ કુલ વીસ નોટ ગણીને એના હાથમાં મૂકતાં કહ્યું,"મને લાગે છે કે મારી જરૂરિયાત કરતાં તારી જીવનજરૂરિયાત વધુ તીવ્ર અને સાચી છે. કાલે, આ હપ્તાના બાકી પૈસા અહીં બેન્કમાં જ ભરી દેજે. તારી રીક્ષા કોઈ નહીં છીનવી શકે. તારી આંખમાંથી ટપકતાં આંસુ મને સચ્ચાઈ અને ઈમાનદારીના દેખાય છે. જા ખુશ થા, હવે રડીશ નહીં.''

તેણે ફાટી આંખે અને ફફડતા હોઠે મારા બન્ને હાથ પકડી લીધા. પછી કહે, ''ના સાહેબ ના. મારાથી તમ પાસેથી ન લેવાય. આપણો શું નાતો? કે આપણી શું ઓળખાણ-પિછાણ? તમે મને ઓળખો છો? મારું ઘર જોયું છે? હું ક્યાંથી આવું છું તમને ખબર છે?'' મેં કહ્યું, ''નારે ભાઈ, મારે ક્યાં જાણવા-પીછાણવાની જરૂર છે તારે જે મદદ જોઈએ છે તે હું આપવા તૈયાર છું. બસ એટલું જ બાકી આપણે તો બે આંખોની ઓળખ અને ઉપરવાળાની શરમ છે. હવે ઝાઝું, કશું પૂછતો નહી, લે, લઈ જા, પતાવ તારું કામ.'' કહી મેં કડકડતી, નવી નકોર નોટો એના ખમીસના ખીસ્સામાં મૂકી દીધી ને હું ચાલતો થયો. બેન્કમાં મૌજુદ સૌ કોઈએ અવાચક થઈ આ દશ્ય જોયું. ત્યાં રાજુ ફરી બે-ચાર ડગલા -ઝડપથી ચાલી મારી સામે આવી મને સલામ કરતો ઊભો રહી ગયો. પછી અમે એક મધુરા ગીત સ્મિત સાથે છૂટા પડ્યા.....''

(આર્ટ્સ-કોમર્સ કોલેજ, બોરસદ જિ. આણંદ)

**આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીસ એન્ડ રિસર્ચ, ડિપાર્ટમેન્ટ ઓફ એન્વિરોમેન્ટલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ છેલ્લા ૨૦ વર્ષથી વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં કાર્યરત છે. આ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ, સો ટકા પરિણામ અને નોકરીની તકો પૂરી પાડવામાં આવે છે. જેના ભાગરૂપે તાજેતરમાં ચોથા સેમિસ્ટરના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

# Tools for sustainable crop production under changing environment

Yachana Jha

**Abstract**

Constant supply of quality food and other resources to a growing world population is of crucial importance for human existence and hence for any human activity. However, there are a great number of problems that threaten this ability of agriculture to fulfill human needs, including climate change; a high rate of biodiversity loss; land degradation through soil erosion, compaction, salinization and pollution; depletion and pollution of water resources; rising production costs; an ever decreasing number of farms. The idea of a sustainable agriculture has gained prominence due to global environment changes and highlights the way for action involved with sustainable agriculture to deal with the complexity and multiplicity in a constructive manner.

**Introduction**

Plants are directly affected by environmental factor at any time in many ways. Environmental factors can be abiotic and biotic in nature. Biotic environmental factors, resulting from symbiotic or parasitic interaction of plant with other organisms, Abiotic environmental factors include temperature, humidity, light intensity, supply of water and minerals, and CO2; these are the parameters and resources that determine the growth of a plant. Crop production will be affected by both biotic and abiotic factors, but global environmental change, resulting in world-wide food shortages and starvation. Most prominent environmental change is global warming and high atmospheric temperatures caused by elevated concentration of CO2 which induces heat injury or physiological disorders in crops and decrease the agricultural production. Photosynthesis is one of the most sensitive physiological processes towards high temperature stress. Reproductive development is more sensitive than vegetative development for high temperatures, and heat-sensitivity differs among crops. Water shortages caused by global warming will be the greatest problem for crop production. Plants fundamentally rely on adequate fresh water, and agricultural water accounts for 70% of water use world-wide. As higher temperatures increase evaporation from water sources and decrease precipitation, arid regions will become further decertified. Particularly in semiarid regions, the cultivatable area will decrease because of drought.

Crop production is the foundation of world food security, and it is at risk. Climate change, environmental degradation and stagnating yields are threatening world food security now and will continue to do so in the future. So need of the hour is to move toward sustainable agricultural production. The crops production need to be equipped with disease resistance, salt tolerance, drought tolerance, heavy metal stress tolerance, and better nutritional value. To fulfil the above desired crop properties, one possibility is to use soil microorganisms (bacteria, fungi, algae, etc.) These potential soil microorganisms, root associated bacteria are the most promising candidates to enhance plant health and promote plant growth rate without environmental contamination.

**The Challenge**

Food production and consumption need to be placed on a truly sustainable footing. In order to meet projected demand, farmers in the developing world must double food production, a challenge made even more daunting by the combined effects of climate change and growing competition for land, water and energy. The present paradigm of intensive crop production cannot meet the challenges of the 21st century. Sustainable crop production intensification, also known as 'save and grow', represents a major shift from the homogeneous model of crop production to knowledge-intensive, often location-specific, farming systems. This new paradigm uses an eco-system approach that draws on nature's contribution to crop growth and applies appropriate external inputs at the right time, in the right amount. Hence, there is a need to move from input-based to knowledge-based cropping systems. For optimal impact on productivity and sustainability, Sustainable crop production intensification will need to be applied to a wide variety of farming systems, and adaptable to specific agro-ecological and socioeconomic contexts. With policy support and adequate funding, sustainable crop production intensification could be implemented over large production areas, in a relatively short period of time.

**Sustainable agriculture**

It is recognized that the enormous gains in crop production and productivity achieved through the Green Revolution and were often accompanied by negative effects on agriculture's natural resource base. In many countries, decades of intensive cropping have degraded fertile land and depleted groundwater, caused pest upsurges, eroded biodiversity, and polluted air, soil and water. Today's major global changes: widening economic inequality, degradation of ecosystems on which food production depends, and the quickening pace of climate change, which threatens crop yields worldwide.

So, aim of sustainable agriculture is a type of agriculture that focuses on producing long-term crops

and livestock while having minimal effects on the environment. Sustainable crop production intensification is an eco-friendly approach of farming to achieve the higher yields in combination with protecting natural resources. It combines traditional knowledge with modern technologies that can be adapted to the specific needs of farmers.

This type of agriculture tries to find a good balance between the need for food production and the preservation of the ecological system within the environment. In addition to producing food, there are several overall goals associated with sustainable agriculture, including conserving water, reducing the use of fertilizers and pesticides, and promoting biodiversity in crops grown and the ecosystem. Sustainable agriculture also focuses on maintaining economic stability of farms and helping farmers improve their techniques and quality of life.There are many farming strategies that are used to make agriculture more sustainable. Some of the most common techniques include growing plants that can create their own nutrients to reduce the use of fertilizers and rotating crops in fields, which minimizes pesticide use because the crops are changing frequently. Another common technique is mixing crops, which reduces the risk of a disease destroying a whole crop and decreases the need for pesticides and herbicides. Most suitable technique is use soil microorganisms (bacteria, fungi, algae, etc.) that increase the nutrient uptake capacity and water use efficiency of crop.Sustainable farmers also utilize water management systems, such as drip irrigation, that reduce wastage of water.

**Mixed-Cropping Systems**

Mixed cropping is defined as the cultivation of a mixture of two (or more) crops together in the same field. Mixed-cropping systems can be characterized according to the degree to which roots of different crop species interact, which is determined not only by the mixed-cropping system but also by the root architecture of each of the crops in the mixture (Hiddink et al. 2004). In a mixed setting,distances between hosts are generally greater than when grown as single crops and disease will spread more slowly (host dilution). Also allelopathy, microclimate change, root camouflage, and microbial antagonism have been a potential mechanisms underlying the disease suppression induced by mixed cropping.

Strip mixed cropping is the “strip-wise simultaneous cultivation of multiple crops in rows, wide enough to permit independent cultivation but still sufficiently narrow to interact agronomically”. Relay mixed cropping is the simultaneous cultivation of multiple crops duringonly part of their field period. The second crop is planted at the time when the first crop reaches its reproductive stage but has not yet been harvested. When root systems of both crops overlap sufficiently, disease-suppressive effects due to allelopathy, microbial antagonism, or physical separation between pathogen and host may occur. Because of the time gap between sowing of both crops (strip), tillage between rows of the standing crop can affect pathogen establishment and spread by burial of inoculum.

**Crop Rotation**

Crop rotation is the practice of growing crops on the same field sequentially in time. Crop rotation is commonly practiced to avoid the buildup of soil borne pathogens and use of same type of nutrient, to maintain a balanced soil fertility, and to avoid intensive soil tillage before planting root crops (Garrett and Cox, 2006).Crop rotation and mixed cropping are natural methods of replenishing the nutrients of the soil. Beans and Legumes are such crop that "replenishes" a specific nutrient ("fixing" nitrogen"). Legumes have symbiotic nitrogen-fixing bacteria and help in fixing" nitrogen. Nutrients are replenished by certain different microorganism that are found in the soil or also by the death of certain plants such as the rhizobium harboring plant. The decaying plants tend to slowly break down into the basic soil nutrients over a period of time. Corn uses a lot of nitrogen, so planting it after a crop of nitrogen-fixing beans will help on wonderful growth. Cabbage and broccoli are heavy feeders, so rotating them with light feeders such as carrots and onions will help keep the soil healthy.

The beneficial effect of crop rotation against many pathogens is due to their limited host range. The host-dependent reproduction of most pathogens (Garrett and Cox 2006) limits inoculum buildup and viability of the inoculum present diminishes in time when non hosts are grown Alternations of dicotyledonous with monocotyledonous crops are effective in limitingthe inoculum levels of the majority of plant pathogens. Alternation with hosts that do not support inoculum production can be ameasure to reduce the amount of pathogen inoculum. Incorporation of several Brassica species has been shown to reduce disease incidence caused by Rhizoctonia solani, Phytophthora erythroseptica, Pythium ultimum, Sclerotinia sclerotiorum, or Fusarium sambucinumin in potato.

**Root-associated bacteria**

Root-associated microbes, primarily from the region of rhizoplane and endosphere, have influential role for promoting plant growth and development. These microbial communities either

directly or indirectly affect the root and subsequently the whole plant. Plant–microbial interactions influence ecosystem functioning through carbon sequestration and nutrient cycling – in natural ecosystems as well as in agricultural systems (Shakya et al., 2013) thus understanding the drivers of the plant associated microbes is of great relevance. For decades, varieties of root associated bacteria have been commercialized, including the species Pseudomonas, Bacillus, Enterobacter, Klebsiella, Azobacter, Variovorax Azosprillum, and Serratia. However, the utilization of root associated bacteria in the agriculture industry represents only a small fraction of agricultural practice worldwide. This is due to the inconsistent properties of the inoculated root associated bacteria, which could influence crop production. The successful utilization of root associated bacteria is dependent on its survival in soil, the compatibility with the crop on which it is inoculated, the interaction ability with indigenous microflora in soil, and environmental factors. Bacteria and plant interaction is a symbiotic interaction, which are convincingly demonstrated to assuage abiotic and biotic stress-impacts and subsequently augment the plant suitability under adverse condition. Among various interaction in plant, plant-microbe interaction is an important interaction in which one of the associates contribute by neutral, magnificent or negative effect on the other (Doty, 2016). Another challenge is that the modes of action of root associated bacteria are diverse and not all rhizobacteria possess the same mechanisms. These disadvantages limit the application of root associated bacteria Therefore, the competition between synthetic chemical fertilizers and root associated bacteria as a biofertilizer is deemed redundant in the face of the global agricultural productivity needed to feed the booming world's population. The mechanisms by which bacteria can influence plant growth differ among species and strains, so typically there is no single mechanism for promoting plant growth. Many bacteria promote plant growth at various stages of the host plant life cycle through different mechanisms.The influence of bacteria in the rhizosphere of plants is largely due to the nitrogen fixation, production of phosphorous, siderophores, phytohormones and antibiotics.

**Drip Irrigation System for CropProduction**

Irrigation is the artificial application of water to the soil for the purpose of crop production. Irrigation water is applied to supplement rainfall. In many areas of the world, the amount and timing of rainfall are not adequate to meet the moisture requirement of crops and so irrigation is necessary to meet the needs of food and fiber designed to allow farming in arid and semi-arid regions to reduce drought. The increasing need for crop production for the growingpopulation is causing the rapid expansion of irrigation throughout the world.

Drip or trickle irrigation is one of the latest methods of irrigation, which is becoming increasingly popular in areas where there is water scarcity and salt problem (Isikwue and Onyilo, (2010). It allows water to be applied uniformly and slowly to the plantso that essentially all the water is placed in the root zone. In drip irrigation conventional losses, deep percolation, runoff, and soil water evaporation are minimized. Drip irrigation is categorized according to their placement in thefield: surface drip system – water is applied directly to the soil surface, sub surface drip irrigation system- water is applied below the soil surface through perforated pipes. In this method, irrigation water is accomplished by using small diameter plastic lateral lines and a device called emitter or dripper at selected spacing to deliver water to the soil surface near the base of the plant. The system applies water slowly to keep the soil moisture within the desired range for plant growth.

**Conclusion**

Sustainable crop production intensification is an eco-friendly approach to farming that will help achieve the higher yields needed while enhancing and protecting natural resources. It combines traditional knowledge with modern technologies that can be adapted to the specific needs of farmers.

**References**

1. Doty, S.L. Plant–microbe symbiotic interactions.Plant MolBiol (2016) 90: 535. https://doi.org/10.1007/s11103-016-0470-y.
2. Garrett KA, Cox CM (2006) Applied biodiversity science: managing emerging diseases in agriculture and linked natural systems using ecological principles. In: Ostfeld R, Keesing F, Eviner V (eds) Infectious disease ecology: the effects of ecosystems on disease and of disease on ecosystems. Princeton University Press, Princeton, NJ, pp 368–386.
3. Hiddink GA, Termorshuizen AJ, Raaijmakers JM, van Bruggen AHC (2004) Effect of mixed cropping on rhizosphere microbial communities and plant health. In: Book of abstracts international congress rhizosphere 2004, Munich, Germany, 12–17 Sept 2004.
4. Shakya, Migun & Quince, Christopher & Campbell, James & Yang, Zamin&Schadt, Christopher &Podar, Mircea. (2013). Shakya M, Quince C, Campbell JH, Yang ZK, Schadt CW, Podar M.. Comparative metagenomic and rRNA microbial diversity characterization using Archaeal

and Bacterial synthetic communities. Environ Microbiol 15: 1882-1899. Environmental microbiology. 15. 10.1111/1462-2920.12086.

5. IsikwueM O, Onyilo A F (2010).Influence of land use on the hydraulic response of a loamysand tropical soil. JournalofEmerging Trends in Engineering and AppliedSciences.Vol.1 No. 2: 144 – 149. http://www.Jeteas.scholarlinkresearch.org ISSN: 2141-7016.

(N. V. Patel College of Pure and Applied Sciences, V V Nagar, Anand 388120 (Gujarat). India. Ph. No- +91-9426282152, Email: yachanajha@ymail.com)

(અનુસંધાન પાન નં. ૨૩ પરનું)

પત્નીને જોઈ જ રહયો.એ બંને હવે એમની અંતરંગ વાતોમાં મગ્ન થયાં. આ બધામાંથી ફારેગ થઈ, મેં મનોમન ઓનેસ્ટ વોચ કંપનીના ચંદુભાઈને કહ્યું : વડીલ, તમે આજે જે લેફ્ટ-રાઈટ' કરાવી તે સારું થયું..આટલી ચોકસાઈ જો તમે ન કરી હોત તો કેમ પમાત..?? આ સખીપણું..??'

હું હવે સખીની આંખોમાં ભરોસાની ભીની ચમકને જોઉં છું અને એ ચમક ઝીલતી પત્નીની ભેજથી ચળકતી આંખોને જોઉં છું. એ ચારે ય આંખો મને હીરાની ઝગમગ કણીઓ જેવી લાગે છે.

ઉંમરના આ પડાવે..ઉંમરના તે પડાવનું દાયકાઓ પુરાણું, શુક્રના તારા શું તેજસ્વી આ સંસ્મરણ હંમેશ ઉજાશ આપે છે અંધારામાં. આજે ય આણંદમાં એ રસ્તેથી પસાર થાઉં છું ત્યારે હજારો આધિ, વ્યાધિ અને ઉપાધિઓની વચ્ચે ય ઊંચે જોવાઈ જાય છે. આંખ ઓનેસ્ટ વોચ કંપનીનું બોર્ડ જ્યાં હતું ત્યાં સ્થિર થાય છે અને , મને દેખાય છે પેલા ચંદુભાઈ ઘડિયાળી કે, જેમણે ઓનેસ્ટીના પર્યાય સમી ચીવટ, ચોક્સાઈ અને પ્રમાણિકતા દાખવી મારી એ કાચી ઉંમરે મને 'જીવનિયત' કહેતાં જીવનરીતિના પાઠ મને ભણાવ્યા. હા, જીવનિયતના પાઠ મિત્રો. જીવાતા જીવન સાથે સહજપણે થતી સાત્વિક વૃત્તિ...પ્રવૃત્તિ. એ જીવનિયત. એ જ તો આપણી ભારતીય સંસ્કૃતિ. આ સ્મરણલેખ'કુમાર' માટે લખી રહ્યો ત્યારે , સમાપનમાં મુખવાસ જેવો શેર પણ સ્ફૂર્યો તે પણ આપને શેયર કરું...

" સાચો સંબંધ બતલાવ્યો તેં, હે બગડેલી ઘડિયાળ,
તરસ્યાને પાણી મળે જ્યમ રણમાં અંતરિયાળ."

સૌજન્ય: ''કુમાર''

(૨૨, સોનલ રેસીડેન્સી, વસંત વિહાર પાસે.
વિદ્યાનગર- કરમસદ રોડ મુ.વિદ્યાનગર -૩૮૮ ૧૨૦
મો. ૯૪૨૭૮૫૭૦૩૭)

**ન્યુ વિદ્યાનગરની એરીબાસ કોલેજમાં એલ્યુમીની કાર્યક્રમ યોજાયો.**


ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિધ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈંટરીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઈન બાયોટેક્નોલોજી એન્ડ એલાઈડ સાયન્સ (એરીબાસ) કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું. જેમાં એમ.એસ.સી (ઈંટરીગ્રેટેડ) બાયોટેક્નોલોજી, માઈક્રોબાયોલોજી, જીનેટિક્સ, બાયોટેક્નોલોજી, ફોરેન્સિક સાયન્સ અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રિના વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અલગ અલગ જગ્યા પર ફરજ બજાવે છે તે સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ આપીને એરીબાસ કૉલેજમાં બોલાવ્યા હતાં અને તેમને સંસ્થાના ઈનચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈ મેડમે આવકાર્યા હતાં. એરીબાસના એલ્યુમીની એસોશિએશનનાં કન્વીનર ડૉ. મુકુંદ ઠાકુરે વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. ડૉ. સ્વાતિ નારોલકર દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવકાર આપ્યા બાદ એલ્યુમીની કાર્યપ્રણાલી રજૂ કરી હતી. કેરીયર કાઉન્સિલ સેલ (સી-ક્યુબ)ના કન્વીનર ડૉ. સ્નેહલે એરીબાસના તમામ વિદ્યાર્થીઓ જે અભ્યાસ કર્યા બાદ અલગ અલગ જગ્યા પર ફરજ બજાવે છે તે અંગેની માહિતી આપી હતી. અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કેરીયર કાઉન્સિલ સેલની રજિસ્ટ્રેશન અંગેની માહિતી આપવામાં આવી હતી. સી-ક્યુબના સાથી મેમ્બરો ડૉ. સુનિલ ખ્રિસ્તી અને ડૉ. આરિફ ખાન દ્વારા વિવિધ બાયોટેક્નોલોજી કંપનીઓ, રિસર્ચ સંસ્થાઓનો સંપર્ક કરીને બાયોટેકનોલોજી ક્ષેત્રે રોજગારી ક્ળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે તે અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે એરીબાસના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. અંતમાં ડૉ સુનિલ ખ્રિસ્તીએ સૌનો આભાર વ્યકત કર્યો હતો. એલ્યુમીની એસોશિએશનના કન્વીનર ડૉ. મુકુંદ ઠાકુર અને તેમની ટીમના સભ્યો ડૉ. સ્વાતિ નારોલકર, ડૉ. સુનિલ ખ્રિસ્તી અને પ્રિતેશભાઇ પટેલે આ પ્રસંગે સર્વે વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પ્રગતિ સધાય અને શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવલ બને તે માટે તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

# યોગાસનોઃ પરિચય, મહત્ત્વ અને નિયમો

**પી.ડી. શર્મા**

ભારતવર્ષમાં અત્યંત પ્રાચીન કાળથી યોગવ્યાયામ કરવાની પદ્ધતિ પ્રચલિત છે. યોગ શબ્દ 'યુજ્' ધાતુ ઉપરથી બન્યો છે. જેનો અર્થ જોડાણ કે સંધાન થાય છે. યોગ દ્વારા આત્મા અને પરમાત્માનું જોડાણ થાય છે. આપણા ઋષિમુનિઓએ શરીર, મન અને પ્રાણની શુદ્ધિ તેમજ પરમાત્માની પ્રાપ્તિ માટે યોગનાં આઠ અંગો સૂચવ્યા છે. આ આઠ અંગો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આસન એટલે સ્થિરસુખમાસનમ્ અર્થાત્ શરીર સ્થિર રહે અને મનને સુખપ્રાપ્ત થાય એ જાતની શરીરની સ્થિતિને 'આસન' કહેવામાં આવે છે. યોગાસનો શરીરના આંતર-બાહ્ય ભાગોને સ્વસ્થ રાખવાની ક્રિયાઓ છે. જ્યાં સુધી શરીરના આંતર-બાહ્ય ભાગો સ્વસ્થ ન હોય ત્યાં સુધી કોઈ પણ કાર્ય સારી રીતે કરી શકાતું નથી. શરીર અને મનનો એકબીજા સાથે ગાઢ સંબંધ છે. એકની અવગણના કરીને બીજાને સાચવી ન શકાય, એટલા માટે જ આજથી હજારો વર્ષ પહેલા ગ્રીક લોકો 'સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મન હોય છે.' (A sound mind in a Dound body)ના સિદ્ધાંતમાં માનતા હતા. તેમની કેળવણીની સમગ્ર પદ્ધતિ આ સિદ્ધાંત પર જ આધારિત હતી.

દરરોજની શારીરિક ક્રિયાઓને લીધે તેમજ ભોજન લેવાથી શરીરમાં જે મળમૂત્ર અને વિકૃતિઓ ઉત્પન્ન થાય છે તે સાત માર્ગો દ્વારા શરીરમાંથી બહાર નીકળે છે. (૧) ડાબાં-જમણાં નસકોરાં દ્વારા, (૨) ડાબાં-જમણાં નેત્રો દ્વારા, (૩) ડાબા-જમણા કર્ણો દ્વારા (૪) મુખ દ્વારા, (૫) ગુદા દ્વારા (૬) જનનેન્દ્રિય દ્વારા અને (૭) ચામડી દ્વારા. જો આ સાત માર્ગો દ્વારા શરીરની મળમૂત્ર વગેરે વિકૃતિઓ પૂરતા પ્રમાણમાં અને નિયમિત રીતે શરીરની બહાર ન નીકળે તો મોટા ભાગના રોગો થાય છે. યોગાસનપદ્ધતિ દ્વારા મળમૂત્ર વગેરે વિકૃતિઓ ઉપરના સાત માર્ગો દ્વારા પૂરતા પ્રમાણમાં અને સરળતાથી શરીરની બહાર નીકળી રહે છે.



**યોગાસનોનું મહત્ત્વઃ**

યોગાસનપદ્ધતિ વ્યાયામ કરવાની અન્ય પદ્ધતિઓના મુકાબલે વધારે મહત્ત્વની છે. તેનાં મુખ્ય કારણો નીચે મુજબ છેઃ

૧. બીજી પદ્ધતિઓમાં શરીરનાં આંતરિક અંગોને યોગ્ય પ્રમાણમાં કસરત મળતી નથી, જ્યારે યોગાસન પદ્ધતિથી શરીરનાં આંતરિક અંગોને પૂરતા પ્રમાણમાં કસરત મળી રહે છે. પરિણામે યોગાસન પદ્ધતિથી વ્યક્તિ વધારે સમય સુધી સ્વસ્થ રહી જીવી શકે છે.
૨. યોગાસન માટે ખૂબ જ ઓછી જગ્યા અને ઓછાં સાધનોની જરૂર પડે છે.
૩. બીજી રમતોમાં સાથી ખેલાડીઓની જરૂર પડે છે, જ્યારે યોગાસનો વ્યક્તિ પોતે એકલી કરી શકે છે.
૪. વ્યાયામની બીજી પદ્ધતિઓ કરતાં યોગાસનોની અસર મન અને ઇન્દ્રિયો ઉપર વધારે પડે છે. તેને કારણે મન અને ઇન્દ્રિયોને વશમાં કરવાની વ્યક્તિની આંતરિક તન-મનની શક્તિનો વિકાસ થાય છે.
૫. યોગાસનમાં વધારે ખોરાકની જરૂર પડતી નથી. તેથી વિશેષ ખર્ચ કરવો પડતો નથી.
૬. યોગાસનો દ્વારા મળ અને અન્ય વિકૃતિઓ સારી રીતે બહાર નીકળી શકે છે, જેને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને શરીર રોગમુક્ત બને છે.
૭. યોગાસનોથી શરીર લચીલું બને છે. આથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે, કામ કરવાની શક્તિ વધે છે. વ્યક્તિ યુવાન લાગે છે અને તેનું આયુષ્ય વધે છે.
૮. જુદાં જુદાં આસનો દ્વારા શરીરની જુદી જુદી કેશવાહિનીઓનું રક્ત ઝડપથી શુદ્ધ કરી શકાય છે.
૯. યોગાસનો અને પ્રાણાયામથી ફેફસાંની સંકોચન અને પ્રસરણની શક્તિ વધે છે. તેને કારણે રુધિર વધારે પ્રમાણમાં શુદ્ધ થાય છે.
૧૦. આયુષ્ય, યૌવન અને સ્વસ્થતા કરોડરજ્જુની સુનમ્યતા ઉપર આધારિત હોય છે. આસનો દ્વારા કરોડરજ્જુને સુનમ્ય રાખી શકાય છે.
૧૧. આસનો કરતી વખતે ખૂબ જ ઓછી શક્તિનો વ્યય થાય છે. પરિણામે ઓછો થાક લાગે છે. એટલા માટે જ યોગાસનોને 'અહિંસક ક્રિયાઓ' કહેવામાં આવે છે.
૧૨. યોગાસન વ્યક્તિને સચ્ચરિત્રવાન બનાવે છે.
૧૩. યોગાસનોથી મન શાંતિ અનુભવે છે. તેને કારણે માનસિક શક્તિ વધે છે અને બુદ્ધિનો વિકાસ થાય છે.
૧૪. યોગાસનોથી શરીરની જુદી જુદી ગ્રંથિઓને જાગૃત કરી શકાય છે, જેનાથી તેમનામાં યોગ્ય પ્રમાણમાં રસ ઉત્પન્ન થાય છે. આ રસ રુધિરમાં ભળીને શરીરનો સંતુલિત વિકાસ કરે છે.
૧૫. યોગાસનો અને પ્રાણાયામથી કબજિયાત, ગેસ, મધુપ્રમેહ, બ્લડપ્રેશર, હર્નિયા, માથાનો દુખાવો વગેરે રોગો મટાડી શકાય છે.

૧૬. યોગાસનો દ્વારા શારીરિક અને માનસિક વિકાસની સાથે સાથે બૌદ્ધિક અને આત્મિક વિકાસ પણ શક્ય બને છે.

૧૭. મોટી ઉંમરના ભાઇબહેનો પણ યોગાસન કરી શકે છે. આ સંપૂર્ણ રીતે ભારતીય વ્યાયામ પદ્ધતિ છે. આપણા ઋષિમુનિઓએ હજારો વર્ષો સુધી આ પદ્ધતિ અપનાવી હતી. પરિણામે તેઓ ઘણાં વર્ષો સુધી સ્વસ્થ રહેતા હતા.

૧૮. યોગાસનો હૃદય અને જ્ઞાનતંત્રને બળવાન અને કાર્યક્ષમ બનાવે છે. તેમજ ચિત્તને સમતા અને શાંતિ પ્રદાન કરે છે.

૧૯. યોગાસનોના અભ્યાસથી શરીર અને મનને થોડા સમયમાં ઘણો આરામ મળે છે. દા.ત. ઊંઘથી પણ વધુ ગહન આરામ સાચી રીતે કરેલું શવાસન આપે છે.

૨૦. નિયમિત યોગાસનો કરનારના શરીરમાં કોઇ અશુદ્ધિઓ રહેતી ન હોવાથી તે સદાય શાંત, પ્રસન્ન રહે છે.

**નિયમોનું પાલન**

યોગાસનોથી પૂરેપૂરો લાભ મેળવવા માટે નીચેના નિયમોનું પાલન કરવું હિતાવહ છે.

૧. યોગાસનો પ્રાતઃકાળે શૌચક્રિયા કર્યા પછી કરવાં જોઇએ. જો સ્નાન કરીને યોગાસનો કરવામાં આવે તો વધારે સારું કારણ કે સ્નાનથી શરીર હલકું અને સ્ફૂર્તિવાળું બને છે તેમજ આસનો સરળતાથી કરી શકાય છે. યોગાસનો બાદ સ્નાન કરવું હોય તો ઠંડું પાણી ન વાપરતાં ઉષ્ણ પાણી વાપરવું જોઇએ. સંધ્યાકાળે જમ્યા પહેલાં પણ આસનો કરી શકાય છે.

૨. આસનો કરવાની જગ્યા સમતલ, સ્વચ્છ અને શાંત હોવી જોઇએ. જમીન ઉપર શેતરંજી કે આસન પાથરીને યોગાસનો કરવાં.

૩. ઋતુ અનુસાર પોશાક પહેરવો જોઇએ. પુરુષો માટે લંગોટ અથવા જાંગિયો અને ચડ્ડી તથા સ્ત્રીઓ માટે પંજાબી ડ્રેસ અથવા સ્લેક્સ વધુ અનુકૂળ રહે છે.

૪. આસનો કરતી વખતે વાતચીત કરવી નહિં. આસન કરનારનું ધ્યાન શ્વાસ ઉપર તેમજ શરીરનાં જે અંગો ઉપર જોર પડતું હોય તે અંગો ઉપર રહેવું જોઇએ. એકાગ્રતાથી આસન કરવામાં આવે તો શારીરિક અને માનસિક લાભ વધુ થાય છે.

૫. આસનો શરૂ કરતાં પહેલાં શવાસન કરીને શ્વાસ, શરીર અને મનને શાંત કરવાં જોઇએ.

૬. યોગાસન અહિંસક ક્રિયા છે, એટલે ઝટકા સાથે અથવા બળ કરીને કોઇપણ આસન ન કરવું.

૭. યોગાસનનો અભ્યાસ ધીમે ધીમે વધારવો જોઇએ. આમ કરવાથી શરીરમાં સુનમ્યતા પેદા થશે અને થોડા જ સમયમાં સરળતાથી આસનની પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરી શકાશે.

૮. યોગાસન એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે તેનો સંબંધ શરીરના આંતર-બાહ્ય ભાગો સાથે છે. એટલે આસનો કોઇ જાણકાર વ્યક્તિ પાસેથી વિધિપૂર્વક શીખ્યા પછી જ કરવાં.

૯. આસન કરનારે શક્ય હોય ત્યાં સુધી હલકો ખોરાક લેવો, જેથી શરીર હલકું રહે.

૧૦. જટિલ રોગોમાં કે ભારે તાવમાં આસનો ન કરવાં. સ્ત્રીઓએ ગર્ભધારણના ચાર મહિના બાદ, પ્રસૂતિ પછી ત્રણ મહિના સુધી અને માસિક ધર્મ વખતે આસનો ન કરવાં. હાથના સ્નાયુઓ પર આખા શરીરનો ભાર ઉપાડવાનાં આસનો સ્ત્રીસાધકે બનતાં સુધી અભ્યાસ વગર કરવા નહિં.

૧૧. કોઇ પણ આસનની પ્રારંભિક સ્થિતિમાંથી અંતિમ સ્થિતિમાં અને અંતિમ સ્થિતિમાંથી પ્રારંભિક સ્થિતિમાં આવતી વખતે જરાય ઉતાવળ ન કરવી.

૧૨. યોગાસનો કર્યા પછી થોડા સમય માટે શવાસન કરવું. શવાસન એક સંપૂર્ણ આસન છે. તેનાથી શરીરનો થાક ઝડપથી ઊતરી જાય છે અને શરીરમાં શક્તિઓનો સંચાર થાય છે.

૧૩. આસનો કર્યા પછી થાક ન લાગે, શરીર હલકું રહે અને કાર્ય કરવાની શક્તિ વધતી રહે તો સમજવું કે યોગાસનો સારી અને લાભપ્રદ રીતે કરવામાં આવી રહ્યાં છે.

૧૪. યોગાભ્યાસ નિયમિત થાય તે આવશ્યક છે. બહુ અનિયમિત યોગાભ્યાસ નુકસાન પણ કરી શકે છે.

૧૫. પ્રારંભમાં મુશ્કેલ લાગતી યૌગિક ક્રિયાઓ ધૈર્યપૂર્વક અભ્યાસ કરવાથી સિદ્ધ કરી શકાય છે, એટલે સાધકે ધૈર્ય અને હિંમતપૂર્વક આગળ વધવું જોઇએ.

૧૬. આસનોની સંખ્યા અને તે માટેનો સમય ધીમે ધીમે વધારવાં જોઇએ. પહેલાં જ દિવસે વધુ આસનો કરી નાખવાનો આગ્રહ ન રાખવો.

૧૭. હરિફાઇના ભાવથી કે દેખાવ કરવા માટે યોગાસનો ન કરવાં એ રીતનું મનોવલણ યોગાસનોને ઉપકારક નથી.

૧૮. કોઇ કારણસર લાંબા સમય સુધી યોગાભ્યાસ બંધ રહ્યો હોય તો ફરી પ્રારંભ કરતી વખતે હળવી શરૂઆત કરવી અને ધીમે ધીમે અભ્યાસ વધારવો.

૧૯. યોગાભ્યાસમાં શ્રદ્ધા રાખવી અને યોગાભ્યાસ કરતી વખતે ચિત્ત શાંત હોય તે જરૂરી છે.

આ રીતે યોગાસન પદ્ધતિ સંપૂર્ણપણે ભારતીય તથા વૈજ્ઞાનિક પદ્ધતિ છે અને જો નિયમિત રીતે પદ્ધતિસર યોગાસનો કરવામાં આવે તો વ્યક્તિ લાંબા સમય સુધી નીરોગી રહી શકે છે. એટલું જ નહિ, પણ યોગાસનોનો નિરંતર કરાતો અભ્યાસ આધ્યાત્મિક શક્તિ જગાડે છે અને તે આત્મિક આનંદ, આત્મપ્રકાશ અને માનસિક શાન્તિ આપે છે.

(બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલની
સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
મો:૯૮૯૮૮૭૦૮૪૦)

॥ વિદ્યાવૃત્ત ॥

## ચારુતર વિદ્યામંડળ દ્વારા વલ્લભ વિદ્યાનગરના ૭૪મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી.

શિક્ષણ નગરી વલ્લભ વિદ્યાનગર ખાતે ૩ માર્ચ, ૨૦૧૯ને રવિવારના રોજ ચારુતર વિદ્યામંડળ દ્વારા વલ્લભ વિદ્યાનગરના ૭૪માં સ્થાપના દિન નિમિત્તે આદ્યસ્થાપકોની પ્રતિમાઓનું સવારે૮-૩૦ કલાકે મહાનુભાવો દ્વારા પુષ્પાંજલિ કર્યાબાદ ૯:૦૦ કલાકે ચારુતર વિદ્યામંડળ ખાતે બ્રહ્માજીની પ્રતિમા પાસે સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. અમ્રિતાબેન પટેલ, ચારુતર વિદ્યામંડળના પ્રમુખ, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ અને એલીકોનના સીએમડી શ્રી પ્રયાસ્વીનભાઇ પટેલ, ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિ. ભીખુભાઇ બી. પટેલ, ચારુતર આરોગ્ય મંડળના અધ્યક્ષશ્રી અતુલભાઇ પટેલ, ચારુતર વિદ્યામંડળના કુલપતિ ડૉ. ભાવેશભાઇ પટેલ, ચારુતર વિદ્યામંડળના ટ્રસ્ટીશ્રી હેમંતભાઇ પટેલ, નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સોનલબેન પટેલ, ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં રમા-મનુબાઇ દેસાઇ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાવૃંદ દ્વારા પ્રાર્થના તથા વલ્લભ વિદ્યાનગરી ગીત રજુ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન ડૉ.એસ.જી. પટેલે કર્યું હતું. મંચસ્થ મહાનુભાવો દ્વારા મંડળના ધ્વજનું આરોહણ કરાયું હતું. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઇ બી. પટેલ દ્વારા મંડળ તથા મંડળ સંચાલિત સંસ્થાઓના નિવૃત્ત થયેલ પ્રાધ્યાપકો તથા કર્મચારીઓને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ત્યારબાદ વિવિધ સંસ્થાઓના તેજસ્વી તારલાઓ, અધ્યાપકો અને આચાર્યશ્રીએ વર્ષ દરમ્યાન તેઓએ મેળવેલ સિદ્ધિઓ બદલ મંચસ્થ મહાનુભાવો દ્વારા ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. અમ્રિતાબેન પટેલે શૈક્ષણિક સંસ્થાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તથા મૂળભૂત સામાજિક પરંપરાઓ બાબતે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ભાર મુકવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓને નાગરિકતાનો પાઠ શીખવવાની જરૂર છે એના વગર શિક્ષણ અધુરું છે તેમ જણાવ્યું હતું તથા ગૌરવ ચિહ્ન મેળવનારને પણ અભિનંદન પાઠવ્યા હતા. સીવીએમના ચેરમેનશ્રી ભીખુભાઇ બી. પટેલે તમામ વિદ્યાનગરના વિકાસનો પ્રવાહ અવિરત વહેતો જ રહેશે તેમ જણાવ્યું હતું. ચારુતર વિદ્યામંડળમાં દિર્ઘકાળ સેવા બજાવી વયોચિત નિવૃત્ત તથા તમામ કર્મચારીઓનું નિવૃત્ત જીવન સુખમય અને આનંદદાયક દિર્ઘાયુ બને તેવી શુભેચ્છા પાઠવી હતી અને ગૌરવ ચિહ્ન મેળવનાર તમામને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં મંડળના માનદ સહમંત્રીશ્રીઓ, અન્ય હોદ્દેદારો, મંડળની ગવર્નિંગ તથા કાઉન્સિલ બોડીના સભ્યશ્રીઓ, આમંત્રિત મહેમાનો, શાળા-કોલેજોના આચાર્યમિત્રો, અધ્યાપકો, શિક્ષકો, કર્મચારીઓ, નગરજનો અને વિદ્યાર્થી ભાઇઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં સીવીએમના માનદ સહમંત્રીશ્રી રમેશ તલાટીએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જી.એન. ગઢવી અને ડૉ.આઇ.એન. ટંડેલે કર્યું હતું.

## એ.ડી.આઇ.ટી. ખાતે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

તા. ૪/૨/૨૦૧૭ થી ૯/૨/૨૦૧૯ દરમ્યાન જી.ટી.યુ. સ્પોન્સરડ અને આઇ.એસ.ટી.ઈ. એપ્રુવ્ડ એક વીક એફ.ડી.પી "રેસેન્ટ ટ્રેન્ડસ ઈન ઓટોમોબાઇલ એન્જિનિયરીંગ"વિષય પર એ. ડી. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ ટેક્નોલોજી (ADIT), કરમસદ ખાતે ઓટોમોબાઇલ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓટોમોબાઇલના વિવિધ વિષયો ઉપર આધુનિક જ્ઞાન નિષ્ણાતો દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૬ જુદી-જુદી કોલેજોના અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ એફ.ડી.પી. દરમ્યાન ટેકનિકલ સેશન્સ ખૂબ જ રસપ્રદ રહ્યા અને તેઓ નિષ્ણાત સ્પીકર્સ સાથે સક્રિયપણે સંપર્કમાં આવ્યાં. આ એફ.ડી.પી. દરમ્યાન આવરી લેવામાં આવેલા વિષયો અધ્યાપકોમાં નવું ઈનોવેશન કરવાની જિજ્ઞાસા પેદા કરશે. આ ઉપરાંત નિષ્ણાતો દ્વારા શેર કરેલી માહિતી, તેમના વ્યાવસાયિક કારકિર્દીમાં વિદ્યાર્થીઓ માટે મૂલ્યવાન અને ઉપયોગી થશે. ઓટોમોબાઇલ ડિપાર્ટમેન્ટ ના પ્રોફેસર આર. બાલાસુબ્રમનિયન, પ્રોફેસર નિકુંજ યાજ્ઞિક અને પ્રોફેસર સીમીત પ્રજાપતિ દ્વારા એફ.ડી.પી. નું આયોજન કરવામાં આવ્યું હતું.

## રાજ્યકક્ષાએ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ હેકાથોન ૨૦૧૯ નો પ્રારંભ

ગુજરાત નોલેજ સોસાયટી અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, રાજ્ય સરકાર ના સંયુક્ત ઉપક્રમે ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ હેકાથોન ૨૦૧૯ ના રિજિયોનલ રાઉન્ડનો પ્રારંભ ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે તા ૨૧/ ૦૨/૨૧૦૯ ના રોજ કરવામાં આવ્યો.ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ હેકાથોન ૨૦૧૯ ના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડૉ.ભાવેશ પટેલ (વાઇસ ચાન્સેલર ),શ્રી હર્ષદભાઈ મહેતા (પ્રેસિડેન્ટ વિઠ્ઠલ ઉદ્યોગનગર ઈન્ડસ્ટ્રી એસોસિએશન),શ્રી વિશાલ દોશી (નોડલ ઓફિસર ),શ્રી કિશોર મારડિયા (રાજ્ય સરકાર પ્રતિનિધિ),ડૉ ઈંદ્રજિત એન. પટેલ

(પ્રિન્સિપાલ ,બીવીએમ) ઈવેન્ટ કન્વીનર્સ ડૉ. ભાર્ગવ ગોરડિયા ડૉ. દર્શક ઠાકોરે, ડૉ. તન્મય પવાર, ડૉ. કેયુર બ્રહ્મભટ્ટ, ડૉ. એન.એમ પટેલ ,ડૉ. જે.એમ. રાઠોડ, શ્રીમતી રાઈના શુક્લા, દરેક વિભાગીય વડાઓ, નોડલ ઓફિસર ડૉ મુકેશ સિપ્પી, ઈવેન્ટ ઓર્ગેનાઈઝર્સ ડૉ આર.પી.મહેતા,ડૉ રાજવીરસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. આકાર રોઘેલિયા તથા વિદ્યાર્થીઓએ પ્રાર્થનાગીત રજૂ કર્યું હતું તથા ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં દીપપ્રાગટ્ય દ્વારા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન ૨૦૧૯ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ ઈંદ્રજિત એન પટેલે જણાવ્યું હતું કે ગુજરાત નોલેજ સોસાયટી અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી દ્વારા આયોજિત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન ૨૦૧૯ નો પ્રારંભ એ વિદ્યાર્થીઓ માટે એમના વિચારો તથા પ્રોજેક્ટ રજૂ કરવા માટેનું ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ છે ઉપરાંત ચારુતર વિદ્યામંડળ તેના સ્થાપનાકાળથી યુવાનોના ઘડતર તથા મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા સમાજ ના ઉત્થાન માટે હંમેશાં પ્રયત્નશીલ છે. સરદાર પટેલની પ્રેરણા , ભાઈકાકા તથા ભીખાભાઈનું માર્ગદર્શન અને ઘનશ્યામદાસ બિરલાના અનુદાન થી શરુ થયેલી આ બીવીએમ એન્જિનીયરીંગ કોલેજના ૨0000 થી વધુ એન્જિનીયર્સ ગ્લોબલી કાર્યરત છે. બીવીએમ ના વિઝન ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જિનીયર્સ વિથ કોર વેલ્યુને કેન્દ્રમાં રાખતા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન ૨૦૧૯ વિદ્યાર્થીઓ માટે ઈનોવેશન તથા એક્સેલેન્સ માટે તક પૂરી પાડશે.શ્રી વિશાલ દોશી એ ટાઈમ તથા એનર્જી યુટિલાઈઝશનનું મહત્ત્વ સમજાવ્યું હતું. શ્રી કિશોર મારાડીયા એ જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા આયોજિત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન ૨૦૧૯ માં ઈન્ડસ્ટ્રી દ્વારા આપવામાં આવેલા પ્રોબ્લેમ્સ ને પ્રથમ ફેઝ માં ૪૦૦ જેટલા એક્ષ્પર્ટસ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું છે શ્રી હર્ષદભાઈ મહેતા એ વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનો વ્યવસ્થિત ઉપયોગ દ્વારા પ્રોડક્ટ ડિઝાઈન પર ધ્યાન આપવા જણાવ્યું હતું. ડૉ ભાવેશ પટેલે પ્રથમ પેઢીના કોમ્પ્યુટર્સ પંચકાર્ડ સિસ્ટમ, પ્રોસેસર અપગ્રેડેશન વિષે રસપ્રદ માહિતી આપી. તથા વિદ્યાર્થીઓને knowing, doing, being દ્વારા life long learnig ને અનુસરવા જણાવ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે બીવીએમ એન્જિનીયરીંગ કોલેજ ખાતે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન ૨૦૧૯ માં ૮૬ ટીમ દ્વારા ૫૦૦ થી વધુ વિદ્યાર્થી દ્વારા હાથ ધરવામાં આવનાર ૩૬ કલાકના કોડિંગ ને ૪૦ થી વધુ તજજ્ઞો દ્વારા રિજિયોનલ રાઉન્ડમાં મૂલ્યાંકન કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડૉ કૌશિકા પટેલ તથા પ્રો રોબિન્સન પોલે કર્યું હતું અંતે ડૉ આર.પી.મહેતા એ આભાર વ્યક્ત કર્યો હતો.સ્માર્ટ ગુજરાત હેકાથોન ૨૦૧૮ માં બીવીએમ ના ઉત્કૃષ્ટ પ્રદર્શન ને અનુલક્ષી ને રાજ્ય સરકાર ધ્વારા આયોજિત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન ૨૦૧૯ માં બીવીએમ ને રિજિયોનલ સેન્ટર તરીકે પસંદગી પામવા બદલ ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ હેકાથોન ૨૦૧૯ ને સફળ બનાવવા માટે બીવીએમ એન્જિનીયરીગ કોલેજના દરેકે દરેક વિભાગીય વડાઓ કમિટી મેમ્બર્સ, તથા અન્ય કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.

**સેમકોમ કોલેજ ખાતે 'ડિસરેપટીવ ટેક્નોલોજીમાં વેન્ચર કેપીટલ'ની તકો વિષય પર વ્યાખ્યાન યોજાયું**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા 'ડિસરેપટીવ ટેકનોલોજી તથા વિવિધ રોકાણ વિકલ્પો' માટે માહીતગાર કરવા વ્યાખ્યાનનું આયોજન કર્યુ હતુ. મિસ નીન દેસાઈ સેમકોમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થિનીએ કોલેજના ભાવિ ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન પુરું પાડયું હતું. ડિસરેપટીવ ટેક્નોલોજીનો વિકાસ ભારતમાં પ્રાથમિક તબકકામાં છે તેની ધંધાકીય તકો માટે માહીતગાર કર્યા હતા. આ ક્ષેત્રમાં તેની વિપુલપ્રમાણમાં ધંધાકીય તકો પ્રવર્તમાન છે સંસ્થાના આચાર્યા ડૉ. વહિદા થોમસનો હંમેશાં પ્રયાસ રહયો છે કે વિદ્યાર્થીઓ તેમના અભિગમને સિમિત ન રાખે, ઈનોવેશન તરફ વધારે ધ્યાન આપે તે જરૂરી છે. આ વ્યાખ્યાનમાં ૬૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્યા ડૉ વહિદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર પ્રા. હિરલ પટેલ તથા ડૉ કોમલ મિસ્ત્રીના સહીયારા પ્રયાસથી આ પ્રોગ્રામ સફળ રહયો હતો.

**સી.ઝેડ. પટેલ કોલેજનો ૧૬ વાર્ષિકોત્સવ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.ઝેડ. પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ, ન્યુ વલ્લભ વિદ્યાનગર કોલેજના વાર્ષિક દિનની ઉજવણી પ્રસંગે પ્રમુખપદે ચારુતર વિદ્યાંડળના ચેરમેન એન્જી. શ્રી ભીખુભાઇ પટેલ, મુખ્ય અતિથી પ્રવાસન અને હોસ્પિટાલિટી ઉદ્યોગક્ષેત્રના કન્સલ્ટન્ટ શ્રી રાજન ભટ્ટ, અતિથી વિશેષ તરીકે સીવીએમના માનદ સહમંત્રીશ્રી મેહુલભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના કા.આચાર્ય ડૉ. નિકુંજ પટેલે વર્ષ દરમ્યાન કોલેજે કરેલ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. વિદ્યાર્થી પરિષદના વાઇસ પ્રેસીડેન્ટ ડૉ. નિશીથ દવેએ સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે શૈક્ષણિક તેમજ વિવિધ પ્રવૃત્તિઓમાં મેળવેલ વિશિષ્ટ સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સ્મૃતિ ભેટ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ હતા.



ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ રેટિંગ ફ્રેમવર્ક અંતર્ગત હાથ ધરાયેલ મૂલ્યાંકનમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ ૩.૩૧ ગ્રેડ પોઈન્ટ સાથે સમગ્ર રાજ્યમાં છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કરી ફોર સ્ટાર રેટિંગ મેળવતા સંસ્થાના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષી તથા કો-ઓર્ડિનેટર્સ ડૉ. અમિત બલ્લાણી તથા ડૉ. ઉર્વિશ છાયાને અભિનંદન પાઠવતા સીવીએમના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ સહમંત્રીશ્રી મેહુલભાઈ તથા વીપી અને આર.પી.ટી.પી. સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવેશ પટેલ દશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા યોજાયેલ નેશનલ સેમિનાર પ્રસંગે લેવાયેલ તસવીરમાં મંચસ્થ મુખ્ય મહેમાન તથા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિરીષ કુલકર્ણી, સમારંભના પ્રમુખ તથા સીવીએમના કુલપતિશ્રી ડૉ. ભાવેશ પટેલ અતિથિ વિશેષ તથા સીવીએમના માનદસહમંત્રીશ્રી મેહુલભાઈ ડી. પટેલ, સંસ્થાનાં આચાર્યાશ્રી, ડૉ. વહીદા થોમસ તથા કો-ઓર્ડિનેટરશ્રીઓ દશ્યમાન થાય છે.

V-Vidyanagar 21 (4) April 2019 Postal Regd. No. AND/318/2018-20
Published on Friday, 05.04.2019 RNI Regd. No. Guj/2009-11/5433
No. of Pages 36 Including Cover Posted at Vallabh Vidyanagar on
ISSN 0976 – 9609 V-Vidyanagar 5th of Every Month

# MAHAVIR SWAMI




**According to Digambara Jains, Mahavira was born in 540 BC; Svetambara texts state that he was born in 599 BC. His birthday falls on the thirteenth day of the rising moon in the month of Chaitra in the Vira Nirvana Samvat calendar era. It falls in March or April of the Gregorian calendar, and is celebrated by Jains as Mahavir Jayanti.**

Source: wikipedia

Type Setting ASF Computers • 80002 74250

Editor: Dr. Urvish Chhaya Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)